
કુમાર


આવતી કાલનાં નાગરિકોના ઘડતરનું માસિક સળંગ અંક ૩૯૫
સંસ્થાપક : રવિશંકર રાવળ • તંત્રી : બચુભાઈ રાવત • વર્ષ તેત્રીસમું • અંક અગિયારમો • નવેમ્બર ૧૯૫૬



બોધિસત્ત્વ : સંબોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પહેલાંની અવસ્થાની ભગવાન બુદ્ધની આ સોનેરસી ધાતુમૂર્તિ નેપાળ–તિબેટની અગિયારમી સદીની મૂર્તિકલાનો વિરલ-સુંદર નમૂનો છે. આભૂષણોને સ્થાને સાચાં માણેક, નીલમ, પોખરાજ અને પાનાં ધરાવતી સ્વસ્થાસને બેઠેલી એ મૂર્તિનો જમણો હાથ જ્ઞાનમુદ્રા અને લલાટમાંનું ત્રીજું નેત્ર (જે આ રેખાંકનમાં ઊતરી શક્યું નથી) આર્ષ દૃષ્ટિ દાખવે છે અને ચિંતનશીલ મુખ પરની મુદ્રા ભાવિ-સંબોધિની સૂચક છે.

ભારત અને એશિયામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર





ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

રામકૃષ્ણ કથામૃત'ના ત્રણ ભાગ તરીકે, અને છેલ્લા બે 'શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ પુસ્તક પહેલું ને બીજું' એ નામે અલગઅલગ આ પ્રકાશક સંસ્થા તરફથી બહાર પાડવામાં આવ્યા છે, જેમાંનું આ છેલ્લું પુસ્તક છે. અનુવાદક: સ્વ. શ્રી રત્નેશ્વર ભવાનીશંકર ભટ્ટ, પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય ભદ્ર પાસે, અમદાવાદ, અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨-૦-૦: **ગરબાવળી:** શ્રી ભોજરાજપરા ગરબી મંડળ તરફથી રચાએલા નવા જ ગરબાઓનો સંગ્રહ, સંગીતની સ્વરલિપિ સાથે, મેળવવા માટે શ્રી આર. પી. જોષી (ભોજરાજપરા, ગોંડલ)ને લખવું, ૦-૬-૦; **ગ્રથકાર ભીમાશંકર:** રાજસ્થાનના સમાજસેવક અને ગુજરાતી તથા હિંદી ભાષાના લેખક ને કવિ સ્વ. શ્રી ભીમાશંકર ભૂલારામ શર્માના જીવનકવનનો પરિચય, સંપાદક ને પ્રકાશક: શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ, સિરોહી (રાજસ્થાન), ૧-૮-૦; **કાવ્યમણિમાલા:** સ્વ. શ્રી ભીમાશંકર ભૂરાલાલ શર્માનાં કાવ્યો અને તેમનો સાહિત્યકાર તરીકેનો પરિચય, સંપાદક ને પ્રકાશક: ઉપર મુજબ, ૦-૧૨-૦.



'તેજછાયાના સ્વામી' લેખાતા મહાન કલાકાર રેમ્બ્રાં ઉપરનો ચિત્રયુક્ત સુંદર લેખ રસભર વાંચ્યો. એના કલાસંગ્રહમાં ઇટાલિયન, હિંદી તથા જપાની ચિત્રો હતાં એ સંબંધી ભારતીય કલાના વિખ્યાત વિવેચક પર્સી બ્રાઉન પોતાના 'ઇન્ડિયન પેઇન્ટિંગ્સ અન્ડર ધ મુઘલ્સ' નામના ગ્રંથના ઉપોદ્ઘાતમાં લખે છે કે રેમ્બ્રાં, એ સૌથી પહેલો યુરોપિયન કલાકાર હતો જેને મુઘલ કલાની નાના કદની તસ્વીરો-(મિનીઍચર્સ)નો પરિચય થવા પામેલો; એટલું જ નહિ પણ એમાંથી પ્રેરણા મેળવી પોતાની શૈલીએ એણે એની નકલો પણ બનાવી હતી. મોટેભાગે એ નકલો એણે સેપીઆ લાઈન ઍન્ડ વૉશથી જપાની કાગળ ઉપર ચીતરેલી.

ઈ. ૧૬૫૬માં રેમ્બ્રાં નાદાર થતાં એની મિલકતની યાદી લેવાઈ, ત્યારે એ યાદીમાં એક નોંધ આ પ્રમાણે હતી: 'A book full of curious miniature drawings.' આ કહી આપે છે કે રેમ્બ્રાં પાસે મુઘલ ચિત્રણાની સંખ્યાબંધ મૂળ નકલો હોવી જોઇએ.

મુઘલ તસ્વીરોની ત્રીસેક જેટલી એણે કરેલી એની પુનરુત્પત્તિઓનાં નામો જ સ્પષ્ટ કરી આપે છે કે એ મુઘલ તસ્વીરો જ હતી. દૃષ્ટાંત તરીકે 'The Emperor Timur Enthroned', 'Moghul Prince' (Emperor Akbar or Shah Jahan), 'The Future Emperor Jahangir', 'Young Woman Wearing a Long Veil' વગેરે. વિશેષતઃ એવું પણ જણાય છે કે રેમ્બ્રાંનું 'The Three Angels Visiting Abraham' નામક ધાતુર્ફાણ ચિત્ર (ઍચિંગ) એણે એક મુઘલ તસ્વીરથી પ્રોત્સાહિત થઈ પાડેલું.'

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

હું ઉત્તર પ્રદેશનો એક ઍન્જિનીઅર અહીં (અમેરિકામાં) ઉચ્ચ શિક્ષા માટે આવેલો છું. અમેરિકન રેડ ઇંડિયનોની ભાષામાં અનેક શબ્દો આપણા છે. પણ તેઓ પોતાના ભૂતકાળ ભૂલી ગયા છે. કોઇને આ ઇતિહાસની ખબર નથી. એક શબ્દ છે 'કાયક'. મેં સાંભળ્યું છે કે ગુજરાતમાં એક હોડીનું નામ પણ કાયક છે. આપ કૃપા કરી લખશો કે આ હોડી કેવી હોય છે અને એનો ઇતિહાસ શો છે.

(પૉર્ટલૅન્ડ-ઓરેગૉન) —મહેશ વાર્ષ્ણેય

ઑગસ્ટ અંકમાં પાના ૩૩૪ પર જે લખાણ છે તેના પર વિશેષ પ્રકાશ પાડતી "શુક્રવારે અમેરિકામાં બનેલા યાદગાર બનાવો"ની વિગતો 'દુનિયાની અજાયબીઓ' નામના શ્રી રતન બે. કકલ્યાના પુસ્તકમાંથી મોકલું છું:

(૧) ઈ. ૧૪૯૨ની ત્રીજી ઑગસ્ટ ને શુક્રવારે કોલમ્બસ પેલોસ બંદરેથી ભારત શોધવા નીકળ્યો હતો. (૨) એ જ સાલમાં બારમી ઑક્ટોબર ને શુક્રવારે તેને જમીનનાં દર્શન થયાં. (૩) આ શુભ સમાચાર સ્પેનના રાજાને કહેવા તે ચોથી જાન્યુઆરી ૧૪૯૩ ને શુક્રવારે અમેરિકાથી ઊપડયો. (૪) ૧૪૯૩ની તા. ૧૫ મી માર્ચ ને શુક્રવારે તે સ્પેન આવી પહોંચ્યો. અને (૫) ૧૪૯૪ની ૧૩મી જૂન ને શુક્રવારે તેણે શોધેલો ખંડ અમેરિકા હતો એમ જાહેર કરવામાં આવ્યું. (૬) તા. ૧૫મી માર્ચ ૧૪૯૭ ને શુક્રવારે ઇંગ્લંડના રાજા સાતમા હેનરીએ જૉન કબોતને મિશનના કામ પ્રસંગે તે તરફ મોકલ્યા અને તેણે ઉત્તર અમેરિકા શોધ્યો. (૭) ૧૫૬૫ની ૨૦મી નવેમ્બર ને શુક્રવારે મેલેન્ડેઝે અમેરિકાના પુરાણા શહેર સેન્ટ ઑગસ્ટીનના પાયા નાખ્યા. (૮) તા. ૧૦ નવેમ્બર ૧૬૨૦ ને શુક્રવારે 'મે ફ્લાવર' જહાજ મારફતે 'પિલ્ગ્રિમ ફાધર્સ' પ્રિન્સટાઉન ખાતે આવી પહોંચ્યા. (૯) ઈ. ૧૭૩૨ની ૨૨મી ફેબ્રુઆરી ને શુક્રવારે અમેરિકાના પહેલા પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ થયો. (૧૦) તા. ૨૫મી જાન્યુઆરી, ૧૭૭૧ ને શુક્રવારે મહાન યુદ્ધ બાહ સારાતોગા જિતાયું ને (૧૧) તા. ૨૩ સપ્ટેમ્બર ૧૭૮૦ ને શુક્રવારે આર્નોલ્ડનું કાવતરું પકડાયું.

(મુંબાઇ) —નવનીત સી. શાહ

હાલ 'કુમાર'માં વૈજ્ઞાનિક કલ્પનાકથા કેમ નથી આપતા? તે ચાલુ કરો તેમ ઇચ્છું છું. વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ વૈજ્ઞાનિક કલ્પનાકથા લખનાર લેખકને જેને આપ તથા શ્રી ન. મૂ. શાહ મળી શ્રેષ્ઠ નક્કી કરો તે લેખકને હું મારા તરફથી 'કુમાર' એક વર્ષ માટે ફ્રી આપવા ચાહું છું. લેખકને તેટલી રકમ રોકડી જોઈતી હોય તો પણ મને વાંધો નથી. આ બાબત આપ જાહેરમાં મૂકો તો 'કુમારના એક ગ્રાહક તરફથી' એ રીતે મૂકશો. મારું નામ આપશો નહિ.

ભાઈ બક્ષી 'કુમાર'ને પાને આવ્યા એથી ઘણો આનંદ થયો. એમની પેનથી કરેલાં (રેખાંકન ને કિંચિત્ ધાબાંવાળી) Landscapes-ની હારમાળા જોવા જેવી છે. Perspective Drawing પર ગજબનો હાથ છે. એમનો ક્યારેક વધારે મસાલો કઢાવજો. મારા રેખાંકનમાં (અંક ૩૯૩મો) એક નાની ક્ષતિ રહી ગઈ છે: વાદળ-સૂર્ય, ત્યાં સૂર્ય નહિ પણ ચંદ્ર.

(મુંબાઇ) —પ્રદ્યુમ્ન તન્ના

'કુમાર'ના એક અંકમાં કોઈ ભાઇએ 'WATCH' શબ્દના એક એક અક્ષર ઉપરથી જુદા જુદા શબ્દો આપેલા હતા. તેવા જ 'FRIEND' શબ્દના એક એક અક્ષર ઉપરથી અમારા એક શિક્ષકે જુદા જુદા શબ્દો આપેલા જે નીચે આપું છું: F=faithful; R=real; I=intimate; E=eager; N=noble; D=dear.

(ભાવનગર) —બિપિન ભટ્ટ



↑ 'મિરોકુ બોસાત્સુ' (તરુણ બુદ્ધ) બોધિસત્ત્વ 'માનવ આંગળાંએ સર્જેલી ઉમદામાં ઉમદા ચીજ' તરીકે પંકાએલી, કપૂર-કાષ્ઠમાંથી કોરેલી ૭મી સદીની ધ્યાની બુદ્ધની આ જપાની મૂર્તિના હોઠ પરના આછા મરકાટ, મોના લિસાના મરકાટ જેટ વિરલ કલાસિદ્ધિ ગણાય છે.

ડિસેમ્બર ૧૯૫૯

ર.	.	૨	૯	૧૬	૨૩	૩૦
સો.	.	૩	૧૦	૧૭	૨૪	૩૧
મં.	.	૪	૧૧	૧૮	૨૫	.
બુ.	.	૫	૧૨	૧૯	૨૬	.
ગુ.	.	૬	૧૩	૨૦	૨૭	.
શુ.	.	૭	૧૪	૨૧	૨૮	.
શ.	૧	૮	૧૫	૨૨	૨૯	.



ભારતની પરમસુંદર બુદ્ધમૂર્તિઓમાં આગળપડતી ગણાતી, સારનાથમાંથી મળી આવેલી પાંચમી સદીની આ પ્રતિમા રેતિયા પથ્થરમાં કંડારેલી હોવા છતાં તેના મુખ પરની પ્રશાન્તમધુર મુદ્રા તેમજ પાછળના આભામંડળની કોતરણીનું લાલિત્ય જાણે આરસમાં કોતરેલાં હોય એટલી મુલાયમતા દાખવે છે. હાલ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સંઘરાએલી આ પ્રતિમા ભારતનું એક મોઘું કલારત્ન છે.



ભગવાન બુદ્ધ : પ્રવચન-મુદ્રામાં

અજંતાના કલામંડપોની એક ભીંત પરનું ચિત્ર

બીજ

· ગાન ·

આછેરું મલકીને એકદમ આથમી ઓલાં નભની તે બીજ;
અધૂરો લીધો રે અમીનો ઘૂંટડો નવ ત્યાં નીરખાય ચીજ :
એવી એની રીત્યુ અમને ના ગમી.

સીમ રે વિનાની સૂની સાંજ આ, કણસે કાળવો અંધાર;
અહિ ત્યાં ટમટમે કણકણ તેજના, એ તો શૂન કૈં હજાર :
એકડા કારણ નયણાં રે' ભમી.

કને રે આવ્યું ને પોતાનું કહ્યું, અળગું ભવથી ય ભૂર;
ભેળાં રે થવાનું ભાયગ ના મળ્યું, પલકે પુરાએલ નૂર :
કાળજે ઝંખન જાગી કારમી.

રાજેન્દ્ર શાહ

વિરાટદર્શન

પીપળ આખી સ્થિર પડી, પણ
ફરકે એક જ પાન.
તાર એક પડદાનો ઝણુકે,
સારંગી સૂમસામ.

ઊર્મિ ભણવી આવી અધરી,
સ્હેલાં ચારે ધામ;
સ્હેલી પીપળ સર્વ વીંઝાતી,
સ્હેલું સારંગીનું ગાન.

ટોળું ઊમટે તો ય સ્થૂળ એ,
એકલતા એમાં એકાન્ત;
સાંબેલાં વાદળથી વરસે,
નળનું પાણી શાન્ત.

આખી પીપળ સ્થૂલ ખડી, ને
ગૌતમ બેઠા ધ્યાન ધરી;
એક મગજનો તંતુ ફરકચો,
એક જ પીપળપાન.
જોવે નાનું કૂંચી-કાણું
મઢવા ત્રિકાલજ્ઞાન.

કૃષ્ણલાલ શ્રીધરાણી

નાના સરીખા વંદને પણ
આ મમત્વની મુઠીઓ પૂરેપૂરી ખૂલ્યા વિના
બંને હથેળીઓ થતી
ભેળી કદી?

ગીતા પરીખ

આ અંક

દિવાળીની રજાઓ અને માંદગી જેવાં અનિવાર્ય કારણો તથા આ અંકમાંની ખાસ સામગ્રી મેળવવામાં થએલા વિલંબને લીધે એનું પ્રકાશન એક અઠવાડિયું મોડું થયું છે તે માટે ક્ષમા ચાહીએ છીએ. આશા છે કે આ વર્ષે બુદ્ધ-મહાપરિનિર્વાણને૨૫૦૦વર્ષપૂરાંથયાના નિમિત્તે ઊજવાતી બુદ્ધજયંતીના અનુસંધાનમાં ભારતમાં આ મહિને થતા ઉત્સવપ્રસંગને લક્ષમાં રાખીને આ અંકમાં આપેલી,ભગવાન બુદ્ધ તથા બૌદ્ધ ધર્મને લગતી વિવિધ અને વિશિષ્ટ સામગ્રીઓ ઢીલને ક્ષંતવ્ય ગણવા પૂરતી વાચકોને રોચક નીવડશે.

૪૦૦મો અંક

પાંચ માસ પછી આવતો અમારો ૪૦૦મો અંક દર વખતની માફક ખાસ અંક તરીકે કાઢવાનો અમે નિર્ણય કર્યો છે. એ તો દેખીતુ છે કે આવા ખર્ચાળ અંકની જરૂરપૂરતી નકલો જ અમે છાપી શકીશું. આથી, જેમનાં લવાજમ આ વર્ષ સાથે પૂરાં થાય છે તેઓ ડિસેમ્બર આખર સુધીમાં નવાં લવાજમ મોકલી આપી પોતાની નકલ ચોક્કસ કરી લે. જેમનાં લવાજમ વર્ષની અધવચ્ચે પૂરાં થાય છે તેઓ પણ ૧૯૫૭નું બાકીનું લવાજમ ડિસેમ્બર આખર સુધીમાં મોકલી આપે; નહિતર પાછળથી એ અંક પૂરો પાડવાને જવાબદાર અમે નહિ રહીએ.

આવા ખાસ અંકો અધવચ્ચેથી ગુમ થવાનો પણ ઘણાનો અનુભવ છે; અને આવો મોંઘો અંક ગુમ થયેથી તે ભરપાઈ કરી આપવાનું અમે માથે લઈ ન શકીએ તે સ્વાભાવિક છે: તેથી પોતાનો એ અંક જેઓ રજિસ્ટર્ડ ટપાલથી સલામત મેળવવા ઇચ્છતા હોય તેમને પોતાના લવાજમ સાથે આઠ આના વધુ મોકલવા વિનતિ છે. વધુ વિગતો માટે જુઓ પાછલે પૂઠે.



કરુણા, શાંતિ ને સત્યના અવતાર સમા ભગવાન ગૌતમ બુદ્ધના પરિનિર્વાણને અઢી હજાર વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે ગઈ વૈશાખી પૂનમે તા. ૨૪મી મેએ તેમની જયંતી વિશ્વસમસ્તે ઉત્સાહથી ઊજવી. ભગવાનની જન્મભૂમિ અને કર્મભૂમિ ભારત એ ઉત્સવનું કેન્દ્રસ્થાન રહ્યું હતું. ને તેના અનુસંધાનમાં આ માસમાં પણ પાટનગર નવી દિલ્હીમાં દુનિયાભરના બૌદ્ધધર્મી દેશોના પ્રતિનિધિઓનું એક સંમેલન યોજાનાર છે. બૌદ્ધ કલાનું જગતભરમાં પહેલું એવું એક મોટું પ્રદર્શન પણ ભારતે આ મહિને ભર્યું છે. 'કુમારે' પણ એ નિમિત્તે આ અંકમાં એ વિષયો કેન્દ્રસ્થાને રાખ્યા છે.



ભગવાન બુદ્ધે જે ઉપદેશ આપ્યો તેમાં વ્યક્તિજીવન તેમજ સમષ્ટિજીવન ઉભયને પરમ કલ્યાણ ને પરમ શાંતિ બક્ષનારાં સત્ય ને કરુણાનાં તત્ત્વો સંમિશ્રિત હતાં. પોતાને લાધેલો પરમ માર્ગ એમણે બ્રાહ્મણ-શૂદ્ર સૌને માટે સમાનપણે ખુલ્લો રાખ્યો, સર્વને એ માર્ગ પર જવા માટે સમાન અધિકારી ઠરાવ્યા, અને સૌ તેને સરળપણે આચરી શકે એટલા માટે લોકોની જ ભાષામાં, સહુ સમજી શકે એવા સાદા શબ્દો દ્વારા તેને પ્રબોધ્યો. આમ, તેઓ લોકમય બની લોક આદર્શ બની રહ્યા. અને એટલે જ જીવન-તત્ત્વજ્ઞાન ઉપરાંત સંસ્કૃતિ, કલા અને સાહિત્યને ક્ષેત્રે બૌદ્ધ દર્શને ચિરંજીવ પ્રાણ પૂરેલો આપણે જોઈએ છીએ.


બૌદ્ધ અને હિંદુ ધર્મ વચ્ચે કોઈ વિરોધ છે જ નહિ. હિંદુ ધર્મના સિદ્ધાંતોને લાગેલી કાળની રજ ઉડાડવાનું કામ ભગવાન બુદ્ધે કર્યું. એમણે પોતે પણ પોતાની જાતને ધર્મસ્થાપક નહિ પણ ધર્મસુધારક તરીકે વર્ણવી છે. હિંદુ ધર્મે બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાંતોને પોતાનામાં સમાવી લીધા, વિષ્ણુના દસ અવતારમાં નવમો અવતાર ભગવાન બુદ્ધને ગણ્યા.



આજથી અઢી હજાર વર્ષ પૂર્વે યુદ્ધો ખેલાતાં તે પ્રાંત-પ્રાંત, રાજ્ય-રાજ્ય કે બહુબહુ તો દેશ-દેશ વચ્ચે, અને એનો નાશ એક મનુષ્યનાં બે બાવડાંની શક્તિ જેટલો સીમિત રહેતો. પરંતુ સમયનાં વહેણ સાથે એ નાશ પણ વધતો ચાલીને આજે 'વિશ્વયુદ્ધ'ને પરિણામરૂપે રાક્ષસી, આણ્વી આદિ શક્તિઓને સહારે 'સર્વનાશ'ને જ સ્વરૂપે સહુની સમક્ષ આવીને ઊભો છે. વિશ્વના વિષ-ઉતાર માટેની જડીબુટ્ટી 'પંચશીલ'ના એ આદ્ય પ્રણેતાના અનુશાસન-ની વિશ્વને આજે જેટલી જરૂર છે એટલી જગતના ઇતિહાસમાં ક્યારે ય ન હતી.

નેપાળનાં શાક્ય ગણરાજ્યો પૈકીના એક ગણરાજ્યના રાજા શુદ્ધોદનની રાણી માયાવતીને આષાઢી પૂર્ણિમાએ સ્વપ્ન આવ્યું કે ચાર મહારાજાઓ તેમને પલંગ સાથે ઉપાડી મનશીલના ઉચ્ચ પ્રદેશ પર લઈ જઇ દૂર સરી જાય છે. પછી તે મહારાજાઓની રાણીઓ આવી, તેમનું માથું પૂર્વ ભણી રાખી તેમને દિવ્ય પલંગ પર સુવાડે છે, ત્યાં તો સૂંઢમાં શ્વેત કમળ ધારણ કરેલો શ્વેત હાથી પ્રવેશે છે અને રાણીની શય્યા ફરતા ચાર આંટા ફરી તેમના ઉદરમાં પ્રવેશે છે.

પ્રૌઢ વયે પહોંચેલા અને સમૃદ્ધિસંપન્ન છતાં નિઃસંતાન શાક્ય રાજા શુદ્ધોદનના મહેલમાં સંતાન-પ્રાપ્તિના આ દિવ્ય સંકેતે આનંદનું અપૂર્વ વાતાવરણ ફેલાવી દીધું. પ્રસવ માટે રાણી માયાવતી રાજધાની કપિલવસ્તુથી પોતાને મોસાળ દેવહદ જતાં હતાં, ત્યાં માર્ગમાં અસહ્ય પ્રસવવેદના ઊપડતાં અધવચ્ચે લુંબિની ઉપવનમાં તેઓ રોકાયાં; જ્યાં પહોંચતાં, આરામ કરવા જમીન પર સૂતાં પહેલાં ઊભાંઊભાં જ શાલવૃક્ષ નીચે તેમણે પુત્રને (ઈ. પૂ. ૫૬૩માં) જન્મ આપ્યો. આ જન્મોત્સવને નિખિલ પ્રકૃતિએ ઊજવ્યો : મંદ શીત સમીર વહેવા માંડયા અને અખિલ વિશ્વમાં દેદીપ્યમાન પ્રકાશ ફેલાઈ રહ્યો. માતાપિતાની સંતાન-પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા સિદ્ધ થવાથી બાળકનું નામ સિદ્ધાર્થ રાખવામાં આવ્યું. માતાના ગોતમ વંશ પરથી તે 'ગૌતમ' નામથી પણ ઓળખાતા; અને બોધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે 'ગૌતમ



લુંબિની વનમાં બુદ્ધજન્મ



←આ અને આ પછીનાં પાંચ પાનાંઓના છેડા પર આવતાં બુદ્ધજીવનનાં છ ચિત્રો વિખ્યાત

ભગવાન બુદ્ધ



મુનિ' અને પિતાના શાકચ વંશ પરથી 'શાકચ મુનિ'ને નામે પણ પ્રસિદ્ધ થએલા.

સિદ્ધાર્થ પાંચ દિવસના થયા ત્યારે રાજા શુદ્ધોદને આઠ બ્રાહ્મણ જ્યોતિષીઓને તેમનું ભવિષ્ય જોવા બોલાવ્યા. જ્યોતિષીઓએ જણાવ્યું કે કાં તો આ બાળક વિશ્વભરનો ચક્રવર્તી રાજા થશે, કાં તો તે મહાન ધર્મસમ્રાટ બનશે. સિદ્ધાર્થના જન્મને સાતમે દિવસે માતા માયાદેવીનું અવસાન થયું. હવે સિદ્ધાર્થ તેમની પ્રેમાળ અપર મા અને સગી માસી મહાપ્રજાપતિના હાથમાં ઊછરવા લાગ્યા. પાંચ વર્ષની ઉમરે તેમને ખાસ શાકચ વંશના કુમારો માટે શાળા ચલાવતા એક પ્રખર બ્રાહ્મણ પંડિતના હાથ નીચે ભણવા મૂકવામાં આવ્યા, જ્યાં તેઓ પોતાની તીવ્ર બુદ્ધિશક્તિને કારણે ગુરુ ને વડીલો સૌના અત્યંત લાડીલા બની ગએલા. તેમના મુખ્ય મિત્રો હતા તેમનો સાવકો ભાઈ નંદ, તેમના મામાનો પુત્ર દેવદત્ત અને ઉદયિન્ નામનો એક યુવાન બ્રાહ્મણ. તેમાંથી ઈર્ષ્યાળુ દેવદત્તે ગૌતમના માર્ગમાં આડખીલીઓ ઊભી કરવાનો આજીવન ઉદ્યમ કરેલો; જ્યારે તેનો જ ભાઈ આનંદ ગૌતમના પાછલા જીવનમાં પચ્ચીસ વર્ષ સુધી તેમનો પ્રિય શિષ્ય અને વિશ્વાસુ અંતેવાસી બની રહેલો.



ગૌતમને માટે આનંદપ્રમોદનાં સાધનોનો પાર નહોતો. રખેને પુત્રને વૈરાગ્ય ઉત્પન્ન થાય અને તે ધર્મસમ્રાટ બનવાની જ્યોતિષીઓની આગાહી સાચી પડે એ બીકે, અપ્રિય કે અરુચિકર કોઇ વસ્તુ સિદ્ધાર્થના જોવામાં ન આવે તેની ખાસ તકેદારી રાજા શુદ્ધોદન રાખતા. પાણી માગતાં દૂધ મેળવતા સિદ્ધાર્થને માટે ત્રણ ઋતુઓના ત્રણ સુંદર મહેલો તેમણે બંધાવી આપ્યા હતા. પરંતુ આટઆટલા એશઆરામમાં યે તેમનું ચિત્ત ચોક્કસ, એકાગ્ર અને પ્રાપ્ત વસ્તુઓનું બારીકાઈથી નિરીક્ષણ કરનારું તથા ભોગોની નશ્વરતાના વિચારે ઉદાસીન રહ્યા કરતું.



સિદ્ધાર્થ જ્યારે સોળ વર્ષના થયા ત્યારે માયાવતીના ભાઈ રાજા સુપ્રબુદ્ધની સ્વરૂપવતી અને ગુણસંપન્ન કન્યા યશોધરા (જે દેવદત્તની સગી બહેન થતી હતી) સાથે તેમનો વિવાહ કરવાનું રાજા શુદ્ધોદને નક્કી કર્યું. સુશીલ ને રૂપવતી પત્ની સાથે લગ્ન થતાં સંસારમાં રસ જણાવા લાગવાની સાથે પુત્રના મનની ઉદાસીનતા ઊડી જશે તેવી પણ પિતાની ધારણા હતી. ત્યારની પ્રણાલી અનુસાર કોઇ પણ શાકચ કુમાર બાણવિદ્યાની પરીક્ષામાં સફળ થયા પછી જ લગ્ન માટે યોગ્ય લેખાતો. આથી, સિદ્ધાર્થને હરાવી યશોધરા સાથે લગ્ન કરવા માટે આજુબાજુનાં રાજ્યોમાંથી બીજા અનેક રાજકુમારો પોતાનું બાણવિદ્યાનું કૌશલ બતાવવા ત્યાં હાજર રહેલા. પરંતુ સિદ્ધાર્થે તે સહુને હરાવ્યા, અને પિતાના તથા પ્રજાના ઊભરાતા આનંદ વચ્ચે યશોધરા સાથે ધામધૂમથી તેમનાં લગ્ન થયાં.

કથા છે કે રથમાં બેસી નગર નિહાળવા નીકળેલા કુમાર સિદ્ધાર્થે રસ્તામાં દુઃખિત વૃદ્ધ જોયો, અને તેનું કારણ પૂછતાં જાણવા મળ્યું કે માણસમાત્રની એવી દુઃખી અવસ્થા થવાની જ. ત્યાર પછી એક દિવસે તેમણે એક પીડાગ્રહસ્ત રોગી જોયો અને તેને વિષે પણ એવો જ ઉત્તર મળ્યો. તે પછીને કોઈ દિવસે રસ્તે મુડદું સામું મળ્યું, અને પ્રત્યેક માનવીનો આવો જ અંત આવવાનો એમ એમને જાણવા મળ્યું. દુઃખનું નામ નહિ સાંભળનાર કુમારના મન પર આ દશ્યોમાંનાં કરપીણ દુઃખોએ ઘેરી અસર પાડી. તે પછી તેમણે એક સંન્યાસીને જોયો, અને એ દુઃખોનો ઉપાય સંન્યાસીની પેઠે સંસારમાંથી વિરક્ત થવામાં જ એમને શક્ય લાગ્યો.





મહાભિનિષ્ક્રમણ

કલાગુરુ નંદલાલ વસુનાં આલેખેલાં છે, અને 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના સૌજન્યથી ઉતાર્યાં છે→




ધર્મોપદેશ આપતી બુદ્ધમૂર્તિની પ્રવચનમુદ્રા

એ ધર્મોપદેશને બુદ્ધે 'ધર્મચક્રપ્રવર્તન' કહ્યું અને કલામાં તેનું પ્રતીક રૂપ સર્જાયું તે



ધર્મચક્ર

બુદ્ધ અને સુજાતા



લગ્ન બાદ તેરમે માસે યશોધરાએ એક પુત્રને જન્મ આપ્યો. પણ પુત્રજન્મના આનંદને બદલે હવે સાંસારિક સુખની અનિત્યતાની ઊંડી છાયા સિદ્ધાર્થના મન પર પડવા માંડી; અને પુત્રપ્રાપ્તિનો અર્થ તો સાંસારિક બંધનની એક વધુ આપત્તિકારક સબળ કડીથી જકડાવું એવો તેમને લાગવા માંડ્યો. આથી તેમણે પુત્રનું નામ 'રાહુલ' પાડ્યું.

આમ તેમના મનમાં સંસારના નશ્વર ઉપભોગો અને શાશ્વત આત્મસુખ વચ્ચે સંઘર્ષ જાગ્યો હતો, જેમાં સ્વાભાવિકપણે જ આત્મસુખનો વિજય થયો. પૌત્રજન્મની ખુશાલીમાં રાજા શુદ્ધોદને પોતાને મહેલે ભવ્ય ભોજન-સમારંભ અને નૃત્ય-વાદન યોજેલાં. પરંતુ ૨૮ વર્ષના કુમાર સિદ્ધાર્થ આ પ્રકારના આનંદપ્રમોદોથી કંટાળી ગયા હતા. તે દિવસે રાત્રે તેમને સાંસારિક સુખ-દુઃખોની અનિત્યતાને વિચારે કેમે કરી નિદ્રા આવી નહિ. સંસારનાં ભીષણ દુઃખોથી રિબાતા મનુષ્યોને જોઈ તેમનું અંતર વલોવાઇ જતું હતું. બીજી બાજુ રાજ્યલોભને કારણે પરસ્પર દ્વેષ-હિંસાથી ત્યારના પ્રજાશાસકો પરસ્પરમાં વિષમય વાતાવરણ ફેલાવતા હતા અને યુદ્ધતત્પર થઇ જતા હતા એથી પણ તેમનું અંતર ખિન્ન થઇ ઊઠ્યું હતું.

તેઓ ઊઠ્યા. પુષ્પશય્યા પર સૂતેલી પ્રાણપ્રિયા યશોધરા અને પુત્ર તરફ છેલ્લી દૃષ્ટિ ફેંકી, અને સંસારસુખ તથા રાજ્યવૈભવનો ત્યાગ કરી, રાતોરાત પોતાના અશ્વ કંથક પર સવાર થઇને સારથિ છન્ન સાથે મહેલ બહાર નીકળી ગયા-વિશ્વનો વિષ ઉતાર કરનાર જડીબુટ્ટીની ખોજ કાજે એમણે 'મહાભિનિષ્ક્રમણ' કર્યું.

જ્યારે તેઓ ગીચ વનમાં પહોંચ્યા ત્યારે અનેક પ્રકારના સુખોપભોગની લાલચો આ-પીને તેમને આ કલ્યાણકારી નિશ્ચયમાંથી ચળાવવાનો 'મારે' પ્રયત્ન કર્યો (એટલે કે તેમનું મન ઘડીભર દ્વિધામાં પડી ગયું) પણ તે નિષ્ફળ ગયો. અનમા નદીને કિનારે આવીને તેઓ અશ્વ પરથી ઊતર્યા, પોતાના બહુમૂલ્ય રાજવી વસ્ત્રાભૂષણોનો ત્યાગ કર્યો, રેશમ સમા સુંવાળા સુંદર કેશ પણ ઉતારી નાખ્યા અને સંન્યાસીનો ભગવો વેશ ધારણ કર્યો. છન્નને તેમણે પોતાનાં વસ્ત્ર અને અશ્વ પાછાં આપી રાજાને પોતાના આ નિષ્ક્રમણની જાણ કરવા કહ્યું. ત્યારથી તેઓ 'શ્રમણ ગૌતમ' કહેવાયા.

પ્રથમ તેમણે કાલામ અને ઉદ્રક નામના યોગીઓ પાસે યોગવિદ્યાની અનુક્રમે સાત અને આઠ ભૂમિકાઓ સિદ્ધ કરી. પરન્તુ માણસમાત્રના દુઃખનું નિવારણ કરે એવા માર્ગની, પોતે મેળવવા ચાહેલા એક વ્યાપક ને પરમ સત્યની, પ્રાપ્તિ તો હજુ થતી નથી એમ તેમને નિશદિન ખટક્યા જ કરતું હતું. અંતે એ અસંતોષથી પ્રેરાઇને તેમણે પોતાની શોધ જાતે જ આગળ ચલાવવા નિરધાર કર્યો, ને યોગી-સંન્યાસીઓનો સાથ છોડી એકલા નીકળી ગયા.

ફરતાંફરતાં તેઓ ઉરુવેલાના રમણીય પ્રદેશમાં આવી પહોંચ્યા. અહીં તેમણે એક ઘટાદાર વૃક્ષ નીચે આશ્રય લીધો અને તપશ્ચર્યા આદરી. અહીં પણ 'મારે' તેમનો પીછો છોડ્યો નહિ. પરન્તુ તેમણે તેને સતત હાર આપ્યા કરી. એક તેજસ્વી તપસ્વી તરીકે તેમની ખ્યાતિ દૂર સુધી ફેલાએલી, અને લોકો તેમનાં દર્શન કરવા ટોળે વળતાં. એ વેળાએ પડોશના જ પ્રાંતોમાં રહેતા પાંચ વિખ્યાત બ્રાહ્મણ તપસ્વીઓ (જેમાંના ત્રણનાં નામ કૌંડિન્ય, વપ્ર અને અશ્વજિત જાણવા મળે છે—જે પાંચેમાં કૌંડિન્ય સૌથી વધુ વિદ્યાકુશળ હતો, તે) પણ ગૌતમની કીર્તિગાથા સાંભળીને તેમનાં દર્શને આવ્યા, અને તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વથી પ્રભાવિત થઇને તેમને પોતાના માર્ગદર્શક નેતા તરીકે સ્વીકાર્યા. અહીં ગૌતમે કરેલી ઉગ્ર-તમ ઉપવાસાદિક તપશ્ચર્યાનો ખયાલ તેમના પોતાના આ શબ્દો પરથી આવી શકશે: 'હું દિવસોના દિવસો સુધી એક આસને લાકડાની જેમ ઊભો રહેતો; આખા દિવસમાં એક જ વાર મગનો એક જ દાણો લઇને રહેતો; અઘોરીઓ કરે છે તેમ મારો પોતાનો જ પેશાબ



ધર્મચક્રનાં પછી અનેક કલારૂપ સર્જાયાં, જેમાં નિશ્ચલ નિર્વાણદશા દાખવતું વજ્ર પણ ઉમેરાયું

પીતો. મારું માથું સુકાએલી તુંબડી જેવું થઈ ગયું. મારી આંખો ઊંડા કૂવા જેવી થઈ ગઈ. મારી પાંસળીઓ ગણી શકાતી ને મારા પેટમાં હાથ નાખીએ તો કરોડ પાસે જાય તેમ હતું.' એક ડગલું ભરતાં પણ પડી જવાય એટલી હદે તેમનું શરીર અશક્ત બની ગયું હતું.

આવું ઘોર તપ તપતા હતા છતાં તેમને જગત્કલ્યાણનો માર્ગ મળતો ન હતો. એવામાં, કહે છે કે, વસંત ઋતુના ઉત્સવમાં ગાયનવાદન કરવા જતી એક મંડળી ત્યાંથી નીકળી. તેમાં-ની કન્યાઓ ગાતી હતી: 'હે વાદક, તું વીણાના તાર બહુ તંગ રાખીશ તો તેની સાથે મારો સ્વર ચાલશે નહિ અને તાર તૂટી જશે; અને બહુ નીચા સ્વરે વગાડીશ તો મારાથી તારી સાથે ગવાશે નહિ. માટે તું મધ્યમ સ્વર રાખ. તો મારો કંઠ ખીલી ઊઠશે.' સાત સાત વર્ષ સુધી, માનવ ક્ષમતાની સીમા સુધી પહોંચે તેવું આકરું તપ તપ્યા છતાં પરમ સત્ય તો હજુ વેગળુ જ રહ્યું હતું. એવામાં પેલી ગાનારીના આ શબ્દોથી તેમના અંતરમાં એકાએક સૂઝ ઝબકી આવી. જેમ આત્યંતિક ભોગવિલાસનો ઢીલો માર્ગ નિરર્થક છે, તેમ ઘોર તપસ્યાનો આત્યંતિક માર્ગ પણ યથાર્થ નથી. આથી કોઈ બીજો માર્ગ હોય તો તે મેળવવા ફરી વાર તે ધ્યાનસ્થ થયા અને અંતે તેમને 'મધ્યમ પ્રતિપદા'નો માર્ગ લાધ્યો.

તેમણે જોયું કે હાથથી કોઈ પણ કામ કરવા માટે હાથમાં શક્તિ તો હોવી જરૂરી છે. આથી તેમણે અતિતપનો માર્ગ છોડી દીધો અને યોગ્ય, મિત પ્રમાણમાં ખોરાક લેવા માંડ્યો. આમ તેમની તપશ્ચર્યા ઘટતી જોઈ નજીકના પ્રદેશથી આવેલા પેલા પાંચ અનુયાયીઓ તેમને છોડી ગયા, અને તેમને માનદૃષ્ટિથી જોનાર બીજા લોકો પણ હવે ઉપેક્ષાદૃષ્ટિથી જોવા માંડ્યા. પરન્તુ તેમણે તો એ ઉગ્ર લોકાપવાદની વચ્ચે પણ પોતાની પરમ સત્યની શોધ જારી રાખી.

શરીરમાં શક્તિ આવતાં તેમણે સત્યની શોધ માટે ભ્રમણ શરૂ કર્યું. ફરતાં ફરતાં તેઓ નિરંજના નદીને કિનારે આવી પહોંચ્યા, જ્યાં એક માયાળુ ગ્રામીણ યુવતી સુજાતાએ વન-દેવતાની માનેલી પુત્રજન્મની માનતા ફળવાથી, તેણે વનદેવતાને સ્થાને વૃક્ષ હેઠળ બેઠેલા ધ્યાનમગ્ન ગૌતમને જ સાક્ષાત દેવસ્વરૂપ ધારીને પોતે દેવતાને ધરવા તૈયાર કરેલી ખીર તેમને ધરી. પછી તેને સમજાયું કે પોતે જેમને ખીર ધરી તે દેવતા નહિ, પણ એક તપસ્વી સંન્યાસી હતા. છતાં એક તપસ્વી સંન્યાસીના આશીર્વાદ મેળવીને પોતાને બડભાગી માનતી સુજાતાનો હર્ષ માતો ન હતો.

એ પછી તેઓ ગયાની પાસે આવેલા વનમાં પીપળાના એક વૃક્ષ નીચે સત્યની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નહિ ઊઠવાના નિશ્ચય સાથે આસન વાળીને બેઠા. અહીં મારે તેમને ચળા-વવા માટે પોતાથી બનતા સઘળા પ્રયત્નો કરી જોયા, પણ જ્યારે કોઈ પણ પ્રકારે ગૌતમ ડગ્યા જ નહિ, ત્યારે તેમને ધ્યાનમગ્ન છોડીને તેણે પોતાનો રસ્તો પકડ્યો. હવે ગૌતમના મનમાંથી ક્ષુલ્લક શંકા-આશંકાઓ અને અનિશ્ચિતતાઓ એક પછી એક અદૃશ્ય થવા માંડી. આખરે, વૈશાખી પૂર્ણિમાએ સત્ય તેના શુદ્ધતમ સ્વરૂપે તેમના અંતરમાં પ્રકાશી ઊઠ્યું ને સિદ્ધાર્થ ગૌતમ 'સંબુદ્ધ' બન્યા. આમ 'બુદ્ધ'-જયંતી વૈશાખી પૂર્ણિમાએ ગણાય છે. પીપળાના જે વૃક્ષ નીચે તેમણે આ બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યું તે ત્યારથી 'બોધિવૃક્ષ'ને નામે ઓળખાવા લાગ્યું.

સંબોધિજ્ઞાનના આ પરમ આનન્દની સંતૃપ્તિ અનુભવતા ભગવાન બુદ્ધ સાત અઠવાડિયાં સુધી બોધિવૃક્ષ નીચે ધ્યાનમગ્ન રહ્યા. સાતમા અઠવાડિયાને અંતે ત્યાંથી બે વેપારીઓ પસાર થયા, અને કોઇ અગમ્ય પ્રેરણાથી પ્રેરાઈ તેઓ બુદ્ધ પાસે ગયા અને તેમને ભોજન ધર્યું. સંબોધિજ્ઞાનની પ્રાપ્તિ પછી તેમનું આ પહેલું ભોજન હતું. વિદાય લેતાં પહેલાં વેપારીઓ-એ તેમની પાસે સ્મૃતિચિહ્ન માગતાં તેમણે પોતાના થોડા વાળ આપ્યાનું કહેવાય છે. આ વાળ પૈકી થોડા સોનાના સંપુટમાં જાળવી રાખીને તેઓ લંકા લઈ ગયા એમ કહેવાય છે.





પાછળથી એ ધર્મચક્ર ભગવાનનું પ્રતિનિધિ ગણાઈને પૂજાસ્થાન પામ્યું (નીચે).






બુદ્ધ અને આમ્રપાલી







કમળ અને કમળપત્ર ઉપર સ્થિત ધર્મચક્રનું જાપાની સ્વરૂપ 'રિમ્બો'; તુનહ્વાંગ ગુફાનું ધર્મચક્ર

રંગૂનના શ્વે ડૅગન નામના પૅગોડા(બુદ્ધમંદિર)માં તેમાંના કેટલાક વાળ જાળવી રાખવામાં આવ્યા છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે.

ત્યાંથી ભગવાન બુદ્ધ ફરતાફરતા કાશી આવી પહોંચ્યા અને પોતાને મળેલા આ પરમ જ્ઞાનનો સૌપહેલો ઉપદેશ કાશી પાસેના સારનાથના મૃગદાવના વનમાં વસતા પોતાના પેલા પાંચ શિષ્યોને આપ્યો. આ ઉપદેશમાં તેમણે સામાન્ય જને પાળવાનાં ચાર સત્યો અને આઠ માર્ગ પ્રબોધ્યા, અને તે જનસામાન્યમાં ફેલાવવા—ધર્મચક્ર ચાલુ કરવા-શિષ્યોને આજ્ઞા કરી. આમ એમનું ઐતિહાસિક ને અપૂર્વ 'ધર્મચક્રપ્રવર્તન' શરૂ થયું. પોતાને મળેલા સત્યદર્શનનો બોધ આપવાના ધર્મકાર્ય પાછળ હવે તેમણે પોતાનું સમસ્ત જીવન સમર્પિત કર્યું. તેમનું શિષ્યવર્તુળ ધીરેધીરે વિશાળ બનતું જતું હતું. બુદ્ધે આહાર લેવો શરૂ કર્યો જોઈ તેમનો ત્યાગ કરી જનાર અને તેમને મુખેથી પ્રથમ ધર્મપરિચય મેળવનાર પાંચ બ્રાહ્મણ સંન્યાસીઓ તે એમના પ્રથમ શિષ્યો. પોતાના ઉપદેશનો યથાર્થ પ્રચાર કરવા માટે ૬૦ શિષ્યોને તેમણે ચૂંટેલા. મગધના રાજા બિંબિસાર, એમના પિતા શુદ્ધોદન, કોસલના રાજા પસેનદિ તથા અનાથપિંડક વગેરે ધનાઢ્ય ગૃહસ્થોએ પણ એમનો ધર્મ સ્વીકાર્યો.

ભગવાન બુદ્ધે જે ચાર આર્ય સત્યો પ્રબોધ્યાં તે આ : દુ:ખનું સત્ય, દુ:ખના કારણનું સત્ય, દુ:ખના અંતનું સત્ય, અને દુ:ખનો અંત આણનાર માર્ગનું સત્ય. દુ:ખ એ બૌદ્ધ ધર્મનું આરંભબિન્દુ છે. ભગવાન બુદ્ધે કહ્યું છે : 'ભિક્ષુઓ, દુ:ખનું આ આર્ય સત્ય છે. જન્મ એ દુ:ખ છે, વૃદ્ધાવસ્થા એ દુ:ખ છે, વ્યાધિ એ દુ:ખ છે, અપ્રિયનો સંયોગ એ દુ:ખ છે, પ્રિયનો વિયોગ એ દુ:ખ છે, અને ઇચ્છિત વસ્તુ ન મળે એ પણ દુ:ખ છે.'

આ ચારમાંનું ચોથું સત્ય (દુ:ખનો અંત આણનાર સત્ય) તે પ્રધાન સત્ય છે, અને તે 'આર્ય અષ્ટાંગ માર્ગ' પર પ્રકાશ ફેંકે છે. આ 'અષ્ટાંગ માર્ગ' તે (૧) સમ્યક્ જ્ઞાન (ચાર આર્ય-સત્યોને સારી પેઠે વિચાર કરી જાણવાં તે), (૨) સમ્યક્ સંકલ્પ (શુભ કર્મો કરવાનો જ નિશ્ચય), (૩) સમ્ક્ વાચા (સત્ય, પ્રિય અને હિતકર વાણી), (૪) સમ્યક્ કર્મ (સત્કર્મોમાં જ પ્રવૃત્તિ), (૫) સમ્યક્ આજીવ (પ્રામાણિકપણે જ આજીવિકા પ્રાપ્ત કરવા માટેનો ઉદ્યમ), (૬) સમ્યક્ પ્રયત્ન (કુશળ પુરુષાર્થ), (૭) સમ્યક્ સ્મૃતિ (હું શું કરું છું, શું બોલું છું, શું વિચારું છું એનું નિરંતર ભાન) અને (૮) સમ્યક્ સમાધિ (પોતાના કર્મમાં એકાગ્રતા, પોતાના નિશ્ચયમાં એકાગ્રતા, પોતાના પુરુષાર્થમાં એકાગ્રતા, પોતાની ભાવનામાં એકાગ્રતા). ભગવાન બુદ્ધના ઉપદેશસમસ્તમાં આ ચોથા સત્યનું મહત્ત્વ ઘણું છે, કારણ કે તે સંબોધિજ્ઞાનના માર્ગમાં આવતા સર્વપ્રથમ અંતરાયરૂપ 'ઇચ્છા'ને નિર્મૂળ કરવાનું સૂચવે છે.


ભગવાન બુદ્ધના ઉપદેશ અનુસાર નિર્વાણ (સત્ય પ્રાપ્તિની પરમોચ્ચ સ્થિતિ) પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગો છે : (૧) શ્રાવક બોધિ–આ માર્ગમાં 'ગૃહસ્થે' કામનારહિત બની નિર્વાણ માટે ગુરુનું શરણ શોધવાનું હોય છે અને તેણે નીચેની પાંચ અશુભ પ્રવૃત્તિઓના અભાવરૂપ 'પંચશીલ'નું અનુસરણ કરવાનું હોય છે : પ્રાણાઘાત, ચોરી, વ્યભિચાર, અસત્ય અને વ્યસનો. (૨) પચ્ચેક બોધિ–તેમાં ઉપાસક સ્વતંત્રપણે કોઈની સહાય વિના નિર્વાણ સુધી પહોંચે છે, પરંતુ તે પોતાને પ્રાપ્ત થએલું સત્ય અન્ય લોકોમાં ઉપદેશ દ્વારા પ્રેરિત કરતો નથી. તે 'આત્મ-બુદ્ધ' કહેવાય છે. તેણે 'ગૃહસ્થ'ના ધર્મો ઉપરાંત મહિનામાં ચાર દિવસ નીચેનાં વ્રતો પાળવાં જોઈએ : બ્રહ્મચર્ય, મધ્યાહ્ન પછી જમવું નહિ, નૃત્ય ગીત ફૂલ અત્તર વગેરે વિલાસોનો ત્યાગ ને ઊંચા તથા મોટા બિછાનાનો ત્યાગ. (૩) સમ્મ સંબોધિ–આ સર્વોત્કૃષ્ટ ને સંપૂર્ણ નિર્વાણ-માર્ગ છે. તેનો સાધક 'ભિક્ષુ' પોતાને થએલું સત્યનું દર્શન વ્યાપકપણે ચોમેર પ્રેરિત કરે છે. આ બોધિ પ્રાપ્ત કરનાર સમ્મ સંબુદ્ધ કહેવાય છે.



બુદ્ધચરણ ઉપર સ્થિત અગ્નિસ્તંભમાં ત્રિશૂલ નીચે બુદ્ધ ચૈત્ય (અમરાવતીનાં શિલ્પોમાંથી)



પરિનિર્વાણ





બુદ્ધ જેની નીચે બોધિજ્ઞાન પામ્યા તે બોધિવૃક્ષ-પીપળો, અને તેનું પાન; એ પીપળપાનની રેખામાં ઊગતા સૂર્યનો સંકેત કલ્પીને તે ઉપરથી ચૈત્યમાં પ્રકાશ લાવનારી બારી નિર્માઈ.

ભિક્ષુ બે પ્રકારના છે: શ્રામણેર અને ભિક્ષુ. વીસ વર્ષની અંદરના શ્રામણેર કહેવાય છે. મે કોઈ ભિક્ષુના હાથ તળે જ રહે, એટલો જ એમાં અને ભિક્ષુમાં ફરક. ભિક્ષા પર આજીવિકા રવાની, ઝાડ નીચે રહેવાની, ફાટેલાં કપડાં ભેગાં કરી તે વડે શરીર ઢાંકવાની અને ઔષધાદિક વિના ચલાવવાની ભિક્ષુની તૈયારી હોવી જોઈએ. તેણે સોનારૂપાનો ત્યાગ કરવો જોઇએ અને ચિત્તના દમનનો અભ્યાસ કરવો જોઇએ.

बुद्धं सरणं गच्छामि। (હું બુદ્ધને શરણે જાઉં છું) धम्मं सरणं गच्छामि। (હું ધર્મને શરણે જાઉં છું) અને संघं सरणं गच्छामि। (હું સંઘને શરણે જાઉં છું) એ બૌદ્ધ 'શરણત્રય' છે. બૌદ્ધ સંપ્રદાયની વિશેષતા એ છે કે સામાન્ય નીતિપ્રિય મનુષ્યની બુદ્ધિમાં ઊતરી શકે એવા જ વિષયો ઉપર એ શ્રદ્ધા રાખવાનું કહે છે.

તેમના મુખ્ય શિષ્યો હતા સારિપુત્ર અને મોગ્ગલાન. તેઓ પહેલાં તો મગધની રાજધાની રાજગૃહની નજીક રહેતા મહામંડળેશ્વર સંન્યાસી સંજયના શિષ્યો હતા. પરંતુ તેમને અભીષ્ટ સત્યપ્રાપ્તિ ન થયાનો અને ઉચિત વાતાવરણ પણ ન મળ્યાનો અસંતોષ રહ્યા કરતો. ભગવાન બુદ્ધના પ્રથમ પાંચ શિષ્યો પૈકીના એક અશ્વજિત સાથેના સંપર્કને પરિણામે તેઓ ભગવાન બુદ્ધના પરિચયમાં આવ્યા અને તેમના આજીવન અનન્ય ને એકનિષ્ઠ અનુયાયી બની રહ્યા. આખર સુધી તેઓ ભગવાનની સાથે રહ્યા હતા. એ બંનેનાં અસ્થિ સાંચીના એક સ્તૂપની નીચે દાટેલાં ભારત પરની અંગ્રેજ હકૂમતના પુરાતત્ત્વ-અધિકારી જનરલ કનિંગહામને મળી આવેલાં અને તે એને લંડનના વિક્ટોરિયા-આલ્બર્ટ મ્યૂઝિયમમાં લઈ ગએલો. ઈ. ૧૯૪૭માં સ્વરાજ્ય મળ્યા પછી ભારતની મહાબોધિ સોસાએટીને તે પાછાં સુપરત કરાએલાં. તાજેતરમાં સિલોન, બ્રહ્મદેશ અને ભારતમાં યોજાએલાં પ્રદર્શનોમાં તે મૂકવામાં આવ્યાં હતાં. ભગવાન બુદ્ધના બાર શિષ્યો ઉપદેશક તરીકે પ્રખ્યાત થયા: કૌંડિન્ય, અશ્વજિત, સારિપુત્ર, મોગ્ગલાન, મહાકાશ્યપ, મહાકાત્યાન, અનુરુદ્ધ, ઉપાલિ, ભારદ્વાજ, કૌસ્થિલ, રાહુલ અને મૈત્રયાનિપુત્ર.

ભગવાન બુદ્ધની કીર્તિસુવાસ ચોમેર ફેલાઈ રહી હતી ત્યારે રાજા શુદ્ધોદને પોતાના સત્યદર્શી પુત્રને બોલાવવા સંદેશવાહકો મોકલ્યા, પરંતુ તે બધા જ ભિક્ષુ થઇને ભગવાનની પાસે રહી પડ્યા! અંતે તેમના અંગત મિત્ર ઉદયિને તેમને કપિલવસ્તુ આવવા સમજાવ્યા. તેઓ આવવા કબૂલ થયા, પરંતુ એક ભિક્ષુ તરીકે. શુદ્ધોદન ખૂબ આગ્રહપૂર્વક તેમને પોતાને નિવાસે ભિક્ષા લેવા તેડી ગયા, ઘરનાં સૌને એકઠાં કર્યાં ને ધર્મોપદેશ અપાવ્યો. પણ ભગવાને જોયું તો તેમાં યશોધરા નહોતી. જે નારીને પોતે પોતાના માનેલા એક આદર્શને ખાતર તેના કશા દોષ વિના એકાએક પ્રસૂતિગૃહમાં જ ત્યજી હતી તે આટલું સ્વમાન-ગૌરવ માગે તેમાં નવાઈ ન હતી. આથી તેઓ જાતે યશોધરાને મળવા ગયા. તે ભગવાનના પગ પકડીને ચોધાર આંસુએ રડી પડી. બુદ્ધ પાછા ફરવા જતા હતા ત્યાં યશોધરાએ સાત વર્ષના રાહુલને તેમની પાસે દાયભાગ લેવા જવાનું કહ્યું. રાહુલ છેક ઉતારા સુધી પાછળપાછળ ગયો. ભગવાને તેને બૌદ્ધ ધર્મની દીક્ષા આપી. રાજા શુદ્ધોદન આ ન જોઈ શક્યા. તેમણે બુદ્ધ પાસેથી નાનાં બાળકોનાં માતપિતાની રજા વિના તેમને દીક્ષા ન આપવાનું વચન લીધું. પછી તો શુદ્ધોદને પોતે દીક્ષા લીધી, અને પાછળથી યશોધરા પણ બૌદ્ધ ધર્મની ભિક્ષુણી બની.


ગૌતમની ચાલીસ વર્ષની ઉમરે તેમના પિતા ગંભીર માંદગીમાં સપડાયા. આ સમાચાર સાંભળી તેઓ કપિલવસ્તુ પાછા ફર્યા અને સમયસર પહોંચી પિતાનો અંત્યેષ્ટિ-સંસ્કાર કર્યો. તેમને ઉછેરીને મોટા કરનાર તેમની સાવકી માતા મહાપ્રજાપતિ પણ હવે બૌદ્ધ ભિક્ષુણી



ભગવાન બુદ્ધનાં પ્રતીકોમાં છત્ર પણ છે. તે પરથી ત્રણ છત્રવાળું યોજાએલું સાંચી સ્તૂપનું શિખર. નવ છત્રવાળા શિખરમાં જીવનવૃક્ષની કલ્પના છે. છેલ્લે: લંકાના દગોબાનું શિખર





બે બૌદ્ધ પ્રતીકો: પૂર્ણ કળશ અને વજ્ર



તિબેટના બુદ્ધમંદિરનું શિખર. તેમાંની આકૃતિઓના સ્પષ્ટીકરણ સાથે

માતા માયાદેવીને સ્વર્ગમાં ઉપદેશ આપી પાછા વળતા ભગવાન બુદ્ધ



બન્યાં. શરૂઆતમાં તો સ્ત્રીઓને ભિક્ષુણી કરવા બુદ્ધ નારાજ હતા, પણ એમનાં પત્ની યશોધરા અને માતા મહાપ્રજાપતિએ ભિક્ષુણી થવા અત્યંત આતુરતા બતાવી તેથી ને એમની આગ્રહપૂર્વકની વિનતિથી જ બુદ્ધને એમને સંન્યાસ લેવાની છૂટ આપવી પડી. વૈશાલી નગરીની ઇતિહાસપ્રસિદ્ધ ગણિકા આમ્રપાલી પણ ભગવાન બુદ્ધને હાથે દીક્ષા લઇને બૌદ્ધ ભિક્ષુણી બનેલી. માત્ર દેવદત્ત હજી પણ તેમના માર્ગમાં અંતરાયો નાખવાની એકે તક જવા દેતો નહિ. તેણે તો બુદ્ધ ભગવાનના પ્રાણ લેવાનું કાવતરું પણ રચેલું. પરંતુ તેના મરી ગયા પછી તેના પક્ષના સાધુઓ ફરી બૌદ્ધ ધર્મમાં ભળી ગએલા.

દર પૂનમે વિહારમાં બધા સાધુઓ એકઠા મળે, ને ત્યાં દરેક વારાફરતી સંઘ પાસે આવી એ માસ દરમ્યાન થએલી ભૂલો વર્ણવે, પોતાના ધ્યાન બહાર કોઈ દોષ રહી જતા હોય તો સંઘને પણ પૂછે તેવો રિવાજ હતો, ને છે. એને 'ઉપોસથ' કહે છે. બુદ્ધ પોતે પણ દર પૂનમે, જ્યાં હોય ત્યાં સૌની જેમ સાધુઓ સંમુખ ઊભા રહેતા ને પૂછતા: 'સાધુઓ, મારા કહેવામાં ને વર્તવામાં કોઈ દોષ તમારી નજરે છે ખરો? સંઘે મને કાંઈ કહેવા જેવું છે ખરું?'

તેમના દૈનિક જીવનનો કંઈક અંશે યે ખયાલ નીચેના વર્ણન પરથી આવી શકશે: 'તેઓ સવારે વહેલા—પરોઢ પહેલાં ઊઠતા, અને પછી થોડો સમય ધ્યાનમાં ગાળતા. સૂર્ય ઊગ્યા બાદ પોતાનો ઝભ્ભો સંભાળપૂર્વક બંને ખભા પર ગોઠવાય તે રીતે પહેરી, ભિક્ષાપાત્ર હાથમાં લઈ નજીકના ગામ કે શહેરમાં ભિક્ષા માટે જતા. પોતાની આંખો જમીન પર સ્થિર કરી એક શબ્દ પણ બોલ્યા વિના તેઓ બારણેબારણે ફરતા. કોઈ વાર તેઓ એકલા અને કોઇ વાર શિષ્યસમૂહ સાથે ભિક્ષા માટે નીકળતા. ભિક્ષા આપનાર તેમને અંદર બોલાવતાં પોતાને માટે તૈયાર કરાએલ આસન પર તેઓ બેસતા અને ઉપદેશના શબ્દો કહી ભિક્ષા સાથે પાછા ફરતા. ભોજન લઈ રહ્યા પછી હાથ ધોઈ ત્યાં આવેલાંઓને તેઓ ઉપદેશ આપતા, અને પછી ઊઠીને પોતાને રહેવાની જગ્યાએ ચાલી જતા. ભિક્ષુઓ જમી લઈ પોતાની પાસે આવે તેની ત્યાં તેઓ શાંતિપૂર્વક વાટ જોતા અને પછી પોતાને નિવાસસ્થાને જતા, જ્યાં તેઓ પોતાના પગ ધોતા અને પછી બહાર આવી ભિક્ષુઓને ઉપદેશ આપતા.'

ભગવાનની અવસ્થા એંશી વર્ષની થઇ હતી. પાવાપુરીમાં ભગવાને ચુંદ લુહારને ત્યાં ભોજન લીધું હતું. તે પછી તરત જ પેટમાં પીડા ઊપડી હતી. તોપણ ભગવાન શાંતપણે એ જ સ્થિતિમાં પ્રવાસે ચાલ્યા. એમનો વિચાર પાવાથી કુશીનારા જવાનો હતો. પણ વાટમાં કકુત્થા નદી પાસે આવતાં તો ખૂબ થાક લાગ્યો. વેદના પાર વિનાની થતી હતી. હવે તો આગળ નહિ જ ચલાય એમ લાગતાં ત્યાં જ સ્નાન કરી પાસેના આંબાવાડિયામાં ભગવાન થોડી વાર સૂતા. સૂતાંસૂતાં તેમને લાગી ગયું કે અંતકાળ નજીક છે. તેમને વિચાર આવ્યો કે ચુંદનું ભોજન લીધા પછી પોતાને પીડા ઊપડી તે પરથી એ બીચારો લુહાર લોકાપવાદને પાત્ર થશે. આથી ભગવાને પોતાના શિષ્ય આનંદને કહ્યું, 'ભોજન કરાવ્યા બદલ ચુંદને જો કોઈ માઠું કહે તો એને ખોટું લાગવાનો સંભવ છે. પણ તેને તું કહેજે કે સુજાતાની ખીર મને જેવી પોષક અને મધુર લાગી હતી તેવું જ એને ત્યાંનું ભોજન લાગ્યું છે. તથાગત જે દિવસે પરિનિર્વાણ પામે છે એ દિવસે આપેલી ભિક્ષા તો મહાફલદાયક ગણાય. આ પ્રમાણે ઉપદેશ કરી ચુંદના મનની શંકા તું દૂર કરાવજે.'

આ પછી જરા સ્વસ્થ થતાં કકુત્થા નદી પાર કરીને સૌ કુશીનારાના એક આંબાવાડિયામાં પહોંચ્યા અને બે મહાન વૃક્ષની નીચે ભગવાન સૂતા. આનંદે રડતાંરડતાં પૂછ્યું 'પરિનિર્વાણ પછી આપના દેહની શી વ્યવસ્થા કરવી?' બુદ્ધે ઉત્તર આપ્યો, 'મારા દેહની પૂજા કરવાની



અમરાવતી શિલ્પમાં કલામંડિત ત્રિશૂલ



ત્રિશૂલ, ધર્મચક્ર, કળશ વગેરેનાં સંયુક્ત સુશોભન



બૌદ્ધ ધર્મના અષ્ટાંગ માર્ગની પેઠે તેનાં આઠ પ્રતીકો ગણાય છે: શંખ, કળશ, સુવર્ણમત્સ્ય, છત્ર, ધ્વજ, કમળ, ભાગ્યયંત્ર અને ધર્મચક્ર



માથાફોડમાં પડશો નહિ. મેં જે સન્માર્ગ બતાવ્યો છે તેને અનુસરીને ચાલવાનો જ પ્રયત્ન કરો. સાવધાન થાઓ, ઉદ્યમી થાઓ, શાંત થાઓ.'

બુદ્ધગુરુ પરિનિવૃત્ત થાય છે એ સાંભળી આજુબાજુના થોડેથોડ લોકો એમનાં અંતિમ દર્શને આવવા લાગ્યા. એ વખતે સુભદ્ર નામનો બ્રાહ્મણ બોધ લેવા આવ્યો. આનંદે તેને આવે વખતે તથાગતને ત્રાસ ન આપવા કહ્યું, તે બુદ્ધ ભગવાન સાંભળી જતાં તેઓ બોલ્યા : 'આનંદ, સુભદ્રને પ્રતિબંધ કર નહિ. તે જિજ્ઞાસુ છે. એને આવવા દે. તથાગતનો જન્મ જ આ માટે છે.'

બુદ્ધે સુભદ્રની શંકાઓનું સમાધાન કરી આજુબાજુ અન્ય ભિક્ષુઓને પૂછ્યું : 'મારા ધર્મ સંબંધી કોઇને કંઈ શંકા હોય તો હજી પણ પૂછી લેજો.' પણ કોઇને કાંઈ પૂછવાનું નહોતું. એટલે કહ્યું : 'તો હે ભિક્ષુઓ ! હું કહું છું કે સંસારની વસ્તુમાત્રને આયુમર્યાદા છે; વસ્તુમાત્ર વ્યયધર્મી છે; માટે સાવધાનીથી વર્તો.'

કરુણા, સત્ય ને જાગૃતિના અવતાર સમા ભગવાન તથાગતના એ અંતિમ શબ્દો હતા.

પ્રાચીન સમયના મહાન આચાર્યોની જેમ ભગવાન બુદ્ધ વાર્તાલાપ દ્વારા ઉપદેશ આપતા. તે ઉપદેશ પાલિ ભાષામાં લખાએલા 'ત્રિપિટક' ગ્રંથમાં સંગ્રહાએલો છે. 'ત્રિપિટક'ના ત્રણ મુખ્ય વિભાગો છે: 'વિનયપિટક' (ઉપાસકને ઉદ્દેશીને લખાએલા ૨૨૭ આચાર-નિયમોનો સંગ્રહ), 'સૂત્રપિટક' (પાંચ પેટા-ભાગોમાં બુદ્ધ-સ્તુતિ, બુદ્ધ-ઉપદેશ, કથાવર્ણન આદિ નિરૂપતાં સૂત્રોનો સંગ્રહ) અને 'અભિધર્મપિટક' (ઉચ્ચતર ધર્મ પ્રબોધતું તત્ત્વજ્ઞાન).

ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી સો વર્ષે વૈશાલીમાં બૌદ્ધોની બીજી મહાસભા મળેલી. તેમાં એકત્ર થએલા ભિક્ષુઓમાં મતમતાન્તર પડતાં બૌદ્ધ ધર્મ 'મહાસાંઘિક' અને 'થેરવાદ' એમ બે સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો. વૈશાલી, પાટલિપુત્ર આદિ પૂર્વના પ્રદેશોના ભિક્ષુઓ મહાસાંઘિક સંપ્રદાયના અને કૌશામ્બી, અવન્તિ આદિ પશ્ચિમના પ્રદેશોના ભિક્ષુ થેરવાદના હતા. પછી ફરી પાછા આ બંને સંપ્રદાયોના અનુયાયીઓમાં મતભેદ પડતાં થેરવાદ સંપ્રદાય અઢાર અને મહાસાંઘિક સંપ્રદાય સાત ઉપસંપ્રદાયમાં વહેંચાઇ ગયો. થેરવાદનો પ્રવર્તક અવન્તિનિવાસી ભિક્ષુ મહાકચ્છાયન હતો. તેના અઢાર ઉપસંપ્રદાયોમાંથી 'સર્વાસ્તિવાદ' સૌથી વધુ પ્રસિદ્ધ છે. મહારાજા કનિષ્કે આ જ સંપ્રદાયની દીક્ષા લીધેલી અને તેનો પ્રચાર કરેલો. સમ્રાટ અશોક પણ થેરવાદ સંપ્રદાયનો અનુયાયી હતો, અને તેણે દેશવિદેશ જે બૌદ્ધ-ધર્મપ્રચાર કરાવ્યો તે થેરવાદનો જ હતો.


પાછળથી બૌદ્ધ ધર્મમાં બે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા હતા:'મહાયાન'અને'હીનયાન'. પ્રસિદ્ધ આચાર્ય નાગાર્જુન અને અસંગે પ્રતિષ્ઠિત કરેલો ઈ. પૂ.ની પહેલી સદીથી પ્રચારમાં આવેલો મહાયાન સંપ્રદાય બુદ્ધને લોકોત્તર પુરુષ ગણે છે. તે સંઘના મહત્ત્વ પર ભાર મૂકતો નથી અને ગૃહસ્થો પણ ગૃહસ્થાશ્રમમાં રહી બૌદ્ધ ધર્મ પાળી શકે તેમ તે માને છે. 'બોધિસત્ત્વનો વિચાર' એ મહાયાનની વિશેષતા છે. તેનો અર્થ એ કે બુદ્ધે બુદ્ધજન્મ પહેલાં પણ અનેક વાર જન્મ લઇને પારમિતાઓને પ્રાપ્ત કરી હતી. તેનો વૃત્તાન્ત આ મહાયાન તરફથી રચવામાં આવેલી જાતકકથાઓમાં મળે છે.

હીનયાન સંપ્રદાય ભિક્ષુજીવન ઉપર ખાસ ભાર મૂકે છે અને ભિક્ષુ બન્યા વિના સંબોધિપ્રાપ્તિ અશક્યવત્ છે એમ માને છે. હીનયાનમાં બોધિસત્ત્વ-જીવનને સ્થાન આપવામાં આવ્યું નથી. પાછળથી વળી મહાયાનને સહારે 'વજ્રયાન' નામનો નવો સંપ્રદાય વિકાસ પામ્યો. તેમાં તંત્ર-મંત્ર અને વામમાર્ગીઓની માફક મૈથુનને પણ ભિક્ષુ-ભિક્ષુણીઓને માટે આવશ્યક માનવામાં આવતું હતું. સાતમી સદીથી માંડી ભારતના મધ્યકાલીન ઇતિહાસ સુધી ચાલુ રહેલું બૌદ્ધ ધર્મનું સ્વરૂપ આ વજ્રયાનનું હતું.



અમરાવતી(દક્ષિણ)ના બૌદ્ધ અવશેષો કલ્પનાપ્રચુર શોભનશિલ્પોથી ભરચક છે. તેના એક થાંભલા પરનું રેખાંકન

બૌદ્ધ ધર્મનાં એ આઠ પ્રતીકો પૈકી પહેલાં ત્રણનાં સામેના પાના પર, અને છેલ્લાં ત્રણનાં આ નીચે આપેલાં ચિત્રો ચીની કલ્પનાસ્વરૂપો છે.



ભગવાન બુદ્ધનું વિરલ વ્યક્તિત્વ ત્રિકાલ-સ્પર્શી છે. પ્રાચીન ભવ્ય ધર્મસિદ્ધાન્તોને તેમણે એટલું તો રચનાત્મક અને ગ્રાહ્ય સ્વરૂપ આપ્યું કે સર્વ સ્થળકાળના લોકોને તે એકસરખુ મહત્ત્વનું પ્રેરણાદાયી બની રહ્યું. તેમનો બોધ એ એક એવું યુગકર્તવ્ય હતું કે જેના પડઘા આજ સુધી વિશ્વે અવનવે ક્ષેત્રે અવલનવલ ભાતોમાં ઝીલ્યા છે. સાહિત્ય-કલાઓએ તો જાણે બૌદ્ધ ધર્મમાંથી ચિરમાંગલ્ય અને ચિરસૌન્દર્યનો વારસો મેળવ્યો છે. ભારતના અને વિશ્વના અન્ય ધર્મો પર પણ તેનો નોંધપાત્ર પ્રભાવ પડેલો છે. હિંદુ ધર્મમાં રખાતો અહિંસાનો અત્યાગ્રહ એ બૌદ્ધ ધર્મના જ પ્રભાવનું સીધું પરિણામ છે. શાંતિનો સૌથી વધુ પ્રેરક ને વ્યાપક સંદેશ વિશ્વ આજે બૌદ્ધ ધર્મ પાસેથી મેળવે છે.

ભગવાન બુદ્ધના ઉપદેશને તે કાળના વિચારોની જોડાજોડ મૂકી જોતાં તે કેવા પ્રકારના પાયાના ફેરફાર કરનારો હતો તે દેખાઈ આવશે. પુરોહિતો કહેતા : યજ્ઞ દ્વારા ઇચ્છિત વસ્તુઓ મળે છે. વેદો અપૌરુષેય (ઈશ્વરના રચેલા) અને સંપૂર્ણ છે. તેનાથી ચડિયાતું કોઈ જ્ઞાન નથી, કોઈ બોધ નથી. પુરોહિતોની સંસ્થા જરૂરી છે. જાતિભેદ આવશ્યક છે. સંસ્કૃત ભાષામાં જ શાસ્ત્રો હોવા જોઇએ. જ્યારે બુદ્ધ કહેતા : યજ્ઞો નિરર્થક છે અને તેમાં થતી હિંસા પાપમય છે. વેદો અપૌરુષેય ને સંપૂર્ણ નથી, તેથી તેનો આધાર એમ ને એમ સ્વીકારી લેવો યોગ્ય નથી. જ્ઞાનની પ્રાપ્તિ તો સૌએ પોતાની જાતે જ કરવાની છે. એમાં વચ્ચે પુરોહિતો જેવા કોઈ દલાલો કે પ્રતિનિધિઓથી કશું થઈ શકે નહિ. જાતિભેદ કૃત્રિમ છે ને સત્યજ્ઞાનની ખોજમાં તેને મુદ્દલે સ્થાન નથી. અને સંસ્કૃત જેવી જે ભાષા લોકો સમજતા ન હોય તેમાં જ જ્ઞાનને લપેટી રાખવાથી તો માત્ર એ ભાષા જાણનારાની જ હકૂમત તેને નહિ જાણનારા પર ચાલે છે. એટલે જ્ઞાન હમેશાં ઉઘાડું ને સુલભ હોવું જોઇએ. તો જ સૌ જીવો એમાંથી માર્ગ મેળવી શકે. આ દૃષ્ટિએ, લોકો જે બોલતા હોય તે ભાષામાં જ જ્ઞાનના ઉપદેશનો સંગ્રહ થવો જોઇએ.

માણસ પોતાના જાગૃત પુરુષાર્થ વડે જ આગળ કે પાછળ જાય. ઈશ્વર છે કે નહિ તે આપણે જાણતા નથી. માણસ જ્યારે વિવેક ને આત્મશ્રદ્ધાના દોર ચૂકીને અંધશ્રદ્ધા ને દૈવ પર ચાલે છે ત્યારે એ ક્યાં જઈ અટકશે તે કહેવાતું નથી. એ જ માણસની સૌથી ભયાનક ગુલામી છે. બુદ્ધે આ ગુલામી પર પ્રહાર કરી માનવીને મુક્તિનો માર્ગ ચીંધ્યો. તેમણે કહ્યું : 'આ જગતમાં દરેક વસ્તુને કારણ છે, તેમ આ દુઃખોનું પણ કારણ છે; એ કારણ શોધવું તે મારી જેમ તમારે માટે પણ શક્ય છે.' તેમણે રાજાઓ, શ્રેષ્ઠીઓ, કુલપુત્રો, કુલસ્ત્રીઓ, બ્રાહ્મણો, શૂદ્રો સૌને કશા યે ભેદભાવ વિના જ્ઞાન આપ્યું. તેમણે સારનાથમાં પહેલો ઉપદેશ આપ્યો ત્યારે જ કહ્યું હતું : 'આ જ્ઞાનના દરવાજા હું સૌને માટે ખુલ્લા મૂકું છું.' એમનાં શિષ્ય-શિષ્યાઓમાં ચાંડાલ કન્યા હતી, ઉપાલિ જેવો હજામ હતો ને આનંદ જેવા રાજપુત્રો પણ હતા. લોકોના અંતરમાં આત્મશ્રદ્ધાની જ્યોત પ્રગટાવી જનાર તે સમર્થ આત્મવીરે કહ્યું : 'હું જે કાંઈ કહું તે પરંપરાથી સાંભળતા આવ્યા છો માટે ખરું માનતા નહિ; અથવા તો એ એમ જ હશે, એમ પણ ઉતાવળથી માની લેશો નહિ. એ વસ્તુ આપણા ધર્મગ્રંથોમાં છે, માટે પણ તેના પર વિશ્વાસ મૂકશો નહિ; પણ તમારા પોતાના વિવેકને સાચું લાગે તો જ સ્વીકારજો.'

બૌદ્ધ ધર્મના વ્યાપક પ્રચારનું મુખ્ય કારણ તે તેની સીધી, સરળ, ગ્રાહ્ય અનુસરણ-પદ્ધતિ, તેમાં જેના પર ખાસ ભાર મૂકવામાં આવે છે તે સર્વ જાતિવર્ણની સમાનતા, ને ઉચ્ચ-નીચના ભેદનો સદંતર અભાવ. બુદ્ધનો સંદેશો આર્ય સંસ્કૃતિના મૂળ પ્રવાહનો જ એક ફાંટો હતો તે પણ તેના વ્યાપક પ્રચારનું એક કારણ ગણાવું જોઇએ. બુદ્ધે પોતાના માર્ગને 'આર્ય-અષ્ટાંગ' માર્ગ કહ્યો છે. 'જૂની વિચારણાને સાફ કરી, ઝાડીઝપટીને પોતાની વિચારણા



ઘંટશાળામાંના આરસસ્તંભ પર, પૂર્ણ કળશમાંથી ફૂટતી પુષ્પવલ્લીઓનું શોભનશિલ્પ

બૌદ્ધ સંપ્રદાયમાં દીર્ઘ આયુષ્યનાં પ્રતીકો : કાચબો અને સર્પ



દ્વારા મેં મૂકી છે' એમ તેમણે કહ્યું છે. યજ્ઞોનો વિરોધ અને પોતાના ચિત્તનું જ સંશોધન, એ બે બાબતો અંગે ઉપનિષદોનું બુદ્ધિ ઉપરનું ઋણ તો જાણીતી વસ્તુ છે. આ બધું જોતાં બૌદ્ધ ધર્મવિચાર હિંદુ ધર્મથી કોઈ અલગ ધર્મ નથી, પણ હિંદુ ધર્મનો જ ફાંટો છે. છતાં આ બંને ધર્મો વચ્ચે જે આડ રચાઈ તે બંને બાજુના ઉતાવળિયા ને મતાગ્રહી અનુયાયીઓએ દેશકાળને લક્ષમાં રાખ્યા વિના મતભેદોને અણછાજતી રીતે ઉગ્ર બનાવ્યા તેને કારણે. ભગવાન બુદ્ધે તો પોતાની જાતને 'ધર્મસ્થાપક' નહિ પણ 'ધર્મસુધારક' તરીકે જ ઓળખાવી છે.

ભારતમાંથી બૌદ્ધ ધર્મનો વહેલો અંત આવ્યો, તેનું કારણ પણ જે કારણે તે ત્વરિત પ્રચારમાં આવેલો એ જ હતું: સત્યગામી સરલ અનુસરણપદ્ધતિ. લોકોને કેવળ સત્ય—નર્યું સત્ય નથી રુચતું, પણ લાગણીને ભિન્નભિન્ન વળાંકાઓમાં રમાડતી, ઉછાળતી ને તેને લાડ કરવા પ્રેરે એવું વાતાવરણ જન્માવતી, આભાસોની યે એક વાર તો મનોરમ સ્વપ્નસૃષ્ટિ રચી મનને મોહ પમાડી ખેંચી જનારી સત્યવીથિ જ સામાન્ય લોકોને વધુ રુચે છે. અને બીજું સબળ કારણ તે સમાનતાના બૌદ્ધ સિદ્ધાન્તોથી લોકસંપર્ક પોતાના હાથમાંથી ગુમાવી બેઠેલા પુરોહિતોનો સબળ, વ્યવસ્થિત ને સદીઓ સુધીનો સતત વિરોધ.

બીજી બાજુ હિંદુ ધર્મે તેની ઉદાર વૃત્તિથી બૌદ્ધ માન્યતાઓને સ્વીકારી લીધી. એમાં એક હતી હિંસાત્મક યજ્ઞયાગોનો ત્યાગ, ને બીજી હતી અહિંસા તરફનો ઝોક. નવા હિંદુ ધર્મનું ગીતા એ અતિ ઉજ્જ્વલ પ્રતીક છે. તેમાં બૌદ્ધ ધર્મના આધારરૂપ સાંખ્યની પ્રતિષ્ઠા છે. બુદ્ધે કહ્યું છે તેમ તેમાં પણ યજ્ઞના સમગ્ર સ્વરૂપને બદલી નાખ્યું છે. તેમાં જપ યજ્ઞ છે, તપ યજ્ઞ છે, દાન યજ્ઞ છે, વાક્સંયમ યજ્ઞ છે. સર્વ ભૂતોના હિતથી થએલા દરેક ત્યાગને તેમાં યજ્ઞનું સ્વરૂપ ગણેલો છે. તેમાં બૌદ્ધ ધર્મની જેમ જ વર્ણધર્મની જન્મ ઉપર નહિ પણ ગુણકર્મ પર જ પ્રતિષ્ઠા સ્થાપી છે. પણ તેમાં બૌદ્ધ ધર્મની પેઠે સંન્યાસનાં ગુણગાન કર્મ કરતાં અદકેરાં નથી ગાયાં. कर्मयोगो विशिष्यते—રાષ્ટ્રની પરિસ્થિતિ કર્મની જે યુયુત્સાવૃત્તિ માગે છે તે, બૌદ્ધ ધર્મની કદર કરીને પણ, મળશે તો ગીતામાંથી. બૌદ્ધ ધર્મનો હિંદુ ધર્મથી ઉપલક દૃષ્ટિએ નિરાળો લાગતો મહત્ત્વનો અહિંસાનો સિદ્ધાન્ત તો તેણે હાલને નવે સ્વરૂપે રગેરગમાં ઉતારી લીધો છે. હિંદુ અને બૌદ્ધ ધર્મોની અદ્‌ભુત તાત્ત્વિક ને રચનાત્મક સમાનતાઓથી આશ્ચર્યચકિત બનીને જ મહાત્મા ગાંધીજીએ ભગવાન બુદ્ધને 'હિંદુશ્રેષ્ઠ' કહ્યા છે.

તથાગતના ધર્મનાં અધ્યયન અને અનુશીલની આજે એક બીજી રીતે પણ ઐતિહાસિક અગત્ય છે. શકો ને હૂણોના હુમલા સામે ભારતને ભલે ગીતાનો યુયુત્સુધર્મ ઉપયોગી નીવડ્યો હોય, પણ આજે અણુશક્તિના જ્ઞાનવાળુ જગત અતિનાનું બન્યું છે. જાતિઓ ને દેશો શેઢા-પાડોશી કે ઘર પાછળના વાડા જેવા બની ગયા છે. હવે એકબીજાની સાથે ઝગડવું એ આ અણુયુગમાં સ્વયંનાશ ને સર્વનાશ નોતરવા બરાબર છે. આજે પરસ્પરને પારખી લેવા અને સમજવા માટે પારાવાર વૈજ્ઞાનિક સાધનો છે. એ વખતે 'વૈરથી વૈર શમતું નથી' એ વાણી જ વધારે સાર્થક થવા સંભવ છે. ભૌગોલિક, આર્થિક ને રાજકીય રીતે એક થવા તરફ જતા જગતને જે આંતરરાષ્ટ્રીય ધર્મ અને તત્ત્વજ્ઞાન જોઈશે તેનો રોપ તથાગતનો ધર્મ થઈ શકે છે.

પૌર્વાત્ય વિદ્યાવિશારદ મૅક્ડોનલે કહ્યું છે: 'ભારતે બે ધર્મોની ભેટ આપી છે—બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મ. પહેલો રાષ્ટ્રીય ધર્મ છે, બીજો આંતરરાષ્ટ્રીય.'

(શ્રી 'દર્શક' કૃત 'ધર્મચક્રપ્રવર્તન', સ્વ. કિ. ઘ. મ. કૃત 'બુદ્ધ અને મહાવીર' વ. સામગ્રી પરથી)



સાંચીના શિલ્પખચિત (પૂર્વ દિશાના) તોરણના થાંભલા પરનું બુદ્ધ કથાનકોનું ભરચક અને જોરદાર શિલ્પાલેખન

જો તોકૂઁ કાઁટા બુવૈ
તાહિ બોઉ તૂ ફૂલ.
'જે ભોંકે કાંટા તને, તેને દે તું ફૂલ.'

તેને દે તું ફૂલ

ડૉ. ભગવતશરણ ઉપાધ્યાયની હિંદી રેડિયો નાટિકા ઉપરથી અનુવાદક: ગુણવંત છોટાલાલ શાહ

વાચક: જે તને કાંટો મારે તેને તું ફૂલ ધરજે! ભારતીય સંસ્કૃતિનો આ મૂલમંત્ર છે. સદા ય તેણે ઘૃણાનો ઉત્તર સ્નેહથી દીધો છે, ક્રોધનો દયાથી ને યુદ્ધનો શાંતિથી. ઇતિહાસ તેનો સાક્ષી છે.

વાચિકા: ડાબી બાજુ, દુનિયાના સફેદ પામીરો ને પીળા ચીનની વચ્ચે ભારતના પ્રાચીન ઉપનિવેશોનો દેશ 'સરહિન્દ' આવેલો છે. ઉત્તરે તેને ચીનનો દેવગિરિ તિયેનશાન છે; દક્ષિણે ક્યુનલુનની તિબેટી પર્વતમાળા છે. પૂર્વમાં ક્યુનલુનની જ ભુજા સમાન અને ચીનની મહાનદીઓનું ઉદ્‌ગમસ્થાન નાનશાનગિરિ છે. પશ્ચિમમાં પામીરોની શૃંખલા એક તરફ હિન્દુકુશને અડે છે, બીજી તરફ તિયેનશાનને.

વાચક: નદીઓની અનેક ધારાઓ આ પર્વતોમાંથી નીકળીને, શરૂમાં વેગીલી અને પછી વિસ્તૃત થઇને ધીમી પડતીપડતી ચોમેર વહતી ચાલી જાય છે. સિરદરિયા અરલ સાગર તરફ વહી જાય છે, કાશગર દક્ષિણ તરફ; તારીમ પૂર્વમાં ચાલી જાય છે અને આમુ પામીર-હિન્દુકુશની વચ્ચે કેસરના ક્યારા ઉગાડતી ને દ્રાક્ષથી ધરતી ઢાંકતી મેદાનમાં ઊતરી જાય છે. આ નદીઓની વચ્ચે જ એક કાળે ભારતીય સંસ્કૃતિ પાંગરી ને બૌદ્ધ વસતિ વસી. અહીં જ હિંદના સંતોએ લોહી ને લૂંટના નામ પર આંધળી દોટ મૂકતી ખૂંખાર જાતિઓની તલવારની ધારને ચૂમી, અને એ તલવાર વનવલ્લરી બની ગઈ!

વાચિકા: તારીમના તટ ઉપર કુચીનું રાજ્ય હતું. કુચી એનું પાટનગર હતું. કાશ્મીરી પંડિત કુમારાયણ એક દિવસે એ જ કુચીમાં જઈ ચડ્યો. કાશ્મીરની ઉત્તરે હિમાલયના મસ્તક શો કારાકોરમ છે. સિંધુની ધારા તેમાં થઇને જ વહે છે, અને ગિલગિત તથા યાસીનના પ્રવાહો અહીંથી પામીર તરફ વહી જાય છે. ગિલગિત અને યાસીનનાં કોતરોમાં થઈને કુમારાયણ તાશકુર્ગાન પહોંચ્યો. ત્યાંથી માર્ગ આગળ કાશગર જતો હતો, કુચી તુર્ફાન ને તુન્‌હ્વાંગ થઈ ચીન જતો હતો. પરંતુ કુમારાયણ કુચીથી આગળ ન વધી શક્યો.

વાચક: કુમારાયણ કાશ્મીરના રાજાના પ્રધાનના કુળમાં જન્મ્યો હતો. રાજ્યના પ્રધાનપદનો તે વારસ હતો. પણ તેને એક દિવસ લાત મારીને તે જઈ પહોંચ્યો પામીરનાં શિખરો ઓળંગતો તારીમની ખીણમાં આવેલા કુચી નગરમાં. અને પોતાના આકર્ષક આચાર, શાલીન પૌરુષ તથા વિદગ્ધ પાંડિત્યથી તેણે ત્યાંના લોકમાત્રને મોહિત કરી લીધા. રાજાએ તેને ગુરુપદે સ્થાપ્યો.

વાચિકા: કુમારાયણના જે આકર્ષણે જીવાને મોહિત કરી તે હતું તેનું કામ્ય કલેવર, મદીલી વાણી અને સ્નિગ્ધ સૌરભ. જીવા રાજકન્યા હતી,–અભિનવ વસંતના વાયરા જેવી અલ્લડ અને તેવી જ પરાગપીત કુસુમશી કોમળ. કુમારાયણ અને જીવા એક દિવસ વસંતવૈભવથી લચી પડતા ઉપવનમાં......

•

જીવા: હિમપાતથી આકાશ કેવું ઉદાસ થઈ જાય છે, આચાર્ય! દિશાઓ કેવી સૂની બની જાય છે! પરંતુ એ પછી સહસા વરસી પડતો વસંતનો આ વૈભવ ક્યાં છુપો રહે છે?

કુમારાયણ: દેહ દુર્બળ છે, પરંતુ તેનો શ્વાસ અમર છે. એક અંકુરમાં સમસ્ત વસંત સમાએલો રહે છે અને શિશિરનો અવિરત તુષારપાત પણ તેને નષ્ટ નથી કરી શકતો. અનુકૂળ પવનનો સ્પર્શ પામતાં જ એ અંકુર અનંત અનંત પ્રાણોમાં પાંગરી ઊઠે છે અને શાદ્વલની અતૂટ પરંપરા ધરિત્રીને નિહાલ કરી નાખે છે.

જીવા: કેવળ એક જ અંકુર, એક જ શ્વાસ ને એક જ પ્રાણની જો આવી શક્તિ છે, તો જેના મનમાં અગિયાર પ્રાણ એકસાથે કંપી રહ્યા છે ત્યાં વસંત કેમ નથી ખીલતી? પ્રાણવાનને શું પ્રાણનો મોહ નથી?

કુમારાયણ: ત્યાં પણ વસંત ખીલશે! તેને પણ પ્રાણનો મોહ છે. પણ હજી સાધનાનું વરદાન બાકી છે. એ વરદાન હવે સત્વર મળશે અને પછી તપથી નંખાઈ ગએલી કાયા ફરીથી પ્રફુલ્લ બની ઊઠશે.

જીવા: ક્યારે, આચાર્ય, ક્યારે? તપથી કૃશ થએલી કાયા ઉપર વસંતનો પવન અત્યારે જ ઢળી રહ્યો છે, હવે તો સતીનો દાહ-કુંડ બાકી છે!

કુમારાયણ: નહિ, જીવા, એવું ન કરીશ. સતીનું આચરણ તારા માટે સુલભ હશે, પરંતુ શિવનું પૌરુષ મારામાં ક્યાં છે? પણ નિશ્ચય માનજે દેવી કે તપ ફળશે જ, સાધના અવશ્ય સિદ્ધ થશે.

જીવા: બાર આદિત્યોના તાપમાંથી ઉત્તરનો મરુ વીંધીને આવેલા વાયુથી છવાએલી ધરાને શિશિરનો હિમ શીતલ કરે છે, અને શિશિરમાં કરમાઈ ગએલી કમલિનીને સૌરભ-અનુરાગની ભેટ આપીને વસંત ફરીથી પ્રફુલ્લ કરે છે; પરંતુ મારા માનસનો મુકુલ તો સદા સંપુટ જ રહી જાય છે. આ શું યાતના નથી?

કુમારાયણ: છે, એ યાતના જ છે; પણ એ માનસના પરિષ્કારની યાતના છે. તેના આ તપમાંથી, શિશિરના હિમમાંથી પછી વસંતનો જે વૈભવ ફોળી ઊઠશે તેનો કદી અંત નહિ હોય. બસ, હવે માત્ર થોડું જ વધુ; પછી તો વસંતની મર્યાદા બાંધી નહિ બંધાય.

જીવા: એ વાત કબૂલ, દેવ; પણ કાયાના કષ્ટની યે મર્યાદા હોય છે. નિદાઘની બળબળતી બપોર વીંધીને હિમની નિષ્ઠુર શીતલતા ઉપર મારું હૈયું શેકું છું ત્યારે પણ મન ભાંગવા નથી દેતી; પરંતુ હવે વસંત જ્યારે ચરાચરમાં વ્યાપી જાય છે, ચોપાસ અંકુરો ફૂટવા લાગે છે, લોભામણા કેસર ઉપરથી ઝરતો પરાગ અલક પર પોતાની જાળ છાઈ દે છે ત્યારે હું મારા રોમ-કૂપને સંકુચિત નથી રાખી શકતી. ત્યારે થાય છે કે કોઈ પાસે હોય અને...... (નિઃશ્વાસ).

•

વાચિકા: અને બંને જણ એ વસંત સંધ્યામાં પ્રતીચીની સુવર્ણરંગી આભાથી રંગાએલા દેહમાં ઊછળની અભિલાષાઓની સજાવટ કરતાં ચાલ્યા ગયાં. સાંજના અંચલ નીચે ખીલેલાં કેસર-કુસુમ ઝૂર્યા રહ્યાં. એમાંથી ઝરતા પરાગને પવનની ફેલાએલી પાંખો દિશાઓમાં ફેલાવી રહી, દિશાઓ ધમકી ઊઠી.

વાચક: એક દિવસ તારીમનાં જળમાં સ્નાન કરીને કુચીનરેશ સૂર્યને કુસુમોના અર્ઘ્ય અર્પીને રથની તરફ જઈ રહ્યા હતા ત્યારે નજર ઊંચી કરતાં એક પુરુષની છાયા તેમની દૃષ્ટિએ પડી. રાજગુરુ કુમારાયણ હાથ જોડીને ઊભા હતા! રાજાએ એ પ્રસન્નવદન ગુરુનાં ચરણ સ્પર્શ્યા; હાથ જોડીને કહ્યું—

•

રાજા: કેમ, ગુરુદેવ! આ અકિંચન શિષ્યની શ્રદ્ધાનો આવા વ્યંગથી આપ તિરસ્કાર

[અનુસંધાન પૃષ્ઠ ૪૫૭ પર]

જગતના એક બેનમૂન કલાવારસા અજંતાની ગુફાઓ જેવો જ
ચીનનો બહુમૂલ્ય ને પ્રાચીનતમ વિરાટ કલાસમૂહ સાચવતી

સહસ્ર બુદ્ધની ગુફાઓ

ની સફરે જઇ આવેલા ગુજરાતી કલાકારનો ચિત્રરસ્યો અહેવાલ

લેખક • યજ્ઞેશ્વર શુકલ



પ્રત્યેક ગુફામાં પ્રવચન કરતા બુદ્ધની આવી માટીની મૂર્તિઓ છે, જેની પાછળ ઘણે ભાગે રંગીન પ્રભા-મંડળ હોય છે. આ મૂર્તિની આજુબાજુ સહસ્ર નાનાધ્યાનિ બોધિસત્વોની નાની મૂર્તિઓ હોય છે, જે પરથી 'સહસ્ર બુદ્ધની ગુફાઓ' નામ પડ્યું છે. આ શિલ્પો ઉપર ગાંધાર મૂર્તિકલાની ઘણી છાયા જણાય છે. નીચે : સૂચોની ધર્મશાળા (જળરંગી સ્કેચ) જેમાં અમે ઊતરેલા.

ભારત સરકારના સાંસ્કૃતિક વિદ્યાર્થી તરીકે, પુરાતન 'હૅથે'ના કિનારે પગ મૂકતાં જ મારા મનમાં ચીની ચિત્રકલાનો અભ્યાસ કરવાની, તેની જંગી ઐતિહાસિક દીવાલ અને તેથીયે વિશેષ, તેમાં આવેલા મધ્ય એશિયાના સહસ્ર બુદ્ધ ગુફા-મંદિરોમાંનાં ચિત્રો ને શિલ્પો જોવાની મનોધાએ વિચારોની એક તરંગમાળા ઊભી કરી. તેમાં પણ સહસ્ર બુદ્ધનાં ગુફામંદિરોની યાત્રા તો ત્યાંની કપરી સફરને કારણે મારે માટે અકલ્પ્ય જ હતી. પણ માણસની શુદ્ધ અને તીવ્ર ભાવના ફળ્યા વિના રહેતી નથી, તે પ્રમાણે મને પણ એ ગુફામંદિરો જોવાની અણધારી તક પ્રાપ્ત થઈ. એ વખતે હું ચીનની એ સમયની રાજધાની નાનકિંગમાં ભારતીય એલચીખાતાના આશ્રયે મારાં ચિત્રોનું પ્રદર્શન ભરી રહ્યો હતો. એ જ અરસામાં નાનકિંગમાં આકાદમી સીનીકા તરફથી એ સહસ્ર બુદ્ધનાં—તુન હવાંગ ગુફામંદિરોનાં ચિત્રોની અનુકૃતિઓનું એક પ્રદર્શન ગોઠવાયું હતું. એ ચિત્રો જોતાં જ એ વખતના ચીનમાંના આપણા વિખ્યાત વિદ્વાન એલચી સરદાર કે. એમ. પણિક્કર સાહેબે ઇચ્છા પ્રદર્શિત કરી કે પેકિંગની નૅશનલ યુનિવર્સિટીમાં ત્યારના હિંદી ઇતિહાસ અને સંસ્કૃતિના પ્રાધ્યાપક શ્રી પ્રફુલ્લચંદ્ર બાગચીએ અને મારે એ બૌદ્ધ ગુફાઓ જોવી. તરસ્યાને પાણી મળે તેમ હું તો આ વિશ્વવિખ્યાત ગુફામંદિરોનાં દર્શન કરવા તથા બને તો ત્યાંનાં ચિત્રો અને શિલ્પોની અનુકૃતિઓ કરવાને આતુર થઈ ગયો.

તા. ૯મી સપ્ટેમ્બર ૧૯૪૮ના પરોઢિયે અમે ત્રણે જણા (સ્વ. ડૉ. બાગચી, શ્રી અમીત ટાગોર અને હું) ઉત્તર ચીનના કાન્સુ પ્રાંતના મુખ્ય શહેર લાંચો જતા વિમાનમાં ઊપડ્યા. લાંચો એ ચોમેર વીંટળાએલી પર્વતમાળાની વચ્ચે ઝૂલી રહેલું એક નાનું શહેર છે. વસતિ મોટે ભાગે મુસલમાનોની છે, અને લોકો ખૂબ જાડા થરનાં ભીંતડાંઓથી બાંધેલાં, સફેદ માટીથી ધોળેલા બેઠા ઘાટનાં ઘરોમાં રહે છે.

ત્યાં 'ચાઇના ટ્રાવેલર્સ એજન્સી' તરફથી ચાલતી 'નૉર્થ વેસ્ટ હાઉસ' નામની હોટેલમાં ગરમ પાણીથી હાથમોં ધોઇ, લીલી ચાના પીણાથી જરા તાજા થઇને અમે શહેરમાંના એક સારા ચીની ભોજનગૃહમાં જમવા જવા નીકળ્યા. સાધારણરીતે પરદેશીઓ માટે યોજાએલી હોટેલોમાં યુરોપીય ઢબે ખાણું અપાય છે, પણ અમારી ઇચ્છા ચીની ઢબનું ભોજન લેવાની હતી. ચીની પ્રધાના ભોજનમાં ઘણો સમય લાગે છે. કોઇ મિજબાનીમાં ગયા હોઇએ તો પણ બેથી ત્રણ કલાક તો જોઇએ જ. લીલી ચા પીવાથી શરૂઆત કરીને મદ્યપાન તથા ભોજનની નવી નવી વાનગીઓના દોરમાં ઘણો સમય વીતે છે અને તે દરમ્યાન થતી વાતો ને મુક્ત હાસ્યથી ગાજતા આનંદમાં મધરાત પડી ગયાનો ખયાલ પણ રહેતો નથી. બીજે દિવસે અમે ત્યાંની એક ઘણી જૂની ને વિખ્યાત યુનિવર્સિટીની મુલાકાત લીધી.

લાંચોમાં ચાર દિવસ ગાળીને અમે ગુફામંદિરોના પહેલા મુકામ સૂચો જવા ઊપડ્યા. જાહેર વાહનવ્યવહારની અછતને લઇને અહીંથી અમારે માટે ખાસ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. પણ લાંચોથી સૂચો સુધીની આઠેક દિવસની એ મુસાફરી તો ભારે થઈ પડી. રસ્તે આવતા ઊંચાનીચા ટેકરાઓ, નદીમાં થઈને જતા રેતી અને પથ્થરવાળા રસ્તાઓ, તૂટેલા પૂલો અને દર અરધા કલાકે ખોટવાઈ જતી અમારી બસની હાડકાં ખોખરાં કરી નાખે એવી અથડામણે અમને પરેશાન કરી નાખ્યા. પણ બીજી તરફ અહીંની કુદરતની અદ્ભુતતા અને નૈસર્ગિક સૌંદર્ય અમારી હેરાનગતીને હળવી કરી દેતાં હતાં. પીળી નદીના કિનારે કિનારે આવતી પાણી ખેંચવાની મોટી પવનચક્કીઓ, પાકથી લચી પડતાં ફળદ્રુપ ખેતરો, વચ્ચેવચ્ચે આવતા ફળના બગીચાઓ, અને જાણે નાના સફેદ પાંચીકાઓથી પથરાએલી હોય એવી ઘેટાંના ટોળાંથી આચ્છાદિત નાનીમોટી હરિયાળી ટેકરીઓ ઓળંગીને જતા કાન્સુ પ્રાંતના રસ્તાઓ ઉપરની અમારી એ સેર મુસાફરીની અમારી અથડામણને આનંદમાં ફેરવી નાખતી હતી. રસ્તે આવતાં મુસાફરખાનાઓમાં રાત્રે કાંગ પર સૂવાનું (કાંગ એટલે એક જાતનો ઓટલો, કે જે અંદરથી પોલો હોય છે ને શિયાળામાં ગરમ રાખવામાં આવે







→ લાંચૌ ગામનો દરવાજો (લેખકનો સ્કેચ)

←ડાબી બાજુ તથા નીચે: સહસ્રબુદ્ધની ગુફાઓની ભીંતો પર ઊડતાં ઉત્તરીય વસ્ત્રોવાળી વાદ્યો વગાડતી અપ્સરાઓનાં આલેખનોમાં અજંતા-ચિત્રણાનું સામ્ય જણાય છે.



છે) તથા સાદો ગરમાગરમ ગ્રામ ખોરાક ખાવાનો. અહીંના રેતાળ પ્રદેશમાં થતાં ફળોનો આહાર એક નવી જ તાજગી આપતો હતો. એ મનોરમ માર્ગો પર બે ખૂંધવાળા ઊંટોની વણઝારો તથા લાંબી ફાળો ભરતાં ને પલવારમાં અદૃશ્ય થઈ જતાં હરણાંને જોવાં એ પણ અનેરો આનંદ હતો; અને અસંખ્ય તારાઓથી ચમકતી રણની રાત્રીમાં કોઇ એક ગામપટેલને ત્યાંનું રાત્રીભોજન અને ભોજનાન્તનું સંગીત તો યાદદાયક બની જતાં.

આગળ મુસાફરી માટે તાત્કાલિક વાહનનો બંદોબસ્ત થઈ શકે તેમ ન હોવાથી સૂચૌ શહેરમાં અમારે છ દિવસ રોકાવું પડ્યું. એ સમય મેં શેરીઓમાં સ્કેચિઝ કરવામાં ગાળ્યો. છેવટે અમને એક સરકારી જીપગાડી મળી અને વહેલી સવારે અમે ગુફામંદિરો તરફ પ્રયાણ કર્યું. નાસ્તામાં અમારી પાસે ફક્ત અમેરિકન રોટી, દૂધનો પાઉડર, સાકર અને ઉકાળેલા ગરમ પાણીથી ભરેલા થરમૉસ માત્ર હતાં. લગભગ ૨૫૦ માઈલની મુસાફરી પછી તે દિવસે સંધ્યા સમયે અમે તુન્-હ્વાંગ નામના ગામડામાં પહોંચ્યા.

સૂચૌથી તુન્-હ્વાંગનો એ રસ્તો ખૂબ રેતાળ, સૂકો અને ગામડી હતો. રસ્તાની ડાબી બાજુએ નાનશાન પર્વતની લાંબી હારમાળા અને જમણી બાજુએ ઠેકઠેકાણે ખંડિત થએલી ચીનની જંગી દીવાલ (ગ્રેઈટ વૉલ) અમારી સાથોસાથ દોડી રહી હતી. અવારનવાર ઊંટોની વણઝાર પણ રસ્તેથી પસાર થઈ જતી. પુરાણા બૌદ્ધ સ્તૂપો અને વિસ્મૃત તથા જમીનદોસ્ત શહેરોનાં ખંડિયેરો ચોમેર વેરાએલાં પડ્યાં હતાં. પ્રાચીન પણ માનવશૂન્ય મઠો તો પ્રત્યેક ગાઉને અંતરે જણાતા હતા. એ જોઇને મારા મનમાં એમાંના એકાદ ખંડિયેરે કે મઠમાથી કોઈ પુરાતન હસ્તપ્રત કે ચિત્રમંડિત સ્ક્રૉલ (પડદો) સાંપડી જાય એવી લાલચ પણ જાગતી હતી! પરંતુ એ, બાજુના નાનશાન પર્વતની હારમાળાની પાછળના મોટા ગોબી રણમાંનાં ઝાંઝવાંનાં જળ જેવી ભ્રામક હતી!

એ જ સાંજે ગામના મુખીની મહેમાનગીરી સ્વીકારીને લાગલા અમે છ માઇલ દૂર આવેલ તુન્-હ્વાંગ ગુફાઓ પર જ જવા ઊપડ્યા. સાથે અમે ગામમાંથી લગભગ એક અઠવાડિયું ચાલે એટલી અહીંની ખૂબ સ્વાદિષ્ટ સાકરટેટીઓનો એક કોથળો ભરી લીધો. અહીંનું એ વિશિષ્ટ ફળ એક યુરોપીય અફસરને ખૂબ પ્રિય હતું તેથી અહીંના લોકોએ તેના નામ પરથી 'વૉલેસ ગ્વા' એવું નામ તેને આપ્યું હતું.

રાત પડી ગઈ હતી છતાં અમારાં મન તો, અંતરપટની પેઠે અમારી વચ્ચે ઊભેલી એલ્મ વૃક્ષોની લાંબી હારની પાછળ આવેલાં, કળાના





↑ભીંત પરનો એક દૃશ્ય : કુમાર સિદ્ધાર્થને ઠંડક ચીનની રહેલી આ સ્ત્રીનો પહેરવેશ—ઓઢણી, ઝુલવાળો ચણિયો તથા મુખમુદ્રા-સૌરાષ્ટ્રના પહેરવેશ વગેરેને મળતાં આવે છે!

↑રસ્તે જતાં આવા પ્રાચીન બૌદ્ધ મઠો અવાર-નવાર આવતા. નીચે : એલ્મ વૃક્ષોથી ઘેરાએલું 'તુન-હ્વાંગ' ગુફાઓનું પ્રવેશદ્વાર ને મુખ્ય મંદિર

ખજાનાથી ભરેલાં ગુફામંદિરોમાં જ ભમતાં હતાં. બીજે દિવસે સવારે ઊઠતાંવેંત અમે ગુફાઓનું ત્વરિત અવલોકન કરી લઈ અમારા માટે ખાસ મહત્ત્વની હતી તે ગુફાઓની નોંધ કરી લીધી. આ ગુફામંદિરોની સાચવણી તથા સાંસ્કૃતિક શોધખોળ માટે ચીનના કેળવણીખાતાએ અહીં 'તુન-હ્વાંગ નૅશનલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ' નામની સંસ્થા સ્થાપી છે, જે કળાના વિદ્યાર્થીઓને અભ્યાસ અને સંશોધન માટે અનુકૂળતા કરી આપે છે. એ સંસ્થાએ અમારા રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપી. સરકારી શિષ્યવૃત્તિ મેળવતા કેટલાક કળાના વિદ્યાર્થીઓ અહીંનાં ભિત્તિ-ચિત્રોની અનુકૃતિઓ અને ગુફાઓના નકશા તૈયાર કરતા પણ હતા. શિયાળાની ઋતુ હોવાથી અહીં કડકડતી ઠંડી પડતી હતી ને કુદરતે તદ્દન ઉજ્જડતા અને શૂન્યતાનો સ્વાંગ ધારણ કર્યો હતો. પણ અમારા ઉત્સાહને કશો જ અંતરાય નડે તેમ ન હતો.

અમારા માટે અહીંની 'વેઇ'સમયની (અંદાજે ૩૮૧-૫૩૪ ઈ.સ.) ગુફાઓનાં ચિત્રો તથા શિલ્પ ઘણાં મહત્ત્વનાં હતાં, કારણ કે એ સમયની ગુફાઓ સૌ કરતાં જૂની છે, અને તેમાંનું ચિત્રકામ સમકાલીન હિંદી ભિત્તિચિત્રોને આબેહૂબ મળતું આવે છે. તેમાંથી ૨૩૫, ૨૫૪, ૨૫૯ ને ૨૮૮ નંબરની ગુફાઓમાંનાં થોડાંક ચિત્રોની મેં નકલો કરી, જેમાંનાં ઘણાંખરાં ચિત્રો વિવિધ હિંદી વાદ્યો વગાડતા ગાંધર્વોનાં હતાં. તેમાં ભારતીય ચિત્ર કે શિલ્પના જેવા જ ત્રિભંગો, ઊડતાં ઉપરણાં ને પાત્રો પાછળના આભામંડળોનાં પ્રતીકો હતાં. મેં કરેલી અનુકૃતિઓ પૈકી બે તો ભારતીય છાયા માટે ખાસ ઉલ્લેખનીય છે : એક શ્યામ અશ્વ પર આરૂઢ કુમાર સિદ્ધાર્થની અને બીજી મોટી છલાંગ મારતા ને હવામાં ઉપવસ્ત્ર ફેંકતા મલ્લની. અમારા નેતા સ્વ. ડૉ. બાગચી ગુફામંદિરોનાં ચિત્રો પર લખાએલાં સંસ્કૃત લખાણોની નોંધ લેતા ફરતા હતા. એક ગુફામાં તો આપણા ગણપતિનું ચિત્ર પણ જોવા મળ્યું.

ઉત્તર કન્સુ પ્રદેશની નાનશાન પર્વતની નીચી ટેકરીઓથી બનેલી વેરાન ખીણમાં આવેલી આ બૌદ્ધ-ગુફાઓ 'છિયેન્-ફો-તુંગ' અથવા 'મો કાઉ ક્ષુ'(બહુ ઊંચી નહિ એવી)ના નામે ઓળખાય છે. એના નામ અનુસાર આ ગુફાઓ નદીની સપાટીથી માત્ર ૫૦ થી ૬૦ જ ફૂટની ઊંચાઇએ 'સોમ્બર' ટેકરીઓના પડખામાં, મધપૂડાની જેમ એકબીજની ઉપર કોતરાએલી છે. આ ટેકરીઓ અજંતાની જેમ કાળમીંઢની નહિ પણ રેતી અને કાંકરીઓના મિશ્રણથી બનેલા કરકરા પથ્થરની છે. વળી ગુફાઓની માંડણી પણ અજંતા પેઠે વ્યવસ્થિતપણે થએલી નથી, તેમજ તેના થાંભલા, કુંભીઓ તથા ટોડલા પણ એવા કોતરણીથી ભરપૂર નથી. અજંતા જેવા શિલ્પમંડિત વિહારો ને ચૈત્યો અહીં નથી એનું કારણ કદાચ એ હશે કે અહીંનો પથ્થર એટલી કોતરણી ખમી શકે એવો નહિ હોય.

અહીંનું શિલ્પ ચીકણી માટી અને ઘાસના મિશ્રણમાંથી બનેલા માવાનું છે. પ્રત્યેક ગુફાની મધ્યમાં બુદ્ધની મૂર્તિ ચોમેર અવલોકિતેશ્વરો





પશ્ચિમ ચીન(મધ્ય એશિયા)માં આવેલી સહસ્રબુદ્ધની—'તુન હ્વાંગ'ની કુલ ૪૯૯—ગુફાઓની ભીંતો ઉપર આલેખાએલાં સંખ્યાતીત રેખાંકનો પૈકીનાં કેટલાંકની અનુકૃતિઓ : ડાબી બાજુએ-શંખ ફૂંકતા કોઈ પૂજારીનું આલેખન : આપણા બ્રાહ્મણોના જેવી મોટી શિખા, ઉપવસ્ત્ર તથા મોટા કાન નોંધપાત્ર છે; વચ્ચે-મૃગના રાજવી તરીકે અવતરેલા સિદ્ધાર્થની જાતકકથામાંનું ચિત્ર. તેનો ભારતીય ઢબનો પહેરવેશ નોંધપાત્ર છે; છેડે-ગિરિશિખર ઉપર તપસ્યા કરતા બૌદ્ધ સાધુનું ગુફા નં. ૨૫૯માંનું ચિત્ર (અનુકૃતિઓ : યજ્ઞેશ્વર શુક્લ)

ને બીજા નાના દેવોથી વીંટળાએલી મૂકેલી છે. બુદ્ધમૂર્તિઓની પાછળનાં પ્રભા-મંડપો ઉપસાવેલાં છે ને વિવિધ રંગની 'અગ્નિશિખાઓ'થી રંગ-મંડિત છે. ક્યાંક વિવિધ રંગભભકવાળાં નાનાં પૂતળાંઓની હસ્તીનાં પણ ચિહ્નો છે. શિલ્પ ગ્રીક-બૌદ્ધ શૈલીનું છે. બીજાં દેવદેવીઓ ને ચાર અદિશાના 'દિગ્પાલો'નાં શિલ્પ ચીની પદ્ધતિનાં હોવા છતાં ભારતીય ને બૌદ્ધ મૂર્તિલક્ષણો તથા મહાયાન સમ્પ્રદાયની સંજ્ઞાઓથી ભરપૂર છે.

આ તુન-હ્વાંગ ગુફા-મદિરોનાં ભીંતચિત્રો 'ટેમ્પેરા'* પદ્ધતિથી ચીતરાએલાં છે, પણ સગવડ ખાતર તેને અજંતાની પેઠે 'ફ્રૅસ્કો'÷ તરીકે ઓળખવામાં આવે છે. ચીકણી માટી અને સુકા ઘાસના મિશ્રણને થોડા દિવસ પાણીમાં સડવીને એકરસ બનાવેલા ચીકણા પ્લાસ્ટરના લીંપણથી દિવાલ પર તેની ભોંય તૈયાર કરેલી છે. ગુફાની ભીંતો રેતી-કાંકરીના ખરબચડા પથ્થરની હોઈ આ પ્લાસ્ટરનું અસ્તર ત્યાં સારી રીતે ચોંટી ગયું છે. આ અસ્તર પર પછી ચૂનાના પ્લાસ્ટરનો આછો હાથ મારવામાં આવ્યો છે. આવી રીતે તૈયાર થએલી ભીંત પર પહેલાં ગેરુઆ અથવા કાળા રંગથી ચિત્રોનું રેખાંકન કરવામાં આવ્યું છે અને પછી તેમાં પાંચ છ ગણતરીના રંગો (જેવા કે કાળો, સફેદ, ગેરુઓ લાલ, વાદળી, પીળો અને જંગાલી લીલો રંગ) ભરવામાં આવ્યા. જરૂર લાગી ત્યાં ઉપર્યુક્ત રંગોનાં મિશ્રણ કરીને રંગોની વિવિધતા ઉપજાવવામાં આવી છે. ક્યાંક ક્યાંક સિંદૂરીઓ લાલ ને ખૂલતો પીળો પણ જોવા મળે છે. ઘણી જગ્યાએ ગેરુઆ મટોડીઆ રંગોથી ફક્ત રેખાંકન જ થએલું છે. ભગવાન બુદ્ધ અને નાના બોધિસત્ત્વો, ફૂલ-વેલ-પત્તીઓ તથા અનેક પ્રકારની ભાતોથી ભરચક દીવાલો અને છતોવાળા આ ચૈત્યો, બૌદ્ધ સાધુસાધ્વીઓ, પૂજારીઓ ને દાનવીરોનાં ચિત્રોથી પણ ઊભરાય છે. રંગપૂર્ણ ભાતો ને નાનાવિધ રૂપો દાખવતી એની ચિત્રણા પ્રેક્ષકને મોહિત ને સ્તબ્ધ કરી દે છે. મહાન ટાંગ અને સુંગ સમયની પ્રતિનિધિરૂપ આ કૃતિઓ છે. એમાંની કેટ-



← ૨૮૮ નંબરની ગુફામાં મહત્વનું ચિત્ર (અનુકૃતિ : યજ્ઞેશ્વર શુક્લ)

* ટેમ્પેરા શૈલી એટલે માટી, ચૂનો, બારીક રેતી ને આરસની ભૂકીથી બનાવેલા લીંપણ પર ગુંદર, સરેસ કે ઇંડાંના રસથી રંગોનું પાણી સાથે મિશ્રણ કરીને, દીવાલ લાકડા કપડા કે કાગળ પર ચીતરવાની પદ્ધતિ. ÷'ફ્રેસ્કો'માં દીવાલનું પ્લાસ્ટર તાજું ભીનું રાખી તે પર પાણીના રંગોથી ચિત્ર કરવામાં આવે છે. લેખકનું માનવું છે કે તુન હ્વાંગનાં ચિત્રો ટેમ્પેરા શૈલીએ થએલાં છે ને અજંતાનાં ચિત્રો ફ્રેસ્કો ને ટેમ્પેરા બંને શૈલીના મિશ્રણથી થએલાં છે. ઇટાલિયન ટેમ્પેરા ને ફ્રેસ્કો પદ્ધતિઓ આપણી હિંદી ભીંતચિત્રોની પદ્ધતિથી નિરાળી છે.



સહસ્રબુદ્ધ-ગુફામાંનાંવધુ ચિત્રો–ડાબી બાજુ : મંજીરા વગાડતો ગંધર્વ -ચાનના વેઈ વંશના કાળનું ચિત્ર એની અંગભંગી, ઊડતું ઉપવસ્ત્ર, માથાનો મુકુટ તથા આગળના ઝરૂખો બધાં પર અજંતાની છાયા સ્પષ્ટ છે; વચ્ચે : ૨૩૫મા નંબરની ગુફામાં પદ્માસનસ્થા લક્ષ્મી(કે પ્રજ્ઞાપારમિતા?)નું આલેખન; છેડે : ગુફાઓની છત નીચે શરૂ થતા દીવાલના મથાળા પર આવાં વાદકોની હારમાળા છે, જેમાં લાક્ષણિક અંગભંગી કરીને વિવિધ વાદ્યો વગાડતા ગાંધર્વોનાં આલેખન છે. બધાં પર ભારતીય છાયા નિર્વિવાદ જણાય છે. (અનુકૃતિ : યજ્ઞેશ્વર શુક્લ)


લીક ભાતો અને પ્રતીકો ભારતીય અને ઇરાની પરંપરાનાં છે. પવિત્ર કળશ અને શંખનાં પ્રતીકો તો વારંવાર નજરે પડે છે. કેટલીક ગુફાઓમાં તો જુદાજુદા કાળમાં એકબીજાની ઉપર થએલા ચિત્રકામવાળી દીવાલો પણ જોવા મળે છે.

અજંતા તથા તુન્ હ્વાંગ ગુફામંદિરોનાં ભીંતચિત્રોમાં કોણ ચડે એ કહેવું સહેલું નથી. મારા મત પ્રમાણે બન્ને ભિન્નભિન્ન લક્ષસિદ્ધિએ પહોંચેલી છે. પણ એટલું તો સલામતીથી કહી શકાય કે અજંતાનાં ચિત્રો ભવ્ય છે, જ્યારે તુન્ હ્વાંગનાં ચિત્રો આપણી કાંગરા કલમની જેમ એક પ્રકારની મીઠાશ અને કારીગરીની કુમાશથી ભરેલાં છે. જોકે વેઇ સમયનાં ચિત્રોને એ કક્ષામાં ન મૂકી શકાય. ટાંગ સમયનાં ચિત્રોનું કલા કૌશલ સર્વ પ્રકારોમા શ્રેષ્ઠ છે અને પોતાની પછીનાં સુંગ, યુવાન ને મીંગ વગેરે પાચ વંશના અમલનાં ચિત્રો કરતાં તેમાં કામની ઝીણવટ ને રેખાનું સામર્થ્ય ખૂબ દેખાઈ આવે છે.

આપણી અજંતાની ગુફાઓની પેઠે આ ગુફાઓ પગ ઈ. ૧૮૯૨માં કૅપ્ટન બાવર નામે અંગ્રેજે જ શોધીને જગત સામે મૂકી ત્યાં સુધી તે અંધકારમાં જ હતી. છેક પુરાતન કાળમાં તો આ મંદિરો બૌદ્ધ સાધુઓની પરમ યાત્રાનું ધામ હતું; પણ લગભગ ૧૨મા સૈકાથી તે વિસ્મૃતિના અંધકારમાં વિલીન થઈ ગયા અને પછીથી તો લુટારૂ ટોળાંઓ, રખડતી કોમો અને મહાન વિનાશક કાળ, તથા રણની રેતી ને પવનના સપાટાની દયા પર નિર્ભર રહ્યા. આમ છતાં, એક સમયે ભારત અને પશ્ચિમના જગતને જોડતા મહાન જમીનમાર્ગવાળા આ પ્રદેશમાં સુક્કા હવામાનને કારણે આ ગુફા-મંદિરો માત્ર ચીનમાં જ નહિ પણ સમસ્ત જગતમાં અજોડ એવા ચિત્રકળાના ખજાનાને સાચવી રહ્યા.

કૅપ્ટન બાવરની શોધ પછી આ ગુફામંદિરો પર ખરેખરું મહત્ત્વનું સંશોધનકાર્ય જો થયું હોય તો તે સર ઑરેલ સ્ટાઇનનું ઈ. ૧૯૦૭માં. આ જ વખતે સર ઑરેલે આ ગુફાઓની અંદરના એક મુખ્ય મંદિરની દીવાલમાં છુપાએલું હસ્તલિખિત ગ્રંથોનું જંગી પુસ્તકાલય, મૂલ્યવાન ચિત્રોનાં ઓળિયા અને ધ્વજચિત્રો પણ શોધી કાઢ્યા. પોતાના આ સંશોધન ને બેમૂલ સંગ્રહનું એમણે 'સેરિન્ડિયા' નામના મહત્ત્વના ગ્રંથોમાં પ્રકાશન કર્યું છે. ત્યાર પછી ફ્રેંચ પુરાતત્ત્વવેત્તા પૅલીઑએ આ ગુફાઓની સંપૂર્ણ ને નિઃશેષ ફોટોગ્રાફી પણ કરીને છ ગ્રંથોમાં પ્રકટ કરી છે.

ઈ. ૧૯૪૩માં ચીનના કેળવણી ખાતાએ તેના સમુદ્ધારઅર્થે (આપણા અજંતાની માફક જ) નજીકમાં આવેલા 'તુન્ હ્વાંગ' ગામડાના નામ પરથી 'તુન્-હ્વાંગ નૅશનલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ'ની સ્થાપના કરી. આ સંસ્થા ઍકેડેમિકા સીનીકાનો એક વિભાગ ગણાય છે અને બીજી શોધખોળો કરીને નવી ગુફાઓ પણ તેણે શોધી કાઢી છે. ઘણીખરી ગુફાઓને સમય તથા હવામાનનો ઘસારો લાગ્યો છે અને હજુ ઘણીયે રેતી નીચે દટાએલી પડી છે. કદાચ આવી અદૃશ્ય રહેલી ગુફાઓમાંથી હિંદ અને ચીનની સંસ્કૃતિની ઘણી મહત્ત્વની કડીઓ હજુ મળી શકે.




↑સહસ્ર બુદ્ધની ગુફાઓ પાસે અમારી મંડળી : ડાબી બાજુથી શ્રી અમિત ટાગોર, ડૉ. પ્રફુલ્લચંદ્ર બાગચી અને કલાકાર યજ્ઞેશ્વર શુક્લ.

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ

દેવો ધાધલ



લેખક
'સુકાની'

ભાગ ત્રીજો

ખંડ ૨૫: નાયર સુંદરી ચમ્પકમ્

દર સવારે ધાધલ બલી સુતારોને લઈ દરબારગઢમાં આવવા લાગ્યો. અહીં દરેક માણસને ગણીગણીને દાખલ કરાતો હતો. સાંજે પાછા ગણીને બહાર કઢાતા. બીજો કોઈ પ્રત્યવાય ન હતો, પરંતુ ચોકસી બહુ સખત હતી. કોઈ પણ માણસ સાંજ પછી ગઢમાં રોકાઇ રહે એ બનવાજોગ ન હતું.

એક દહાડો રંગમહેલ સામેના ઉદ્યાનમાં ઓચિંતી સશસ્ત્ર સ્ત્રીઓ ચોકી કરતી દેખાઈ. સુતારોએ ધાધલને કહ્યું કે પરમેશ્વરી ઉદ્યાનમાં ફરવા નીકળી હતી. સુતારોને દીવાલની પડખેથી સૈનિકાઓએ જવા દીધા. સૈનિકાઓ બલી હતી. એમની કમ્મરે લાંબી કિરિસો લટકતી હતી. એમનાં શરીર પોલાદની કમાન પેરે લચક ખાતાં હતાં. આવી સ્ત્રીઓ ધાધલે સિંહરાજપુરમાં જોઈ ન હતી. એ બલીના પહાડોમાંથી આવી હતી. સહસા ધાધલની નજર એ સૈનિકાઓની નાયિકા ઉપર પડી. એણે જરીનો પોષાક પહેર્યો હતો. બલીઓ પેઠે આડે અંબોડે વાળ ઓળ્યા હતા. વાળમાં ભારોભાર ફૂલ હતાં.

ધાધલની આંખો સ્તબ્ધ થઈ ગઈ! સૈનિકા પણ મીટ માંડી રહી. અત્તિગળની નાયર કુમારી! કુચિલ સુલગ્નોના રંગમહેલમાં!! શસ્ત્ર-ધારી સૈન્યની નાયિકા!!! ચમ્પકમ્? હા, ચમ્પકમ્ જ!

ધાધલને બરાબર યાદ હતું કે તન્ગમ્ દેખાવે પુષ્પલતા જેવી કોમળ અને ગોરે વાન હતી, જ્યારે ચમ્પકમ્ કદાવર ને ઘઉંવર્ણી હતી. ચમ્પકમે નજર ફેરવી લીધી. ધાધલ ખડકની ધાર પાસે જઈ ઊભો. સુતારો કામે લાગ્યા. ધાધલનું મન આજે સુતારકામમાં ન હતું.

થોડી વારે જાણે સહજ લટાર મારતી હોય એમ ચમ્પકમ્ ધાધલ પાસે આવીને જરા દૂર ઊભી રહી દરિયા તરફ જોવા લાગી. ધાધલ તરફ જરા જોઈ એણે આંખથી જ સાવધાન રહેવા સૂચવ્યું. પછી દરિયા તરફ નિર્દેશ કરીને ધાધલને કંઈક દેખાડતી હોય એવો ભાવ કર્યો અને મોં ફેરવ્યા વગર ધીમેથી બોલી: 'મધ્યાહ્ન ન્યગ્રોધના વૃક્ષ પાછળ, મંદિરમાં, અપ્પા!' જાણે એણે ધાધલને કંઈક સાદો પ્રશ્ન પૂછ્યો હોય, અને ધાધલે એનો એવો જ સાદો જવાબ આપ્યો હોય, એમ ફૂલ ભરેલું સુંદર માથું ધુણાવતી એ ચાલી ગઈ.

ખંડ ૨૬: ચમ્પકમની કેફિયત

ઉદ્યાનને એક ખૂણે ગઢની દીવાલ પાસે પુરાણું ઘટાદાર ન્યગ્રોધ શીળી છાયા પાથરી રહ્યું હતું. પડખે નાનકડું પ્રાચીન મંદિર હતું.

પ્રહરેક વીત્યા પછી ધાધલે કામના એકબે નકશા ઉપાડ્યા અને ઉદ્યાન તરફ ચાલ્યો. કામ કરતા સુતારોને એમાં કશું નવલ ન લાગ્યું. એના કલામય આલેખન ઉપર તો આ મંડપ ઊભો થતો હતો.

ધાધલે મંદિરની ડેલી ઉઘાડી. પથ્થર જડેલા નાના ચોગાન વચ્ચે દેરી હતી. ઠીંગણા, બેઠી દડીના, ફૂંદાળા પેટ ઉપર ઘટ્ટ દાઢી પથરાવતા, મોટા માથા ઉપર ઊંચી જટાવાળા, મહર્ષિ અગસ્ત્ય એ દેરીમાં બિરાજતા હતા. મંદિર અપૂજ હતું અને ચોકમાં ખરેલાં પાન પથરાયાં પડ્યાં હતાં. આવા ભગવાન ધાધલે કદી જોયા ન હતા, પરંતુ આવા જોગીઓ તો ખૂબ જોયા હતા. પશ્ચિમ ધરા એક કાળે નાથ જોગીઓની વિહારભૂમિ હતી. ધાધલે પાઘ ઉતારી હાથમાં લઈ મૂર્તિને પ્રણામ કર્યા. પાછળ ડેલી હળવેથી બંધ થઈ અને ચમ્પકમ્ અંદર આવી. એના મુખ ઉપર તડકાથી સુરખી ચડી આવી હતી. દૂરના અગોચર દેશમાં કચ્છ અને કેરલ, એ બે જુદાં મટી એક 'ભારત' બની જાય છે. અને દેવરાજ તો ચમ્પકમને પરિચિત હતો, રાજકુંવર હતો; એટલે ચમ્પકમ્-ને ઉમળકો ઉભરાઈ આવ્યો. એની આંખો ભીની થઈ ગઈ.

થોડી વાર ચૂપ રહી ચમ્પકમે કહ્યું, 'અહીં બપોરે કોઈ આવતું નથી.' પછી બંને જણ જોડાજોડ બેસી ગયાં અને વાતમાં પરોવાઈ ગયાં.

ધાધલે બલી પહોંચવા સુધીની બધી વાત કહી દીધી, એટલે પછી ચમ્પકમ્ પોતાની વીતક કહેવા લાગી.

'તન્ગમ્ અને હું પાણીમાં કૂદ્યાં ને સામે દેખાતા કિનારા તરફ તરવા લાગ્યાં. અમે બે બાળપણથી જ તરવાનાં અભ્યાસી છીએ. વલંદાઓના પંજામાંથી બચવાની આશાએ અમે ખૂબ બળ આપ્યું, પણ પાણીની તાણ જબ્બર હતી. હવે તો જલસમાધિ લેવી, પણ ફરી વલંદાઓને હાથ તો ન જ પડવું એવો અમારો નિશ્ચય હતો. બરછો પોતે પણ તાણમાં હતો. પાસે પરવાળાના ખડકો હતા. અમે અમારું જોર બેવ-ડાવ્યું, પણ કિનારા તરફ જવાને બદલે અમે ખડકો તરફ ઘસડાવા લાગ્યાં. ત્યાં પાણી એવાં અફળાતાં હતાં કે જો એની પછાડમાં આવી જઇએ તો ખડકો પર અફળાઇ અમે વીંધાઈ જ જઇએ. ખડક પછવાડે એક ભૂશિર દેખાતું હતું. ત્યાં વસતિ હશે ધારી અમે બૂમો પાડી, પણ પાણીના ઘુઘવાટમાં એ બૂમો સંભળાય એવી આશા ન હતી. અમે ખડકોથી છેટાં રહેવા મથતાં હતાં. એ મથામણે અમને ફરી વોત્તમ્ (વોત્તમ્,—ઓત્તમ=તમીળમાંથી ગુજરાતી ઓટ)ની તાણમાં લાવી મૂક્યાં! અમારું બળ ઓસરતું જતું હતું. અમે મધદરિયા તરફ તણાયાં.

હવે તરવાનો પ્રયત્ન કરવો નકામો હતો એટલે થોડી વાર ચીત પડીએ અને પાછાં પાણી ખૂંદીએ. એમ બેએક પ્રહર વીતી ગયા. એમાં અમે એકબીજાથી બહુ દૂર થઈ ગયાં હતાં. હું થાકીને લોથ થઈ ગઈ હતી. ત્યાં એક પિરાહુ બાજુમાંથી નીકળ્યું. બધું બળ એકઠું કરી મેં બૂમ પાડી. મારો સાદ પણ માંડ નીકળતો હતો. ઊઘડેલા મોંમાં જાણે આખો દરિયો ઊલટી પડ્યો! હું ડૂબવા લાગી. મારો શ્વાસ રૂંધાઈ ગયો!

પણ હજુ જીવવાનું શેષ હતું. હું ભાનમાં આવી ત્યારે પિરાહુ ઉપર હતી. પિરાહુનો તલૈવન કાકુલ બહુ જ સાલસ માણસ લાગતો હતો. બધા જ બહુ સજ્જન હતા. એ પિરાહુ મને અહીં લાવ્યું. પાછળથી ખબર પડી કે પિરાહુનો નાખવો અહીંના મુખ્ય ગજધરનો પુત્ર કાકુલ હતો. અહીં એ બહુ શૂરવીર નાખોદો લેખાય છે ને પરમેશ્વરીનો ભક્ત છે.'

'પિરાહુ ઉપર કોઈ ચીની હતા?' ધાધલે પૂછ્યું.

'તે વખતે તો કોઇને નહોતા ઓળખ્યા, પણ હવે જાણું છું કે બધા બલી જ હતા. એ કેમ પૂછો છો, અપ્પા?' ચમ્પકમે સામેથી પૂછ્યું.

'સહજ, બેટા!' બાબલે કહ્યું. ચમ્પકમને આ જવાબ સાચો ન લાગ્યો, પણ આગળ ઉપર ફરી પૂછવાનું વિચારી એણે ચલાવ્યું: 'મને અહીં લાવ્યા ત્યારે અહીંના મહામાત્ય અને સરમેઃ વસુપ્રાપ્તોએ મારી ભાળ લીધી. મારા કુળ વિષેની વાત પૂછી અને મને પરમેશ્વરીની તહેનાતમાં મૂકી. એણે મને એની સૈનિકાઓની નાયિકા બનાવી.'

'આ બૈરીઓ હથિયાર બાંધીને શું પરમેશ્વરીની રક્ષા કરે છે?'

'રક્ષક તો ખરી જ, પણ એની ચોકિયાત પણ ખરી.' ચમ્પકમે કહ્યું. બાબલ ચમક્યો: 'પરમેશ્વરી ઉપર કોની ચોકી હોય? ચમ્પકમ્!' એ વધુ બોલવા જતી હતી ત્યાં બહાર કોઇનો પગરવ સંભળાયો. બંને ચૂપ થઈ ગયાં ને ફરી આ જ વખતે અહીં મળવાનું ઠરાવી છૂટાં પડ્યાં.

ખંડ ૨૭: કુચીલ બેટના બે નેજા

બીજે દિવસે બાબલે ફરી જ્યારે અગસ્ત્ય-મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે ચમ્પકમ્ એની રાહ જોઈ રહી હતી. પહેલો સવાલ એણે તન્ગમ્ વિષે પૂછ્યો. બાબલે ગજમદો પાસેથી સાંભળેલી વાત એને કહી સંભળાવી. એનો અર્થ એ હતો કે જો તન્ગમ્ જાવાસાગરમાંથી જીવતી નીકળી હોય તો કોઈ ચીની પિરાહુએ એને બહાર કાઢી હોવી જોઇએ. અને જે રીતે ચોરીછૂપીથી એ બલીલિંગમાંથી બહાર પડ્યો હતો તે જોતાં એ ચાંચિયો હોવો જોઇએ! આ સાંભળી ચમ્પકમનું મોં લેવાઈ ગયું. એની આંખમાંથી ડળડળ આંસુ પડવા મંડ્યાં. બાબલે આશ્વાસન આપતાં કહ્યું, 'બેટા, આ સુલમ્બોવાળા પણ બલીમાં ચાંચિયા જ કહેવાય છે. કદાચ એ ચીની પણ એવો જ સાલસ ચાંચિયો હોય! આજે દરિયા ઉપર દુશ્મન એટલા ચાંચિયા જ કહેવાય છે ને?'

ચમ્પકમ્ વધારે રડવા લાગી. એ પિલામાર(નાયર બિરાદરી)ની પુત્રી હતી; ચટ્ટવિલ(આઠ ખાનદાન)ની કુંવરી હતી; વીર સૈનિકા હતી; પણ આખરે તો સ્ત્રી હતી. એને આંસુ સ્વાભાવિક હતાં. એનું કુળ ને એ કુળની પરંપરા એને આફતનો હસતે મોંએ સામનો કરવા શક્તિ આપી રહ્યાં હતાં, એને બીજા કોઈ પાસે નિર્બળતા ન દેખાડવાનું શીખવી રહ્યાં હતાં. પણ દેવરાજ અભિજાત હતો. એની સમક્ષ આંસુ ખાળવાની જરૂર ન હતી. એ આંસુ જોયાં જ ન હોય એમ બાબલે કહ્યું: 'ચમ્પકમ્, તારી અને તન્ગમની ભાળ મેળવવા તો અમે 'રાવળનાથ'નું તૂતક છોડ્યું છે. એ માટે જ અમે સુલમ્બો આવ્યા છીએ. અહીં એક બહેન મળી; હવે આપણે તન્ગમની ભાળ મેળવીશું.'

બાબલના મોંમાંથી 'આપણે' શબ્દ સાંભળી ચમ્પકમ્ હુશિયાર થઈ ગઇ. એ આટલો વખત બાબલને આદર આપવા 'અપ્પા' કહેતી હતી; હવે એ ખરેખર 'અપ્પા' લાગી ગયો. એનામાં પોતાના સ્વજન જેવો એને ભાવ ઊપજ્યો. એની આંખમાં ચમક આવેલી જોઈ બાબલે કહ્યું, 'તન્ગમ્ જ નહિ, આપણે કુંવર અજયપાળને પણ શોધી કાઢવાનો છે!'

'અજયપાળને?' ચમ્પકમે અચંબાથી પૂછ્યું. અને બાબલે એના પણ ગુમ થવાની વાત કરી. 'એ પણ ગજવિમોચનનો શિકાર બન્યો હોય; પરંતુ એ એમ જ શિકાર બને એવો ન હતો; જરૂર એ ચાલી ચલાવીને મગરની જડબીમાં પેઠો છે. એને તન્ગમ્ ઉપર વહાલ છે.'

'અને તન્ગમને પણ.' ઝળઝળિયાંમાંથી આંખો હસાવતી ચમ્પકમ્ બોલી: 'અમે કોલાચલમાં ઊતર્યાં ત્યાર પછી અનેક મિષે એ અજયપાળની વાતો કરતાં થાકતી ન હતી, અપ્પા!'

'જોકે તન્ગમ્ પણ અહીં નથી અને અજયપાળ પણ નથી; છતાં ગજમદો માને છે કે એ બને પણ ગજવિમોચનના હાથમાં જ પડ્યાં છે.' બાબલે કહ્યું. ત્યાં ચમ્પકમ્ વચ્ચે જ બોલી ઊઠી: 'ગજવિમોચનને નામે આ દરિયામાં કોઇક બીજું અમારું નામ કલંકિત કરી રહ્યું છે. પરમેશ્વરી એ જાણે છે. કાકુલ નાખવો પણ જાણે છે. આ બહુ જ ખાનગી વાત છે, અપ્પા! તમે કાકુલને પૂછજો.' ચમ્પકમે કહ્યું.

'ખાનગી હોય તો એ અમને ન કહે, બેટા!' બાબલે કહ્યું. ચમ્પકમ્ જરા ચૂપ રહી. પછી આંગળીએથી વીંટી ઉતારીને બોલી, 'અપ્પા, આ કાકુલને દેખાડજો. પછી એ તમારાથી કોઈ રહસ્ય નહિ છુપાવે.' બોલતાં બોલતાં ચમ્પકમ્ જરા શરમાઈ ગઈ. બાબલથી એ છૂપું ન રહ્યું. 'એ નકલી ગજવિમોચનનો અહીં સુલમ્બોમાં પણ કોઈ સમર્થ મિત્ર છે.' ચમ્પકમે ઉમેર્યું. 'એટલે?' બાબલે આશ્ચર્યથી પૂછ્યું.

'અપ્પા, એ વાત જરા લાંબી છે. ફરી કાલે આવીશ.'

બીજે દહાડે બાબલે નકશા દોરવાનો બધો સામાન અગસ્ત્ય મુનિની દેરીની પરસાળમાં જ ફેરવી દીધો, જેથી મંદિર તરફ એની વિશેષ આવજાવથી કોઇને શંકા ન ઊપજે.

ખંડ ૨૮ : ગ્રાહ અને તક્ષક

કુચીલ બેટના બે પક્ષ સમજાવતાં ચમ્પકમે કહ્યું કે પરમેશ્વરીને ઘણો વખત થયાં વહેમ હતો કે એના 'ગ્રાહગ્રસ્તપાદ હસ્તી'ના નેજાને નામે કોઈ ચીનીઓ ચાંચિયાગીરી કરી રહ્યા છે અને બલીના દરબારમાં એનું નામ કલંકિત કરી રહ્યા છે. પરમેશ્વરી પોતે એ ચાંચિયાઓની સામે ચડાઈ કરી એમને વાજબી શિક્ષા કરવાના મતનાં હતાં, પણ એના અમાત્ય વસુપ્રાપ્તોનો મત એવો ન હતો. એ વિષે પરમેશ્વરીએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે વસુપ્રાપ્તો, પોતે જ ઘટતી શિક્ષા કરશે એમ કહી બહાર પડ્યો.

'આ વાતને લાંબો વખત થઈ ગયો છે. હજુ એ પાછો ફર્યો નથી. દરમ્યાન પરમેશ્વરી અધીરાં બની ગયાં છે.' ચમ્પકમે કહ્યું: 'વસુપ્રાપ્તોની ગેરહાજરીમાં મધુગન્ધો કારભાર સંભાળે છે. થોડા દહાડા પહેલાં મધુગન્ધો પણ બે પિરાહુ લઈ ઊપડી ગયો છે. મધુગન્ધો વસુપ્રાપ્તોનો માણસ છે. અહીં ઘણાંખરાં એનાં જ માણસો છે. ગજવિમોચનનો નેજો એના વાસ ઉપર ઊડે છે. હવે પરમેશ્વરીને લાગે છે કે ગ્રાહ અને તક્ષક—વસુપ્રાપ્તો અને ચીની ચાંચિયા, બે ય મિત્ર છે. પરમેશ્વરીને હવે એ વિષે શંકા નથી, એટલે એણે પોતાના આવાસ ઉપર પોતાના પિતાનો રજલ શંખાંકિત ઝંડો ફરફરાવ્યો છે. એ નેજો વસુપ્રાપ્તો સામેના બંડ જેવો ઊડે છે. પરમેશ્વરી પોતે ગબ્બર દરિયાસારંગ છે. આજે જો અહીં બેટમાં પૂરતાં પિરાહુઓ હોય, તો એ જાતે જ ચીનીઓ સામે બહાર પડે એટલી એ સબૂરી ખોઇ બેઠાં છે.'

બાબલ આ સાંભળીને પરમેશ્વરીને મળવા અધીરો થઇ ગયો. એ પણ હવે 'તક્ષક'વાળા નેજાનો ભેટો કરવાને તલપાપડ બની ગયો.

તે રાતે બલીલિંગની ખાડીમાં જે પિરાહુ છુપાયું હતું એ ચીની હતું એમ ગજમદોએ જ કહ્યું હતું; છતાં એને પણ એણે ગજવિમોચન કહ્યું હતું. બાબલ અજબ થઈ ગયો. ગજમદોના એકેએક શબ્દમાં કેટલો અર્થ ભર્યો હતો તે હવે એ સમજ્યો; અને એ અર્થ આજ સુધીના બનાવો કેવો સચોટ સમજાવી રહ્યા હતા એનાથી એ અજબ થઇ ગયો. જો તન્ગમને દરિયામાંથી ચીની પિરાહુએ જ ઉપાડી હોય અને અજયપાળને એ ખબર કોઇ ને કોઈ રીતે મળ્યા હોય અને એણે હુડબડાઈમાં ચીનીઓનો પીછો પકડ્યો હોય, તો બે ય જણ ચીનીઓના થાણામાં પહોંચ્યાં હોવાં જોઇએ. અનુભવી નાખવાને હવે શક ન રહ્યો કે નિદાન અજયપાળ તો ભૂરે હાલે કેદી હશે. આ વિચારો ઝડપથી કરી લઇ એણે ચમ્પકમને કહ્યું: 'મારે પરમેશ્વરીને મળવું હોય તો?'

'અપ્પા, એ કેવળ અસંભવિત છે. પરમેશ્વરીએ જ્યારથી ચીનીઓ પર ચઢાઈનો આગ્રહ પકડ્યો છે, ત્યારથી વસુપ્રાપ્તોએ એની આસપાસ અનેક ભેદુઓ મૂક્યા છે. કોઈ પણ એની જાણ વગર પરમેશ્વરીને મળી શકતું નથી. મારી સૈનિકાઓ રંગમહેલની રક્ષક જ નથી, એ વસુપ્રાપ્તોની ભેદુઓ પણ છે; ને હું, એ સૈનિકાઓની નાયિકા છું.' ચમ્પકમ્ જરા નીચું જોઈ રહી. પછી ઝટઝટ કહેયું, 'ખરેખર તો પરમેશ્વરીએ જ મને વસુપ્રાપ્તોની કારવાઈ જાણી લેવા નાયકપદ સ્વીકારવા પ્રેરી છે. પરમેશ્વરી હજારમાં એક છે; એ વિરલ સ્ત્રી છે: મને એના પર ખૂબ પ્રેમ છે.'

'પણ પરમેશ્વરીને બધી હકીકત સમજાવી એને પોતાને જ પૂછી જો ને, બેટા! મારે એ તક્ષકનો રાફડો ખોદી નાખવો છે. આપણી તન્ગમ્ ત્યાં છે અને આપણો અજયપાળ પણ ઘણુંખરું ત્યાં જ છે. બીજા પિરાહુઓની મને જરૂર નથી! હું એકલો જ ત્યાં પૂરો પડીશ; પણ પરમેશ્વરીનો સાથ હોય તો આપણું કામ વધારે આસાન બનશે.'

તન્ગમ્ જળાસાગરમાં ડૂબી ગઈ હોય એમ માનવાને બાબલ તૈયાર નહોતો એ જોઈ ચમ્પકમ્ હિંમતમાં આવી ગઈ. એણે પરમેશ્વરીની અનુજ્ઞા માગવાનું કબૂલ કર્યું.

સાંજે બાબલ નકશા લેવા ફરી ગઢિરમાં આવ્યો. નકશા સંકેલતાં, એક નકશા પર કંઈ અક્ષર દેખાયા. બાલી લિપિમાં એમાં કંઈક લખ્યું હતું. રાત્રે એણે સુપર્ણોને એ અક્ષરો વંચાવ્યા: 'કરુન્ન વાવ: અર્ધરાત્રી: શક્તિ કોવિલો પક્ષ્મ'. સુપર્ણોએ વાંચ્યું પણ કંઈ ન સમજ્યો. બાબલ સમજી ગયો: અમાસની મધ્યરાત્રે, શક્તિ ગઢિરને પડખે લિપિ બાલી હતી, શબ્દો મળયાલી હતા. એ ચમ્પકમ્નો જ સંદેશો હતો. (ચાલુ)

બોધિવૃક્ષ : પીપળો



ભારતભરના હિન્દુ તેમજ જગતભરના બૌદ્ધ એ બંનેને મન એકસરખો પૂજનીય ગણાતો પીપળો (અશ્વત્થ) આપણા સહુનો તો અતિશય પરિચિત છે. ગામેગામનાં મંદિર ને કૂવાની બાજુમાં જ એનું અનન્ય સ્થાન હોય છે. વિશ્વવંદ્ય ગૌતમ બુદ્ધના જીવન સાથે સંકળાયા પછી છેલ્લાં ૨૫૦૦ વર્ષથી તે બોધિવૃક્ષના નામથી પણ ઓળખાય છે, ને બૌદ્ધ ધર્મનાં પ્રતીકોમાં તેની ગણના થાય છે. પ્રતીક તરીકેનું તેનું મહત્ત્વ વિવિધ છે. હિંદુ ધર્મકથાઓમાં કૃષ્ણાવતારનું પ્રથમ સ્વરૂપદર્શન તેના પાનમાં થવાથી, ગુજરાતના સુલતાનોના ધ્વજના શિખર પર એ જ પાન હોવા સુધીના દાખલા મળે છે. બૌદ્ધ ચૈત્યોની બારીનો આકાર પણ પીપળાના પાન જેવો રખાયો છે.

વધતાં વધતાં પીપળો ખાસ્સો મોટો ઘેરાવો ધારે છે. પાનખરમાં કદી તદ્દન ઉઘાડાં ન થતાં વૃક્ષોમાં એની ગણના થાય છે. ગરમીના થોડા દિવસો પૂરતાં એનાં થોડાં થોડાં પાંદડાં ખર્યા કરે છે, બાકી તો વર્ષ આખું તે લીલોછમ જ રહે છે. અચરજ તો એ કે ગમે તેવા દુષ્કાળમાં ને તેથી ઊલટું, ગમે તેવા ઠારમાં પણ તે ટકી શકે છે. છાલ સુંવાળી ને રંગે મેલી ધોળી; જૂની પડતાં ફાટીને પોપડા થઈ છૂટી પડી જાય. તેનાં પાંદડાં કંઈક અંશે ઈંડાના આકારનાં, નીચેથી પહોળાં ને આગળ જતાં એકાએક સાંકડાં થઈ પૂંછડી જેવી લાગતી ટોચવાળાં. તેનો ઉપલો ભાગ ખૂબ જ ચકચકિત ને લીસો. દાંડલી આશરે ત્રણચાર ઇંચ લાંબી, પાતળી ને સહેજ ચપટી. તાજાં પાંદડાં વસંતઋતુમાં ફૂટે, જે રંગે લીલાશ પડતાં ખૂલતાં ગુલાબી.

પીપળાનાં પુષ્પો ત્રણ જાતનાં : નર, માદા ને નિષ્ક્રિય. નરને એક જ કેસર હોય, માદાને ગર્ભાશય. નિષ્ક્રિય પણ માદાને મળતાં જ. બધામાં જીવાત તો પુષ્કળ, જેને લઈને ફળબીજ રચાય. એપ્રિલથી જૂનમાં કે ઑક્ટોબર-નવેમ્બર માસમાં દાંડલી ને ડાળીના જોડાણની બરાબર પકડમાં ચણીબોર જેવાં ગોળાકાર નાનાં ફળ (પેપડી) બેસે છે. પાકાં થતાં તે રંગે ઘેરાં જાંબુડિયાં બને છે. તેમાં પણ જીવાત પુષ્કળ. ફળનો વ્યાસ અરધો ઇંચ જેટલો.

પીપળો ઉગાડવાનું બહુ જ સહેલું છે. કાપેલી ડાળ વાવવાથીયે તે ચોટીને પાંગરી ઊઠે છે. નહિતર આડેઅવળે આપમેળે ફૂટી નીકળેલા છોડવાને પણ ઇપ્સિત સ્થળે રોપી શકાય. (બીજ વાવીને ઉછેરવા તો દુષ્કર છે.) નવાઈ જેવું તો એ કે તેની પેપડી ખાધેલાં પક્ષીઓની હગાર દ્વારા વેરાએલાં બીજમાંથી તે અવાવરુ વાવકૂવા, પડતર ઘર વગેરેની ભીંતમાં ને અન્ય કોઈ વૃક્ષ પર પણ ઊગેલો નજરે ચડે છે.

છાંયડો આપનાર ઘટાવૃક્ષ તરીકે તે વવાય છે. ઉપરાંત, તેનાં પાંદડાં બકરાં, ભેંસ, ઊંટ તથા હાથીને ખોરાકમાં અપાય છે. તેનું લાકડું ઇમારતી કે વપરાશના કામ માટે કાંઈ ખપમાં આવતું નથી, સિવાય કે યજ્ઞના અગ્નિના સમિધ તરીકે. વળી તેને અંગેની ધર્મભાવના ખૂબ જ પ્રબળ હોવાથી તેને કોઈ કાપતું પણ નથી. તેની છાલ ગૂમડાં કે ઘારાં મટાડતી હોવાનું તથા છાલની રાખ પાણીમાં ઓગાળી ગાળીને આપવાથી કૉલેરાની અસર નાબૂદ કરતી હોવાનું મનાય છે. તેની પેપડી વિરેચક તથા પાચક છે, અને તેની કુમળી ડાળીઓનો રસ હેડકી, અજીર્ણ અને કૉલેરા ઉપર અપાય છે. ગુણમાં તે શીતળ, પિત્તહર અને કફઘ્ન છે. તેની લાખ રંગાટીકામમાં વપરાય છે.




ફળ, કૂંપળ ને પાંદડાં સાથેની પીપળાની ડાળ







ઉત્તર ભારતમાં બારહુત, મધ્ય ભારતમાં સાંચી અને દક્ષિણ ભારતમાં અમરાવતીના અવશેષોમાં બૌદ્ધ કલાનું જે પ્રથમ સ્વરૂપ જોવા મળે છે તેમાં થાંભલા અને કઠેડા ઉપરની સૂચિ-ગોળ તકતીઓમાંનાં શિલ્પો એક વિશિષ્ટ અંગ છે. એમા બુદ્ધ જીવનના કે તેમના પૂર્વજન્મની જાતકકથાઓના પ્રસંગો આદિનાં જે શિલ્પાલેખનો વર્ણનાત્મક પદ્ધતિએ તથા ભરચક સંયોજનથી કરેલાં છે તેની શૈલી પ્રાથમિક દશાની પણ આવેગપૂર્ણ અને બલવતી છે. આ ઉપર વચ્ચેના ચિત્રમાં બારહુતના કઠેડાની સૂચિ પરના શિલ્પમાં ભગવાન બુદ્ધની માતા માયાદેવીના સ્વપ્નનું આલેખન છે, જેમાં આકાશમાંથી સફેદ હાથી ઊતરીને પોતાની જમણી અંગમાં પ્રવેશ કર્યાનું તેને સ્વપ્ન આવે છે. તેનો અર્થ બીજે દિવસે એવો કરવામાં આવે છે કે તેને એક એવો પ્રભાવશાળી પુત્ર અવતરશે જે રાજ્ય અથવા ધર્મનો ચક્રવર્તી થશે. ઈ. પૂર્વની બીજી સદીનું સુંગ કાળનું બૌદ્ધકળાના પ્રાથમિક સ્વરૂપનું નિદર્શક એ શિલ્પ કલકત્તાના સંગ્રહસ્થાનમાં છે. પહેલી અને ત્રીજી એ ગોળ તકતીઓમાંના શિલ્પ દક્ષિણમાં ચરમ સીમાએ પહોંચેલી બૌદ્ધ કળાના સમૃદ્ધ સ્થાનક અમરાવતીના અવશેષો પૈકીના છે. પહેલી તકતીમાંનું ચિત્ર ગાંડા હાથીને વશ કરતા બુદ્ધના જીવનપ્રસંગનું છે, જેમાં તેમના ઇર્ષ્યાળુ ભાઇ દેવદત્તે, બુદ્ધ જ્યારે રાજગૃહમાં હતા ત્યારે તેમને મારી નાખવા માટે એક હાથીને દારૂ પાઇને ગાંડો કરી તેમના આવવાના સાંકડા માર્ગમાં દોડાવ્યો. (જુઓ ડાબી બાજુનું હાથીનું ચિત્ર) પણ ભગવાને સ્વસ્થ ને શાંત નેત્રે તેની સામે એવી કરુણાથી જોયું કે હાથી નમ્ર બની બુદ્ધનાં ચરણોમાં ઢળી પડ્યો. એ ઢળી પડતા હાથી તથા બુદ્ધનું આલેખન એ તકતીના જમણા ખૂણે છે. છેલ્લી તકતીમાં ભગવાન બુદ્ધના ભિક્ષાપાત્રનું સંમાન-પૂજન કરતા લોકસમુદાયનો ઉત્સવપ્રસંગ આલેખ્યો છે, જેમાં માથા પર ભિક્ષાપાત્ર ધરી રહેલી વચલી વ્યક્તિની ચોમેર ભક્તિના ઉદ્રેકવાળા માનવસમુદાયનો આવેગ દાખવતું ભરચક અને બળવાન શિલ્પ છે. બંને તકતીઓ ઈસ્વી સનની બીજીથી ત્રીજી સદીના કાળની શિલ્પકળાની પ્રતિનિધિરૂપ ગણાય.



એશિયાભરમાં ચરમ સીમાએ પહોંચેલી બૌદ્ધ કળાનું શિખર જાવામાંનું બોરો-બુદુરનું વિરાટ ને ભવ્ય મંદિર ગણાય છે. તેની ભીંતો પર માનવજીવન અને બૌદ્ધ કથાનકોની જે શિલ્પતકતીઓ કંડારેલી છે તેની લંબાઈ ત્રણ માઈલ થવા જાય! એવી એક તકતીમાં (ઉપર) ભગવાન બુદ્ધને ખીર અર્પણ કરવા આવેલી સુજાતાનો પ્રસંગ છે. તેમાંનું સુજાતાનું સુંદર પાત્ર મોટું કરી નીચે દર્શાવ્યું છે.





પરદેશમાંનું એવું જ સુંદરતમ બીજું બૌદ્ધ શિલ્પ તે બ્રહ્મદેશમાં પગાન ખાતે આવેલા 'આનંદમંદિર'માંની આ ઉપર આપેલી ભગવાન બુદ્ધના જન્મપ્રસંગની કૃતિ. એમાં દાસીને સહારે શાલવૃક્ષની ડાળી પકડી ઊભેલાં માયાદેવીની જમણી કૂખમાંથી (ઊંચા કરેલા હાથની નીચે) બાળ બુદ્ધને પ્રકટ થતા દર્શાવ્યા છે. લાલ માટીરંગી ભોંય પર ઉપસાવેલું આ શિલ્પ સોનાથી રસેલું છે. સરખામણી માટે બુદ્ધજન્મનું એવું જ બીજું શિલ્પ નીચે આપ્યું છે.



↑ નાલંદાની બૌદ્ધ વિદ્યાપીઠનાં ખંડિયેરોમાંથી મળેલું અગિયારમી સદીનું આ પાષાણશિલ્પ કલકત્તામાંના ભારતીય કલાસંગ્રહસ્થાનમાં આવેલું છે.



બોધિસત્ત્વ પદ્મપાણિનાં ત્રણ વિવિધ ચિત્રાંકનો



←દુનિયાભરનું એક અણમોલ કલારત્ન ગણાતું અજંતાની પહેલા નંબરની ગુફાની ભીંત પરનું છઠ્ઠી સદીનું બોધિસત્ત્વ પદ્મપાણિનું આ ચિત્ર, તથા(ઉપર)મધ્યભારતમાં બાઘની ગુફાઓની ભીંત પરનું એ જ મંગલમૂર્તિનું સાતમી સદીનું ભીંતચિત્ર, અને (જમણી બાજુ) જાપાનના હોરીયુજીના મંદિરની ભીંત પરનું છઠ્ઠી સદીનું બોધિસત્ત્વનું ચિત્ર,–ત્રણે કૃતિઓ એશિયાની ચિત્રકળાનું પ્રેરણાસ્થાન અજંતાની કલાવીથિઓ જ હતી એ સ્પષ્ટપણે દર્શાવી રહે છે.








મંગલમુદ્રામય તથાગત

ડાબી બાજુ: કન્હેરીની ગુફાઓમાંનું શિલ્પ: ફોટો–અશ્વિન મહેતા; જમણી બાજુ: થાઇલૅન્ડમાંનું બારમી-તેરમી સદીનું ધાતુશિલ્પ, એમના મુખ પરની સર્વહિતરત મુદ્રા નોંધપાત્ર છે.

ગુજરાતના બૌદ્ધ અવશેષો

લેખક · ડૉ. પ્રિયબાળા શાહ
એમ.એ., પીએચ.ડી.(મુંબાઇ), ડી.લિટ.(પારીસ)

ગઈ વૈશાખી પૂર્ણિમાએ પરમ કારુણિક ભગવાન બુદ્ધની જન્મતિથિને પ્રસંગે, એમના પરિનિર્વાણની અઢી હજારમી સંવત્સરી દુનિયાએ ઊજવી, તેમાં ભારત મોખરે હતું. આ માસમાં ફરી એ નિમિત્તે ભારતમાં જગતભરના બૌદ્ધધર્મીઓનું સમેલન યોજાનાર છે. એના અનુસંધાનમાં, ભગવાન બુદ્ધે પ્રસ્થાપિત કરેલા ધર્મસંપ્રદાયના ગુજરાતમાંના અવશેષોનું આપણે અવલોકન કરીએ.



જૂનાગઢમા ગિરનારના તળેટી પાસે આવેલો, 'અશોકના શિલાલેખ'ના નામથી ઓળખાતો આ 'શૈલકણ' એ ગુજરાતનો પ્રાચીનતમ બૌદ્ધ અવશેષ છે. તેના ઉપર અશોક, ક્ષત્રપ રુદ્રદામા અને ગુપ્ત સમ્રાટ સ્કન્દગુપ્ત એમ ત્રણે સમ્રાટોના લેખો કોતરેલા છે.

આજના ગુજરાતમાં પ્રાચીન આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટના પ્રદેશો ઉપરાંત હ્યુએનત્સંગના કાળમાં ગુર્જરપ્રદેશ તરીકે ઓળખાતા ભિન્નમાલ–શ્રીમાલના પ્રદેશનો પણ સમાવેશ થાય છે. તેમાં સૌ પ્રથમ સૌરાષ્ટ્રના ગિરિનગર-ગિરનાર–જૂનાગઢથી આપણી યાત્રા શરૂ કરીએ.


જૂનાગઢ શહેરની પૂર્વે એકાદ માઇલને અંતરે ગિરનારની તળેટી પાસે, કવિ નાનાલાલના શબ્દોમાં કહીએ તો એક 'શૈલકણ' છે. જમીનથી લગભગ બાર ફૂટ ઊંચી અને આશરે ૭૫ ફૂટના ઘેરાવાની, ગિરનાર જતા સાંકડા માર્ગ ઉપર આવેલી એ શિલા ઇતિહાસની મોંઘી સ્મૃતિ છે અને માત્ર ગુજરાતના જ નહિ, પણ સમસ્ત ભારતના ઇતિહાસના સાધન તરીકે એ અદ્વિતીય છે. તેના ઉપર ત્રણ સમ્રાટોના લેખો કોતરેલા છે: દેવાનાંપ્રિય પ્રિયદર્શી મહારાજ અશોક, (ઈ. સ. પૂ. ૨૭૪-૨૩૭) મહાપ્રતાપી ક્ષત્રપ રુદ્રદામા (ઈ. સ. ૧૫૦) અને ગુપ્ત સમ્રાટ સ્કન્દગુપ્ત (ઈ. ૪૫૬). આમ સાત સૈકાથી પણ અધિક કાળ ઉપર આ શિલા પ્રકાશ પાડે છે, પણ અત્યારે તો આપણી દૃષ્ટિ મહારાજ અશોકની ધર્મલિપિ જ શોધે છે.


એ ધર્મલિપિઓમાં કહેલી ઘણી બાબતો ગુજરાતના લોકજીવનમાં વારસારૂપે ઊતરી આવેલી છે. ઉદાહરણ તરીકે 'અહીં કોઈ પણ જીવતા પ્રાણીને મારવું નહિ તેમજ હોમવું નહિ' એ ધર્માજ્ઞાના અનુસંધાનમાં ગુજરાતે કેળવેલી પશુદયાની ભાવના. 'બે પ્રકારની ચિકિત્સા સ્થાપવામાં આવી: માણસની ચિકિત્સા અને પશુની ચિકિત્સા.' અને 'જ્યાં જ્યાં મૂળ અને ફળ નહોતાં ત્યાંત્યાં તેના રોપાઓ મંગાવવામાં આવ્યા અને ઉગાડવામાં આવ્યા. પશુ અને માણસના ઉપયોગ માટે રસ્તાઓ ઉપર કૂવાઓ ખોદાવવામાં આવ્યા અને વૃક્ષો રોપવામાં આવ્યાં.' આમાં પશુઓની માવજત કરવાની, ખાસ કરીને ખોડાં ઢોરને સાચવવાની ગુજરાતની પ્રથાનાં મૂળ જણાય છે. વાવ-કૂવા કરાવવાની તો ગુજરાતને જરૂર જ હતી અને તે દાનની પ્રથા પણ અહીં નિર્દિષ્ટ છે. પણ એ ધર્મલિપિઓ સૌથી મહત્ત્વની ભાવના કહે છે તે તો ભિન્નભિન્ન ધર્મસંપ્રદાયો તરફ આદરની ભાવના: 'બ્રાહ્મણ અને શ્રમણ તરફ ઉદાર વૃત્તિ સારી છે.' બ્રાહ્મણો અને શ્રમણો તરફ 'સંપ્રતિપત્તિ કહેતાં વિનય કે સેવા.' 'દેવોનો પ્રિય રાજા ઇચ્છે છે કે બધા પંથો બધે વસવા જોઈએ. તે બધામાં સંયમ અને ભાવશુદ્ધિ ઇચ્છે છે.'

ઘણે ભાગે તત્કાલીન રાજાઓ કે ધનિક અને શ્રદ્ધાળુ ધાર્મિક પુરુષોએ, બૌદ્ધ સંઘની સત્સંગ વગેરેની સગવડ માટે તેમજ ભિખ્ખુ-ભિખ્ખુણીઓ તથા વિરક્ત બૌદ્ધોના એકાન્તવાસ સારુ બૌદ્ધ વિહારો, ચૈત્યો, સ્તૂપો તેમજ ગુફાઓ બંધાવ્યા હોવાના યા ડુંગરોમાંથી કોતરાવ્યાં હોવાના ઉલ્લેખો ઠેકઠેકાણે મળી આવ્યા છે. ગુજરાતમાં પણ જ્યાં-જ્યાં ડુંગરો છે ત્યાંત્યાં કેટલીક સાદી કે શિલ્પકામવાળી ગુફાઓ નજરે પડે છે. આ ગુફાઓ પૈકી જૂનાગઢ પાસે આવેલી ઉપરકોટની, ત્યાંથી ત્રીસેક માઈલ દૂર ઢાંક ગામની, ઊના ગામ પાસે સાણાના ડુંગરોની તથા ભાવનગર પાસેની તળાજાની ટેકરી પરની ગુફાઓ ઉલ્લેખનીય છે.

જૂનાગઢની પૂર્વ દિશામાં આવેલા 'બાવાપ્યારાના મઠ' નામના સ્થાનક પાસે કેટલીક બૌદ્ધ ગુફાઓના અવશેષો આવેલા છે. તે ત્રણ હારમાં છે. એ બધી ચોરસ કે લંબચોરસ આકારની સાદી ઓરડીઓ જેવી જ છે, માત્ર વચલી ગુફા છાપરામાં બારીવાળાં, ઈ. સ.ની શરૂઆતનાં ચૈત્યો જેવી છે. તેમાં ખાસ બે જ વસ્તુઓ સ્થાપત્યની દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી છે. એક એ ગવાક્ષની પીપળપાન આકારની કમાનો અને બીજી તે દેગડા જેવી કુંભી તથા શિરાવાળા ગોળ થાંભલા, જે નાસિક અને ઇલોરાની ગુફાઓ તથા બારહૂતના સ્તૂપના થાંભલા સાથે મળતા આવે છે. વળી આ ગુફાઓમાંના લેખોમાંના કેટલાક પારિભાષિક શબ્દો, તથા મથુરાના જૈન સ્તૂપ જેવા સ્વસ્તિક, ભદ્રાસન, નંદીપદ, મીનયુગલ અને કલશાદિ ચિહ્નો ઉપરથી ઘણા એને જૈન ગુફાઓ હોવાનું માને છે. આનો ખુલાસો એમ કરી શકાય કે મૂળની બૌદ્ધ ગુફામાં જૈનોએ પાછળથી પોતાના લેખ અને ચિહ્નાદિ કોતરી પોતાના ઉપયોગમાં લીધી હોય; કારણ કે કાળક્રમે એક ધર્મનો પ્રચાર ઓછો થતાં અને તેનાં સ્થાનકો વપરાશમાંથી નીકળી જતાં એ જ મંદિરો, ચૈત્યો ને વિહારોનો ઉપયોગ બીજા ધર્મવાળાઓ કરતા આવ્યા છે. દાખલા તરીકે નાસિકની બૌદ્ધ ગુફાઓ હાલમાં પાંડવની ગુફાઓ તરીકે જાણીતી થઈ છે; તેવી જ રીતે માંડવગઢમાં એક મસ્જિદ શિવાલયનું સ્થાન પામી છે. આથી લાગે છે કે આમાંની કેટલીક તો મૂળ બૌદ્ધ જ હશે, કેટલીક પાછળથી જૈનોએ પણ ખોદાવી હશે, જ્યારે બીજી થોડીક, જરૂરી ફેરફારો કરીને ઉપયોગમાં લેવાઈ હશે. આ ગુફાઓ અશોકના સમય પછી તરત જ થઇ હોય એમ જણાય છે.

ઉપરકોટમાંની ગુફાઓ બાવાપ્યારાની ગુફાઓ કરતાં મોડા સમયની લાગે છે. તેની બે માળની ઇમારત, ચૈત્યાકાર સુંદર કમાનો અને





મથાળે: જૂનાગઢમાં આવેલી બૌદ્ધ ગુફાઓના દ્વારદેશની રચના તથા તેના ઉપરનાં સ્વસ્તિક તેમજ બૌદ્ધ પ્રતીકો; નીચે: ઉપરકોટ (જૂનાગઢ)માં આવેલી ગુફામાંના સ્તંભની વિગતો–સામેના પાના પરના વચલા ચિત્રમાં દર્શાવેલી

કલામય થાંભલા શિલ્પની કુશળતા સૂચવે છે. પહેલા મજલાની વચમાં ૧૧ ફૂટનો એક ચોરસકુંડ છે અને ફરતી પરસાળ પણ છે. જોકે શિલાલેખના અભાવે આ ગુફાઓનો ચોક્કસ કાળનિર્ણય થવો મુશ્કેલ છે, પણ ઇલોરા અને બાઘની સાતમી કે આઠમી સદીની ગુફાઓના જેવી જ આ ગુફાઓને પણ આપણે એ જ કાળની લેખી શકીએ. આ ગુફાઓના થાંભલાની કુંભી અન્ય ગુફાઓની સ્તંભ-કુંભીઓ કરતાં જુદી જ જાતની છે. બીજા મજલાનું પ્રવેશદ્વાર એક ૩૬ ફૂટ લાંબા અને ૨૭ ફૂટ પહોળા સ્નાનાગારના ઈશાન કોણમાંથી છે. છ થાંભલાના આધારે તેની છત રહેલી છે. અહીંનું શિલ્પકામ ઉચ્ચ કોટિનું છે. પરંતુ ખડક સારો નહીં હોવાથી ઘણો નાશ થઈ ગયો છે. ચૈત્યબારીઓ બૌદ્ધ કમાનોથી શણગારેલી અને તેમાંથી જાણે બે વ્યક્તિઓ બહાર ડોકિયાં કરતી માલૂમ પડે છે. છતને ટેકવતા સ્તંભો પણ સુંદર શિલ્પયુક્ત છે તેથી મનાય છે કે આ ગુફાઓ સાધારણ વિહાર નહિ હોય. અહીં બુદ્ધની મૂર્તિ નથી કે એવાં કોઇ ચિહ્નો પણ નથી કે જેથી આપણે તેને મહાયાન કાળમાં કે તે પૂર્વેના સમયમાં મૂકી શકીએ.

જૂનાગઢની ઉત્તરે આવેલા બીજા બૌદ્ધ અવશેષ તે 'ખેંગાર મહેલ' કે 'ખાપરા-કોડિયાના મહેલ' નામનું સ્થાનક. તેમાં પણ ઘણાં ઓરડા ઓરડીઓ છે. મૂળ એ બે મજલાની ઇમારત હોવાનું મનાય છે. અહીં કોઇ પણ જાતનું બૌદ્ધ કે બીજા કોઈ ધર્મનું ચિહ્ન નથી, પણ ઉપરકોટની ગુફાને તે આબેહૂબ મળતી આવતી હોઈ તેને બૌદ્ધ માનવામાં ખોટું નથી. સ્થાન ઘણું ખંડિત થઇ ગયું હોઈ આ ગુફા કયા હેતુસર બંધાઈ હશે તે સમજાતું નથી, પરંતુ બૌદ્ધ સ્થાનકો મોટે ભાગે વિહારો, મઠ કે વિદ્યાલયો માટે બંધાયા હોય છે તેમ આનું પણ હશે.

જૂનાગઢથી ૩૦ માઈલ દૂર વાયવ્ય કોણમાં ઢાંક નામનું ગામ છે. તેની પાસે પણ કેટલીક નાનીનાની તદ્દન સાદી ગુફાઓ છે. અહીં સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જ દેવદેવીઓનાં શિલ્પ નજરે પડે છે, પણ તે ઘણી ભગ્ન દશામાં છે. ઢાંકથી કેટલાક માઇલ દૂર સિદ્ધેશ્વર નામના ગામ પાસે પાંચ ગુફાઓ છે જે ઝીંઝુરીઝારને નામે જાણીતી છે. તેના થાંભલા અને કમાનો બૌદ્ધ ગુફાઓનો સ્પષ્ટ ખયાલ આપે છે. એ પાંચમાં ઉત્તર બાજુની છેલ્લી ગુફા સૌથી મોટી (૧૩×૨૦ ફૂટની) છે. તેની આગળ એક સાંકડી ઓસરી છે અને અંદર છ ચોરસ થાંભલા છે. તેનું છાપરું ખાપરા-કોડિયાની કે ઉપરકોટની ગુફાને મળતું આવે છે.

સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે, રાજુલાની પશ્ચિમે ૧૨ માઈલ પર સાણા નામનો નાનો ડુંગર છે. તેમાં લગભગ ૬૨ ગુફાઓ છે. તે હીનયાન પંથના બૌદ્ધોની મનાય છે. એમાં ૬૮॥×૬૧ ફૂટના માપની અને ૧૯॥ ફૂટ ઊંચી સૌથી મોટી ગુફા તળાજાના એભલ મંડપના જેવડી છે. આ ગુફાની આગળ છ થાંભલા છે, પણ અંદરની વિશાળ છતને ટેકવવા એક પણ થાંભલો નથી! આ સાણાની ગુફાથી ૧૨૦ ફૂટ ઊંચાઈ ઉપર ભીમચૌરી નામે બીજી બૌદ્ધ ગુફા છે. તેને આગળપડતી ઓસરી છે અને ૩૮×૪૦ ફૂટની તેની છત ઘુમ્મટ કે લોટાના આકારની છે, જે ચાર ચતુષ્કોણ થાંભલાને આધારે રહેલી છે. આ ગુફાઓના થાંભલા અને કોતરકામની ઢબ નાશિકની નહપાનની ગુફાઓ જેવી છે. ગુફાને ફરતી એક પરસાળ છે. તેની પાસે ૧૮ ફૂટ પહોળી, ૩૧ ફૂટ ઊંડી અને ૩૧॥ ફૂટ ઊંચી એક ચૈત્યગુફા છે. તેની છત સપાટ અને અંદરના ભાગમાં અર્ધ ગોળાકાર છે. તેમાંના ગંધકુટિ(સ્તૂપ)નો વ્યાસ ૮ ફીટ છે. તે તદ્દન સાદી અને અલંકારવિહીન હોવાથી કાળાંતરે હિંદુ ધર્મીઓ એને શિવના લિંગનો આકાર આપી તેને શિવલિંગ તરીકે પૂજવા લાગ્યા હતા.


અહીંથી સૌરાષ્ટ્રના પૂર્વ કિનારા તરફ જઇએ, વચમાં સુવિખ્યાત જૈન તીર્થ શત્રુંજયની ટેકરી નજરે પડે છે. આ સ્થળે આવેલું આજનું પાલીતાણા તે મૂળ પાદલિપ્ત નગર. પાદલિપ્ત એ પ્રસિદ્ધ બૌદ્ધાચાર્ય નાગાર્જુનનો શિષ્ય. અલબત્ત જૈનો તેને પ્રસિદ્ધ જૈનાચાર્ય પાદલિપ્તાચાર્ય સાથે જોડશે. આ પાદલિપ્ત નગર કે પાલીતાણા પણ પ્રાચીન કાળમાં બૌદ્ધતીર્થ હોવાની માન્યતા છે, પણ તેના પુરાવા

શોધાવા બાકી છે. શત્રુંજયના મંદિરગુચ્છમાં બહાર એક ખૂણે એક મોટી ભવ્ય મૂર્તિ છે, જેને લોકો અદબદજી કહે છે. આ 'અદબદજી' એ 'આદિ બુદ્ધ' શબ્દનું લૌકિક રૂપ જ ગણીને કેટલાક એ મૂર્તિને આદિ બુદ્ધની મૂર્તિ ગણે છે. આ સાચુ ઠરે તો એ ભવ્ય મૂર્તિ બૌદ્ધ શિલ્પનો એક ઉત્તમ નમૂનો ગણાય.

અહીંથી ભાવનગર જતાં તળાજા ગામ પાસે તળાજાની ટેકરી પર ત્રીસ ગુફાઓ આવેલી છે, જે પૈકી બે મોટી ગુફાઓ થાંભલાને આધારે ઊભેલા ચોરસ ખંડની છે. તેમાંની એક એભલમંડપને નામે ઓળખાય છે. તેમાં ૭૫ ફૂટ લાંબો, ૩૭ા ફૂટ પહોળો અને ૧૭ા ફૂટ ઊંચો એક ખંડ છે, જેમાં અષ્ટકોણાકાર થાંભલા છે. હાલ તે ભગ્નાવસ્થામાં છે. આવી એક ગુફા ગઢની અંદર છે, જેમાં એક ઊંચી વેદિકા છે, ગઢમાં એક બીજી નાની ગુફા છે તેને લોકો 'ધનકોઠી' તરીકે ઓળખાવે છે અને કહે છે કે એ કોઠી તોડે તેને તેમાંનું ધન મળે! પણ તેનું મૂળ નામ 'ગન્ધકુટી' હશે. આ તળાજાની ને સાણાની ગુફાઓ રચના અને ચૈત્યના સપાટ છાપરામાં મળતી આવે છે ને બંને ગુફાઓ તદ્દન સાદી છે. સ્થાપત્ય અને શિલ્પના આ સામ્યથી કાલાનુમાન કરતાં આ બંને ગુફાઓ ઈ. સ. પૂર્વે ૧૫૦ની આજુબાજુની હોય એમ લાગે છે.

હવે આપણે સૌરાષ્ટ્રમાંથી નીકળી ઉત્તર ગુજરાત કે પ્રાચીન 'આનર્ત'માં આવીએ. હુ એન ત્સંગ પોતાની યાત્રાના વર્ણનમાં વલભી પછી Kiu-che-lo (ગુર્જર) ને તેના રાજધાની નગર Pi-lo-mo-lo(ભિન્નમાલ)નો ઉલ્લેખ કરે છે. તેનો રાજા બૌદ્ધધર્મી હોવાનું તેમજ તેના રાજ્યમાં સો ભિક્ષુકો માટે એક સંઘારામ હોવાનું જણાવે છે. આ સંઘારામ હીનયાનની સર્વાસ્તિવાદની શાખા સાથે જોડાએલો હતો. સંભવે છે કે આબુ, ઇડર વગેરેના ડુંગરોમાં પણ બૌદ્ધ વિહારો અને ચૈત્યો હશે. આ માન્યતાને તારંગાનું જૈન તીર્થ અનુમોદન આપે છે.

તારંગારોડ સ્ટેશનથી ડુંગરની તળેટીમાં આવતા ઉત્તર દિશામાં તારણમાતાની નાની ગુફા છે. એ ગુફામંદિરમાં બુદ્ધમાતા તારાદેવીની મૂર્તિ છે, જે બીજી માતાઓની જેમ પૂજાય છે. મૂર્તિની આસપાસ ये धर्मा हेतु प्रभवा: ઇત્યાદિ શ્લોક છે કે જે સાધારણરીતે બૌદ્ધ મૂર્તિઓ પર કોતરાએલો હોય છે. ગુફામંદિર પાંચમી શતાબ્દી જેટલું જૂનું મનાય છે. તેની પાસે જોગીડાની ગુફા નામની બીજી એક ગુફા છે, જેમાં લાલ પથ્થરમાં બોધિ વૃક્ષની બાજુએ ચાર બૌદ્ધમૂર્તિઓ કોતરેલી છે. તારંગાના મુખ્ય મંદિર અજિતનાથથી ટીંબા ગામ તરફને રસ્તે બે દરવાજાવાળી ગુફાઓ પણ બાંધેલી છે. આમ નામ પરથી ચોક્કસ સિદ્ધ થતું તો આ એક જ બૌદ્ધોનું સ્થાન ગુજરાતમાં છે.








મથાળે: જૂનાગઢમા બાવા પ્યારાના મઠ પાસે આવેલી બૌદ્ધ ગુફાઓ; વચ્ચે ઉપરકોટમાં આવેલી ગુફા જેમાંના કલામય થાંભલા તથા ચૈત્યાકાર શોભનો શિલ્પની કુશળતા દર્શાવે છે(જુઓ સામેના પાના પરની વિગતો).નીચે:સૌરાષ્ટ્રમાં તળાજાની ટેકરી પરની ગુફાઓમાંની ૭૫×૩૭ા×૧૭ા ફૂટના માપની વિશાળ પણ જર્જરિત ગુફા 'એભલમંડપ'.

અમદાવાદના એક જાણીતા કુટુંબમાં ખેડ ચાંદરણી ગામથી લવાએલી મૂર્તિઓમાં એક સંપૂર્ણ બૌદ્ધમૂર્તિ ગુપ્તકાલીન હતી.

વલભીના મૈત્રક રાજવીઓ અને રાણીઓએ દાનો આપી પોષેલા વિહારોનો, હુ એન ત્સંગે જોએલા સેંકડો સંઘારામોનો અને ઇત્સિંગે જાણેલા વલભી વિદ્યાપીઠની ભવ્ય જાહોજલાલીનો ખયાલ આપવાને આ રડયાખડયા અલ્પ અવશેષો સમર્થ નથી. વળી આ સિવાયના બીજા અવશેષો નષ્ટ થઈ ગયા હોવાનું માનવાને યે કારણ નથી, કેમકે ગુજરાતમાં આ વિષયની વ્યવસ્થિત શોધખોળ જ હજી થઇ નથી. તેમ થતાં ગુજરાત પરના બૌદ્ધ પ્રભાવ પર કદાચ વધુ પ્રકાશ પડે.

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક ૧૯૮૮
અંક ૯૫

સાઠ વર્ષની ઉમરના માણસનાં વીસ વર્ષ તો નિદ્રાના ખોળે જ વીત્યાં હોય છે. છતાં બીજા બે ભાગની જિંદગીમાં આપણે જે કામ કરીએ છીએ તે બધાંનો આધાર એ ત્રીજા ભાગમાં લીધેલી ઊંઘ પર જ છે. ઊંઘ બરાબર ન મળે તો તબિયત અને મન ઉપર તરત તેની અસર થાય છે. અને ઊંઘ એટલે પથારીમાં પડ્યા રહેવું એમ નહિ. આપણે કેવી રીતે અને કેટલો વખત ઊંઘીએ છીએ તેના ઉપર જ ઊંઘનો ખરો લાભ રહેલો છે.

સૂઈ જતાં પહેલાં મનને ઊંઘમાં જ દોરવું. ઉકળાટ-ઉછાળા શાંત પાડવા, અને એમ જ માનવું કે આપણે આરામ લેવા—શરીરને વિશ્રાંતિ આપવા જઈએ છીએ. દિવસ આખાનો કંટાળો કે થાક હોય અથવા સાંજે મગજ ઉશ્કેરાયું હોય તો સ્નાન (શિયાળામાં ગરમ પાણીએ) કરવાથી સ્વસ્થતા આવી જાય છે ને અજબ રાહત મળે છે. જોકે આપણને આપણી જાત ઉપર એટલો તો કાબૂ હોવો જોઈએ કે જરૂર પડતાં સ્નાન વિના પણ મગજને શાંત પાડી શકીએ. પણ એવી શક્તિ મેળવતાં સુધી સ્નાન દ્વારા શાંતિ અને આનંદ મળશે જ.

સૂવા જતાં પહેલાં શાંત ચિત્તે દિવસમાં કરેલો આનંદ યાદ કરવો જોઈએ અને દુઃખ કે શોક હળવાં કરી નાખવાં. આ રીતે મનને ભારરહિત કરી સૂવાની ટેવ પાડવાથી ઘસઘસાટ ઊંઘ જરૂર આવશે જ.

સૂવાના ખંડમાં વાદળી કે લીલા રંગ આગળપડતા હોય તો મગજને શાંતિ આપે છે. લાલ કે પીળા જલદ લાગે છે, તેથી સૂવાના ખંડમાં તેનો ઉપયોગ ન જ કરવો. સૂતા પછી ઘડિયાળ જોયા કરવાની ટેવ પણ સારી નથી. એથી મનનાં ચક્કરો પણ ફરવા માંડે છે. વળી યોજનાપૂર્વક કરેલી શારીરિક શિથિલતા મન ને શરીર બંનેને આરામ આપે છે. સામાન્યરીતે આપણે સૂઈએ છીએ ત્યારે શરીર શિથિલ બને છે જ; પણ તેમાં હાથપગને જ આરામ મળે છે. ચહેરાના સ્નાયુઓ ખેંચાએલા જ રહે છે.

પૂરી વિશ્રાંતિ મેળવવા આખું શરીર શિથિલ થવું જોઈએ. શરીરના દરેક સ્નાયુ પરથી ખેંચાણ દૂર થવું જોઈએ કે પૂરતો આરામ મળે. ખેંચાએલા સ્નાયુના દબાણથી ઊંઘ ઊડી જાય છે, અથવા તંત્રસ્નાયુના ખેંચાણથી કેટલીક વખતે બહુ જ બિહામણાં સ્વપ્નાં આવે છે. નિદ્રાની પૂર્વતૈયારી વખતે જે જુદાજુદા અવયવો ખેંચાણ ભોગવતા હોય તે પર નજર કરી તેને નરમ પાડવા. આમ ઢીલા પાડ્યા પછી એની શિથિલતા દર મિનિટે વધારવી. આ ક્રિયા ઊંઘ લાવવામાં સારી મદદ કરે છે. તબિયત નબળી ન હોય તો આવી શિથિલતા પથારીમાં પડતાં સહજ આવે છે. આ કુદરતી ક્રિયા અટકવા ન દેવી, પણ તેમાં વધારો કરવો જેથી નિદ્રાના પ્રેમાળ ખોળામાં સુખ મળે.

જગતના બધા મહાન પુરુષો સારી રીતે ઊંઘ લેનારા હોય છે. ઘણીખરી આગળપડતી વ્યક્તિઓની મહત્તા પણ વિશ્રાંતિને જ આભારી છે. એથી એમનું મગજ બહુ કામ આપે છે. આરામથી શરીરનું સૌંદર્ય પણ ટકી રહે છે. એવા ઘણા દાખલા મળી આવે છે કે મોટી ઉંમરે પહોંચ્યા પછી પણ જીવનક્રમ નિયમિત બનાવીને ઘણા જણ સારી રીતે આરામ લેવાથી જુવાની સાચવી શક્યા છે. શરીરમાં રોગ ત્યારે જ દાખલ થાય છે કે વિશ્રાંતિ જોઈએ તેવી મળતી ન હોય. સ્થિર, શાંત મન અને લાગણીઓવાળું સ્વાસ્થ્ય મેળવવા માટે ઊંઘ એ સૌથી પહેલું તત્ત્વ છે.

ઊગતા સૂર્યનાં કિરણો તમારા ઉપર ન આવે એવી જગ્યાએ તમારો ખાટલો રહેવો જોઈએ.

સૂવાના ઓરડામાં રસ્તાનો ઘોંઘાટ કે ઘરની ગરબડ ન સંભળાવી જોઈએ.

પથારી કરતાં તે પરની ચાદર ચારે બાજુ ઠીકઠીક વધારે હોવી જોઈએ, જેથી કરચલી કાઢી નાખીને તેને ખેંચીને ચારે પડખે દબાવી શકો; અને ઊંઘમાં તમારા આળોટવાથી ખેંચાઈ આવીને કરચલી પડી ન જાય.

મગજને શાંત કરવાને બાજુમાં રાખી આરામથી વાંચી શકો અને બુઝાવવો હોય ત્યારે બુઝાવી શકે. એવી સગવડનો દીવો જોઈએ.

તળાઈ એટલી બધી નરમ ન હોવી જોઈએ કે તમારે પડખું ફેરવવા અંદર બેઠા થવું પડે.

ખાટલો એટલો મજબૂત હોવો જોઈએ કે પાસું ફેરવતાં ચરડચૂ બોલે નહિ.

ઓછામાં ઓછો ભાર હોય છતાં ખૂબ ગરમાવો આપે એવો કામળો કે રજાઈ શિયાળાની ટાઢ વખતે બિછાના પર હોવાં જોઈએ.

ઐતિહાસિક સ્મૃતિનાં સ્થાનો, કલામય મંદિરો, મૂર્તિઓ અને અભિનવ કોતરણીનાં શિલ્પકામો જોયા વગર આપણી કેળવણી અધૂરી ગણાવી જોઈએ. મથુરા, જેપુર, મુંબાઈ, મદ્રાસ અને કલકત્તાનાં સંગ્રહસ્થાનો પણ નિરાંતે જોવા જવું જોઈએ. મદ્રાસ અને કલકત્તાનાં સંગ્રહસ્થાનોમાં હિંદી કળાના સંકાવાર નમૂના બહુ સારી રીતે ગોઠવેલા છે. એ ધ્યાનપૂર્વક જોવાથી મહાદેવજીને ત્રીજું નેત્ર ઊઘડ્યું હતું એમ આપણને પણ આ સ્થૂળ નેત્રો ઉપરાંત જ્ઞાનનું ત્રીજું નેત્ર ઊઘડી જાય છે, જીવન મધુરું લાગે છે ને ઉન્નત થઈ જાય છે.

પ્રાચીન સાહિત્યના અભ્યાસ, શોધખોળ અને પ્રસિદ્ધિ આપણે કર્યાં, સંસ્કૃત ભાષાનાં ઉત્તમ પુસ્તકોના અભ્યાસ અને ભાષાંતરો થયાં એનું શું પ્રયોજન હતું? જે વારસાના આપણે અધિકારી છીએ તે વારસો આપણે એ પરથી લીધો. એ જ મનોવૃત્તિથી આપણે જૂની કળાઓ સમજી લેવાની છે. એને ઊંડી દૃષ્ટિથી તપાસીશું કે ઐતિહાસિક સમયોના સાહિત્યના જ્ઞાન જોડે એને મૂકી જોઈશું તો આપણા પ્રતાપી ભૂતકાળનું એક અજબ દર્શન થશે. એનાથી બીજો પણ એક મોટો લાભ એ થશે કે આપણી રસવૃત્તિ કેળવાશે. પુસ્તકો, પ્રયોગશાળાઓ, કુદરત, કાવ્યો ને કથાઓ આપણને ઇંદ્રિયોથી પર એવું ઉચ્ચ સુખ આપે છે.

તળાઈ એટલી પોચી જોઈએ કે પડખે સૂતા હો ત્યારે હાથ તેમાં આરામથી પડ્યો રહે.

વાંચતી વખતે પીઠ ગોઠવી લેવાને એકાદ વધારાનું ઓશીકું કે તકિયો રાખવો જોઈએ.

સૂવાનો ઓરડો એવી જગ્યાએ હોવો જોઈએ કે બીજાઓની અવરજવર તેમાંથી ન થાય.

ઓરડાનાં બારીબારણાં રાત્રે અથડાતાં કે અવાજ કરતાં ન હોય તે ખાસ સંભાળજો.

ગરમીની ઋતુમાં આરામથી ઊંઘ લેવા માટે અવાજ કર્યા સિવાય ફરતો વીજળીનો પંખો કે હવા આવવાની સગવડ ખાસ હોવી જોઈએ.

તમારી પથારીમાં તમે એકલા જ સૂઓ.

તમારી પથારી ઓછામાં ઓછી ૩૯ ઇંચ તો પહોળી હોવી જોઈએ. એથી સાંકડી નહિ.

તળાઈમાં રૂના ગાંઠા બિલકુલ ન હોવા જોઈએ.

પલંગની સ્પ્રિંગો અરધો ઇંચ માંડ ખસે એવી, અથવા ખાટલાની પાટી જરા યે ખાડો પડે નહિ એટલી કડક ખેંચેલી હોવી જોઈએ.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ



બાન્ડુંગ પરિષદનું ફર્સ્ટ-ડે કવર તથા ટિકિટ; નીચે જમણી બાજુ: પાકિસ્તાનની ટિકિટ

બુદ્ધ-સ્મરણની ટપાલ-ટિકિટો

ભારત તેમજ અન્ય દેશોની પેઢીઓની પેઢીઓ ભગવાન બુદ્ધના ઉપદેશથી પાવન ને પ્રેરિત થઈ છે. એ પ્રેરણાના પરિણામે જ આ તેમજ દક્ષિણ પૂર્વ અને મધ્ય એશિયાના દેશો, જ્યાંજ્યાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો છે તે સર્વ સ્થળે કલા અને શિલ્પનાં અમૂલ રત્નો સર્જાયાં છે. જેમ શિલ્પ-સ્થાપત્ય ને ચિત્રકલામાં, તેમ આધુનિક જીવનના સૌથી વધુ પ્રચલિત સંજ્ઞા-વાહક સાધન-ટપાલની ટિકિટો પર પણ એ દેશોએ બૌદ્ધ ધર્મનાં પ્રતીકો તથા કલારત્નો-ને જે સાતત્યથી ઉતાર્યાં છે તે રસદાયક છે.

એ તો હવે જાણીતી વાત છે કે ભારતે સ્વાતંત્ર્ય મળ્યા બાદ પોતાની પહેલવહેલી જે ૧૮ ટિકિટોનો સમૂહ બહાર પાડ્યો તે-માંની ચાર પર બૌદ્ધ-સંજ્ઞાઓ હતી: (૧) અજંતાની ચિત્રણાનો હાથી, (૨) બુંદેલખંડ-ની એક પ્રાચીન બોધિસત્ત્વની મૂર્તિ, (૩) બુદ્ધ-ગયાનું મંદિર અને (૪) સાંચી-સ્તૂપનું પૂર્વ દિશાનું તોરણ. 'બોધિસત્ત્વ' એ, ગૌતમને સંબોધિજ્ઞાન પ્રાપ્ત થયું અને તે 'બુદ્ધ' કહે-વાયા તે અગાઉના તેમના જીવનને અપાએલું નામ છે, અને તેથી જ એ મૂર્તિ રાજકુમાર જેવાં વસ્ત્રાભૂષણો પહેરેલી છે. આ ઉપરાંત બધી જ સરકારી કામકાજ માટેની ટિકિટો પર આપણી રાજ્યમુદ્રા પરના ધર્મચક્ર ધારણ કરતા સિંહોનું પ્રતીક છે, એ પણ સૌ જાણે છે.

ટપાલની ટિકિટ પર ખુદ ભગવાનની મૂર્તિ છપાય એ અમુક વર્ગને અરુચિકર લાગવાથી આ વર્ષે જ્યારે ૨૫૦૦મી પરિનિર્વાણતિથિ પ્રસંગે ભારતે બે ટિકિટ બહાર પાડી ત્યારે તે પર બૌદ્ધ સંજ્ઞાઓ જ મૂકવામાં આવેલી. તેને માટે યોજાએલી ઇનામી હરીફાઈમાં બે ચિત્રો પસંદગી પામેલાં: (૧) બોધિવૃક્ષ અને (૨) સારનાથના બુદ્ધ પરના છત્રની આકૃતિ જેમાં બૌદ્ધ ધર્મનાં સંજ્ઞાચિત્રોનું નિદર્શન છે. ખરી રીતે તો ચિત્ર-શિલ્પોમાં પણ ઈસ્વી સનની પહેલી સદી સુધી તો કલ્પનાથી પર મનાતા ભગવાન બુદ્ધની મૂર્તિ કદી આલેખાતી જ ન હતી; માત્ર તેમનાં પ્રતીકો જ આલેખાતાં. એમની સૌપ્રથમ મૂર્તિ મહારાજા કનિષ્કના સમયમાં ઘડાઈ હોવાનું મનાય છે. નેપાળે પણ ૧૯૪૯માં મહાબુદ્ધમંદિરની છાપવાળી જ ટિકિટ બહાર પાડેલી.

જોકે જાપાનને આવો કોઈ પ્રત્યવાય નડ્યો ન હતો. એણે તો ૧૯૫૩માં બહાર પાડેલી ચાર ટિકિટો ઉપર ભગવાન બુદ્ધની ચાર અતિસુંદર મૂર્તિઓની પ્રતિકૃતિઓ બહાર પાડી હતી.

બ્રહ્મદેશે ૧૯૫૪માં બૌદ્ધ મતનો થેરવાદી સંપ્રદાય પાળતા દેશો(સિલોન, લાઓસ, કં-બોડિયા અને થાઈલૅન્ડ)ની બૌદ્ધ સંસદનું એક સંમેલન રંગૂનમાં ભરેલું, તે પ્રસંગે છ ટિકિટો પ્રકટ કરેલી: (૧) સંસદના મકાનનો આલેખ; (૨) સંગિતી મહાપાટણનાં ગુફામંદિરોમાં બૌદ્ધ ગ્રંથો ત્રિપિટકનું અર્પણ કરવા જતો કં-બોડિયાનો છત્રધારી સંઘ; (૩) એ જ રીતે જતા થાઈલૅન્ડના સંઘનું ચિત્ર; (૪) બ્રહ્મદેશ-ના મહાન પૅગોડા પાસે સંઘસભા; (૫) લા-ઓસના મઠ પ્રતિ જતા ત્યાંના સંઘનું ચિત્ર; (૬) સિલોનના કૅન્ડી નગરમાં આવેલા ભગ-વાન બુદ્ધના દાંત ઉપર રચાએલા સ્તૂપનું ચિત્ર.

સિલોને તો ૧૯૩૫ ને '૩૮માં બે વાર એ સ્તૂપનું ચિત્ર (રાજા જ્યૉર્જ પાંચમા ને છઠ્ઠાની છબિ સાથે) પોતાની ટિકિટો પર છાપેલું.

હિંદીચીને પણ ૧૯૨૨ અને ૧૯૩૯માં એમ બે વાર હાનોઈના ઍાટ કૅાટ પૅગોડાનાં ચિત્રો-વાળી ટિકિટોની હારમાળા પ્રકટ કરેલી.

લાઓસે ૧૯૫૩માં બુદ્ધમૂર્તિઓવાળી વિમાની ટપાલની છ ટિકિટોની માળા કાઢેલી.

ચીને ૧૯૪૯માં, પોતાના શેન્સી પ્રાંતમાં ઇ. ૬૫૨માં બંધાએલા મહાહંસ-પૅગોડાની ટિકિટ કાઢેલી; ને એ જ વર્ષના અંતે કૅન્ટનમાં આવેલા 'તેજસ્વી પુષ્પ પૅગોડા'ની છાપવાળી ટિકિટોની હારમાળા કાઢેલી. પણ ચીનનાં ખરાં કલારત્નો તો ૧૯૫૨ના જુલાઈની પહેલી તા-રીખે તેણે બહાર પાડેલી 'ગરવી માતૃભૂમિ' નામની ટિકિટમાળામાં પ્રકટ થયાં. કાન્સુ પ્રાંતમાં આવેલી (આપણી અજંતા જેવી ત્યાંની) જગવિખ્યાત બૌદ્ધ ગુફાઓ પરનાં અ-સંખ્ય ચિત્રોમાંનાં ચાર ચિત્રો તે પર છાપ્યાં હતાં. (ઈસ્વી સનની ચોથી સદીથી શરૂ થ-એલી એ કુલ ૪૬૯ ગુફાઓમાં બેશુમાર ચિત્રો ઉપરાંત બે હજારથી યે વધુ શિલ્પમૂર્તિઓ પણ છે.) ફરી પાછી ૧૯૫૩ની ૧લી સપ્ટેમ્બરે એ કલારત્નોમાંથી એથી યે ચડિયાતાં બીજાં ચાર ચિત્રોવાળી ટિકિટ બહાર પાડેલી.

જાપાને પણ બૌદ્ધ-મંદિરો ને પૅગોડાઓનાં ચિત્રોવાળી ટિકિટો ઉપરાંત કામાકુરાની તેની જગવિખ્યાત વિરાટ બુદ્ધમૂર્તિનું ચિત્ર ધરા-વતી ટિકિટ ઈ. ૧૯૩૭માં બહાર પાડેલી. પણ

(અનુસંધાન પૃ. ૪૫૬ ઉપર)

બે



ભગવાન શંકર: કલાકાર નંદલાલ વસુ

ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન-સમારંભ વખતે આપણા દેશના ઉપપ્રમુખ ડૉ. રાધાકૃષ્ણને આપેલા તેમના વ્યાખ્યાનમાં એક આકર્ષક વિચાર રજૂ કરેલો. એમણે કહેલું કે આપણી સાંસ્કૃતિક પરંપરાથી આપણને પ્રેરક, ચિરસ્મરણીય અને વંદનીય એવાં બે મોઢાં મળ્યાં છે: એક, દેવોના દેવ મહાદેવ શ્રી શિવનું, ને બીજું મૂર્તિમત કરુણાસ્વરૂપ ભગવાન બુદ્ધનું. પહેલું, બધી જ વૃત્તિઓ અંદર વાળી લઈ અંતઃસ્થ રહેવાનો ને બહારના ક્લેશોમાંથી મુક્તિ મેળવવાનો ઉપદેશ આપતું; અને બીજું નિત્ય અબાધિત ને અસ્ખલિત વહેતા, જગતના ક્લેશોના દાહને શાંતિ આપતા કરુણાના મહાપ્રવાહ જેવું.

આમાં બીજાં બે આપણે ઉમેરીએ: લોકાભિરામ ભગવાન શ્રી રામચંદ્રનું અને પુરુષોત્તમ પૂર્ણાવતાર ભગવાન શ્રી કૃષ્ણચંદ્રનું.

રામ અને કૃષ્ણનાં મોં તો મહર્ષિ વાલ્મીકિ ને મહર્ષિ વેદવ્યાસની અદ્‌ભુત વાણીમાં આલેખાએલાં આપણને રામાયણ, મહાભારત, પુરાણો અને શ્રીમદ્‌ભાગવતમાં મળે છે. એ અતિસુંદર ને ભવ્ય શબ્દ-ચિત્રો પથ્થરમાં ઉત.રી પણ કોણ શકે? એટલે આપણે એ ગ્રંથો વાંચીને જ એ બે ભવ્ય મુખારવિંદોને આપણા મનમાં અંકિત કરવા રહ્યાં.

હવે આપણે પહેલું અને બીજું એમ બે મોં વિષે વિચારીએ.

યોગીઓના યે યોગી, મહાયોગી શ્રી શંકર ભગવાન તો આખા યે વિશ્વને, બધી યે વૃત્તિઓને, સર્વ પ્રાણો અને ઇંદ્રિયોને જાણે અંતરમાં સમાવી લેતા હોય તેમ અખંડ સમાધિમાં અંતર્મુખ બની બેઠા છે. એમનું મોં તેમની એ અદ્વિતીય ભવ્યતા અને મહત્તાનું ભાન કરાવે છે.

સુભાગ્યે એમની ભવ્યતા, મહત્તા અને અદ્વિતીયતાને બહુ જ સુંદર, સરસ અને સ્પષ્ટરીતે વ્યક્ત કરતાં, પથ્થરમાં કંડારાએલાં મો, આપણને આપણા ભારતવર્ષમાં જુદીજુદી જગ્યાએ જોવા મળે છે. એ જોતાં પ્રાચીન કાળથી તે આજ સુધી આપણને શિવ કયા સ્વરૂપે સમજાયા છે અને કોતરનારાઓએ એમને ધ્યાનમાં કેવા જોયા છે તેનો ખયાલ આવે છે. આ સામે કલાગુરુ નંદલાલ વસુએ દોરેલું એમનું ચિત્ર આપ્યું છે.

જેની તૃષ્ણા શમી ગઈ છે તેની મુખાકૃતિને કયો કારીગર દોરી શકશે કે કંડારી શકશે? જેની મુખાકૃતિ કોઈ પણ જાતનું આવરણ ધારણ કરતી નથી, જેનું વ્યક્તિત્વ કોઈ પણ માપથી પરિમિત નથી, એવા ભગવાન બુદ્ધના મુખ ઉપરનું સ્મિત કયો કોતરનાર પથ્થરમાં કોતરી શકશે? આથી જ હીનયાની કલાકારો અને કારીગરોએ એ મુખારવિંદને પીંછી કે ટાંકણાદ્વારા ઉતારવાનો પ્રયત્ન કરવાનું પણ મૂકી દીધું.

૨૫૦૦ વર્ષ દરમ્યાનની

[કોલંબોના 'ધ બુદ્ધિસ્ટ' સામયિકે બુદ્ધજયંતી નિમિત્તે પ્રસિદ્ધ કરેલા ખાસ અંકમાં ઉતારેલું મુખ્ય બૌદ્ધ ઘટનાઓનું આ ખોખું બૌદ્ધધર્મના ઉદ્-

ઈ. સ. પૂર્વે —

૬૨૩ સિદ્ધાર્થકુમારનો જન્મ.

૫૮૮ બોધિજ્ઞાનની પ્રાપ્તિ. ઋષિપતન—કાશી પાસે મૃગદાવમાં પ્રથમ ઉપદેશ.

૫૪૩ પરિનિર્વાણ. વિજય ને સિંહલનું લંકામાં આગમન. મહાકસ્સપને પ્રમુખપદે અજાતશત્રુએ પહેલી બૌદ્ધ પરિષદ બોલાવી.

૪૪૩ સબ્બકામી ને યશના પ્રમુખપદે કાલાશોક રાજાએ બીજી પરિષદ બોલાવી.

૩૦૭ ધર્માશોક રાજાનો ચક્રવર્તી તરીકે અભિષેક. મોગ્ગલિપુત્ત તિસ્સને પ્રમુખપદે ત્રીજી બૌદ્ધ પરિષદ ધર્માશોકે બોલાવી. જુદાજુદા દેશોમાં ધર્મદૂતો મોકલ્યા. દેવાનાંપિય તિસ્સનો લંકાના રાજપદે અભિષેક. અર્હત મહિન્દ લંકામાં બૌદ્ધધર્મ લાવ્યા. થેરી સંઘમિત્તા બોધિવૃક્ષની શાખા લંકામાં લાવ્યાં. લંકાનો પહેલો ઐતિહાસિક દગાબા (સ્તૂપારામ) બંધાયો. સાંચી સ્તૂપ બંધાયો.

૨૪૪ ધર્માશોકે લુંબિની સ્તંભ ઊભો કર્યો.

૨૦૫ (અજંટા જેવાં) ચૈત્યગૃહો બંધાવા લાગ્યાં. મહાયાન પંથ શરૂ થયો. દક્ષિણ ભારતમાં બૌદ્ધોની સ્થાપત્યપ્રવૃત્તિ.

૧૬૦ ચીંગ લુ કુશાનના દૂત મારફતે બૌદ્ધસૂત્રો સાંભળે છે. લંકાની પ્રથમ બૌદ્ધપરિષદ રાજા વલગંબે બોલાવી. યુએચી (કુશાન) રાજાએ એક ચીની અમલદારને બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપ્યો.

ઈ. સ. નું સૈકું—

પ્રથમ: અફઘાનિસ્તાનમાં પ્રચંડ બૌદ્ધમૂર્તિઓ. કનિષ્ક રાજાની ચોથી બૌદ્ધ પરિષદ. ચીનમાં બૌદ્ધધર્મની સ્થાપના (ઈ. ૬૦). આંધ્ર (દક્ષિણ બૌદ્ધ) સંસ્કૃતિનો ઉદય.

બીજું: કનિષ્કની હકૂમત હેઠળ મહાયાનનો પ્રચાર. ચોથી (ભારતીય) બૌદ્ધ પરિષદ (કનિષ્ક હેઠળ). મધ્ય એશિયા થઈને ચીન તરફ બૌદ્ધ ધર્મનો પ્રચાર.

ચોથું: લંકાની પ્રથમ વંશાવળી (દીપવંશ). કલિંગમાંથી ભગવાનના 'દલદ' (દંત) લંકામાં લવાયા (ઈ. ૩૦૯). તિબેટમાં સુવર્ણચૈત્ય અને સૂત્રો પ્રથમ વાર.

પાંચમું: બુદ્ધઘોષની લંકાની મુલાકાત. તે

મોં



ભગવાન બુદ્ધ : ખ્મેર શિલ્પ (કંબોડિયા), બારમો સૈકો

ભગવાન બુદ્ધ જે અધિરૂઢ સહજાવસ્થામાં હતા, જ્યાં તે દ્વંદ્વાતીત સ્થિતિમાં હતા, જ્યાં તેમને સુખદુઃખનો લવલેશ સ્પર્શ નહોતો, તે સ્થિતિના ભાવની વિશેષતા કે શરીરને સ્થૂળમાંથી સૂક્ષ્મ બનાવવાનો કોઈ પણ પ્રયત્ન પોતે પથ્થરમાં લાવી શકે કે પીંછીથી ચીતરી શકે તેમ કારીગરને હતું જ નહિ. આથી હીનયાની કલાકાર કારીગરે માત્ર ભગવાનની હાજરીની પ્રતીતિ કરાવનાર વસ્તુઓના સૂચક નિદર્શનથી જ સંતોષ માન્યો: (૧) કાલ(સમય)ના માર્ગ પર પડેલાં ભગવાનનાં પગલાં—પાદચિહ્ન,(૨) પથ્થરનું ખાલી આસન, જ્યાં બેસી ભગવાન ઉપદેશ કરતા, (૩) બોધિવૃક્ષ કે જેની નીચે ભગવાનને બુદ્ધપદ પ્રાપ્ત થયું, મૃગદાવનું વન, જ્યાં ભગવાને સૌથી પ્રથમ ઉપદેશ આપ્યો.

પણ કલાકારની આ અશક્તિ—અસહાયતાને ખરો કલાકાર કેમ નિભાવી લે? ઘણે અંશે તો હીનયાન માર્ગની સંકુચિતતા ને સખ્તાઈ પણ આ અશક્તિને પોષનાર હતી. હીનયાની કલાકારે તો ઉપર્યુક્ત ચિહ્નો કોતરીને સંતોષ માન્યો. પણ મહાયાન માર્ગની વિકસતી વિશાળતામાં તે માર્ગના કલાકારે અશક્યને શક્ય બનાવવાનો મોટો પ્રયત્ન આદર્યો અને તેમાં તે ફલીભૂત થયો. એણે ધર્મચક્ર પ્રવર્તાવતા-ઉપદેશ આપતા ભગવાન બુદ્ધ, સમાધિસ્થ ભગવાન બુદ્ધ, પૃથ્વીની સાક્ષીએ બુદ્ધપદ મળે કે દેહનો અંત આવે એવો સંકલ્પ કરતા ભગવાન બુદ્ધને પથ્થરમાં ભવ્યતાથી ને મનોહર ભાવ સાથે કંડાર્યા ને દીવાલ પર રંગોથી ચીતર્યા.

જે વ્યક્તિ કોઈ પણ ભાવ કે રાગથી પર છે એ વ્યક્તિને અદ્ભુત અને ઘણી વાર ગૂંગળાવી નાખે એવા વૈભવથી કલાકારે પથ્થરમાં એવી ભાવવાહી રીતે કંડારી કે આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ. ભગવાન બુદ્ધના કરુણાથી ભરપૂર સ્મિતવાળી ગાંધાર સમયની, ગુપ્ત સમયની કે 'ખ્મેર' સમયની એ મુખાકૃતિઓ જોઈશું તો એ મુખકમલનું પથ્થરની મૂર્તિઓમાં કેવું અમર સર્જન થયું છે તેની ખરી જાણ થશે.

સામાન્યતઃ તો સર્જકનો માનસિક વિચાર, અને જગત તથા તેના પ્રપંચની પાર જતું દ્વંદ્વાતીત ભગવાનનું મુખારવિંદ, એ બેની વચમાં એક છાયા જાણે ન ઊતરતી હોય એમ ઘણી વાર જણાય છે. પણ ભગવાનની એવી ઘણી મુખાકૃતિઓ પથ્થરમાં કોતરાએલી સાંપડે છે કે જ્યાં આ છાયાનો પડદો ઊંચકાઈ ગયો છે અને પથ્થર એ જ સર્જકનો વિચાર મૂર્ત રૂપે બની રહ્યો છે.

આપણા ભારતીય જીવનમાં સંસ્કાર સીંચનાર અને સંસ્કારનો અમર વારસો આપનાર એ ભગવાન શિવ, લોકાભિરામ રામ, પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ ને કરુણામૂર્તિ બુદ્ધને આપણાં હજારો વંદન હો. 'ચિ.'

મુખ્ય બૌદ્ધ ઘટનાઓ

ભવ અને પ્રચારની મુખ્ય ઘટનાઓની રૂપરેખા આપી રહે છે. બૌદ્ધ ઇતિહાસનો વ્યાપ સમજવામાં એ ઉપયોગી થશે. (શિક્ષણ અને સાહિત્ય)]

ટીકાઓ લખે છે. ફાહ્યાનની હિંદ-સિલોનની મુસાફરી (ઈ. ૪૧૫થી). સિલોનમાં 'મહાવંશ'ની રચના. ચીનથી બૌદ્ધ (મહાયાન) ધર્મ બ્રહ્મદેશ પહોંચ્યો. પાછળ થેરવાદનું આગમન. રાજધર્મ બન્યો. સિલોનની ૧૧ ભિક્ષુણીઓ ચીન ગઈ. ત્યાં ૩૦૦ ચીની સ્ત્રીઓની સંઘની સ્થાપના. નંદ થેર સિલોનથી એક મૂર્તિ ચીન લઈ ગયો. તે પરથી ચીનમાં મૂર્તિવિધાન. સિલોનના મહાનામ રાજાએ દંતસ્તૂપની પ્રતિકૃતિ ચીન મોકલી.

છઠ્ઠું: કોરિયામાં બૌદ્ધ ધર્મનો રાજ્યધર્મ તરીકે સ્વીકાર (ઈ. ૫૨૮). સિયામમાં થેરવાદી બૌદ્ધ ધર્મનો સ્વીકાર. બૌદ્ધધર્મ જાપાનનો રાજ્યધર્મ બન્યો (ઈ. ૫૫૨).

સાતમું: હ્યુએન-ત્સંગની હિંદની મુલાકાત. તે ત્રિપિટકને ચીન લઈ ગયો. કનોજના રાજા હર્ષવર્ધને કાશ્મીરથી દલદ (દંત) લાવી કનોજની પશ્ચિમે મઠમાં સ્થાપ્યો. સુમાત્રામાં મહાયાન ધર્મનો પ્રચાર.

આઠમું: પદ્મસંભવ ને શાંતિરક્ષિતને તિબેટનું આમંત્રણ. તિબેટમાં સર્વાસ્તિવાદી થેરવાદનો સ્વીકાર. લામાપંથ. પદ્મસંભવે તિબેટનો પ્રથમ મોટો મઠ સ્થાપ્યો. સંઘમાં પ્રથમ વાર (સાત) તિબેટીઓને દાખલ કર્યા. પાલરાજાઓ હેઠળ ઉદંતીપુર ને વિક્રમશીલ વિદ્યાપીઠો.

નવમું: બૌદ્ધધર્મ ઇન્ડોનેશિયા પહોંચ્યો. બોરોબુદુરના ભવ્ય મંદિરની રચના. શિંગોન પંથનો શિન્નયો (પ્રથમ જાપાની) ભારતનાં બૌદ્ધ તીર્થોની યાત્રાએ.

૧૧મું: સિયામમાં અનુરુત રાજા હેઠળ થેરવાદનો પુનરુદ્ધાર.

૧૩મું: સિલોનના વિજયબાહુ પહેલાએ સિયામમાંથી ભિક્ષુઓ તેડાવ્યા. સિયામી ભિક્ષુઓ સિલોનમાં પાલિસૂત્રો લાવ્યા. મૂર્તિવિધાનના નમૂના તરીકે સિંહલ પ્રતિમા સ્વદેશ લઈ ગયા. પરાક્રમબાહુ બીજાના ઉપક્રમે ધર્મકીર્તિએ આંતરરાષ્ટ્રીય બૌદ્ધપરિષદ ભરી.

૧૪મું: લંકાનો ઉદુંબર મહાસ્વામી સિયામ ગયો અને ત્યાં (ઈ. ૧૩૫૫-૧૩૮૫)

સિંહલ વિનયની સ્થાપના કરી. સિયામમાં પાલિ સૂત્રો (ઈ. સ. ૧૩૬૧).
૧૫મું: સિયામી ને કાંબોડી ભિક્ષુઓએ પોતાને ત્યાં કલ્યાણી સીમા સ્થાપી.
૧૭મું: લંકામાં વિમલધર્મસૂર્યે દંતસ્તૂપ બાંધ્યો.
૧૮થી૨૦: એલેક્ઝાન્ડરે કસોમ દ કોરોસ મારફત યુરોપમાં બૌદ્ધધર્મ વિષે જ્ઞાન મેળવ્યું. બર્નોફ, હરમન ઓલ્ડનબર્ગ, રીઝ ડેવિડ્ઝ વગેરેની લેખન-પ્રવૃત્તિઓથી યુરોપમાં બૌદ્ધધર્મ જાણીતો બન્યો. બ્રહ્મદેશમાં રાજા મિન્ડોન હેઠળ પાંચમું સંગાયણ. બ્રિટનમાં 'પાલિ ટેક્સ્ટ સોસાએટી'ની સ્થાપના. ૧૫૮ જાપાનીઓના પ્રથમ આગમન બાદ રાજા કમેહમેહ પાંચમા(ઈ. ૧૮૬૮)હેઠળ હવાઈ ટાપુઓમાં બૌદ્ધધર્મનું આગમન. હિંદમાં મહાબોધિ સોસાએટીની સ્થાપના (ઈ. ૧૮૯૨). આંગારિક ધર્મપાલે શિકાગોમાં સર્વધર્મોની પાર્લામેન્ટમાં થેરવાદી બૌદ્ધધર્મ વિષે વ્યાખ્યાન આપ્યું. ગ્રેટ બ્રિટન અને આયર્લેન્ડની બુદ્ધિસ્ટ સોસાએટીની સ્થાપના (ઈ. ૧૯૦૮). આજની બુદ્ધિસ્ટ સોસાએટીની લંડનમાં સ્થાપના (ઈ. ૧૯૨૪). સિલોનમાં પ્રથમ વિશ્વ બૌદ્ધ કૉંગ્રેસ (ઈ. ૧૯૫૦). ૨૩ મે ૧૯૫૫, ૨૫૦૦મી બુદ્ધજયંતી.

ટિકિટસંગ્રહ (અનુસંધાન પૃ. ૪૫૩થી) ૧૯૫૩માં તેણે એ જ મૂર્તિનાં ચિત્રોવાળી જે ચાર ટિકિટો ફરી બહાર પાડી તે તો સુંદરતમ હતી, અને જાણીતા ટિકિટકલા-વિવેચક મિ. જી. ઈ. સ્કૉટે ૧૯૫૩ની દસ શ્રેષ્ઠ ટિકિટોમાં તેની ગણના કરેલી.

બાન્ડુંગ વિદ્યાર્થી-પરિષદની ટિકિટ

તાજેતરમાં બાન્ડુંગમાં 'એશિયન-આફ્રિકન વિદ્યાર્થીઓની કૉન્ફરન્સ' ભરાએલી, તે પ્રસંગે ઈન્ડોનેશિયાએ બહાર પાડેલી ટિકિટ તથા ફર્સ્ટ-ડે કવર (ભાઈશ્રી કાંતિકુમાર દોશીના સૌજન્યથી) આ સાથે છાપ્યાં છે. કવર પરના ચિત્રમાં બરાબર બાન્ડુંગ(ઈન્ડોનેશિયા)ના નકશામાંથી ફૂટતી મશાલ સાથે શ્રીગણેશની મૂર્તિનું સૂચક ચિત્ર નોંધપાત્ર છે.

પાકિસ્તાનની નવી ટિકિટ

ગઈ ૧૫મી ઑક્ટોબરે ઢાકામાં ભરાએલી પાકિસ્તાનની 'નૅશનલ ઍસેમ્બલી'ના સ્મરણમાં એ દેશે તે દિવસે ત્રણ ટિકિટો(૧ા આના, ૨ આના અને ૧૨ આનાની)નો સમૂહ બહાર પાડેલો, જેના ઉપર અનુક્રમે લીલા, તપખીરિયા ને લાલ રંગમાં પૂર્વ પાકિસ્તાનનો નકશો છાપેલો છે. ભાઈશ્રી નૂરુદ્દીન 'લુત્ફ' તથા એ. ડી. કરીમના સૌજન્યથી તે પૈકી એક ઉપર્યુક્ત ચિત્રને નીચલે જમણે ખૂણે છાપી છે.

સુએઝની નવી ટિકિટ



ગયા જુલાઈની ૨૬મી તારીખે સુએઝની નહેરનું ઇજિપ્તે રાષ્ટ્રીયકરણ કર્યું તે પ્રસંગ નિમિત્તે એ દેશે તાજેતરમાં જ બહાર પાડેલી ટિકિટ બાજુમાં આપી છે, જેમાં સુએઝ નહેરનો વિસ્તાર દર્શાવવા ઉપરાંત મથાળે જમણી બાજુ ઇજિપ્તના રાષ્ટ્રધ્વજ પરનું પ્રતીક (ચન્દ્ર અને ત્રણ તારા) અંકિત કરેલું છે, જે એ નહેર પરના તેના સાર્વભૌમત્વનો હક દર્શાવે છે. (હિંમત સી. શાહના સંગ્રહમાંથી)

લવિંગિયાની લૂમ

કનુની બાને જોડિયાં બાળક આવેલાં. તેના પિતાએ તેને કહ્યું : 'તું સાહેબને વાત કરજે; મને ખાતરી છે કે તને રજા મળશે જ.'

કનુ નિશાળેથી ઘેર આવતાંવેંત ખુશી થઈ જઈને બોલી ઊઠ્યો : 'કાલે રજા !'

'કેમ, તેં સાહેબને જોડિયાં બાળકની વાત કરી હતી ને ?' પિતાએ પૂછ્યું.

'મેં તો એકની જ વાત કરી હતી. બીજાની વાત આવતા અઠવાડિયા માટે બાકી રાખી છે.'

પોતાના પુત્રનો વિદૂષકનો અભિનય જોવા માતા નાટકમાં ગઈ. ખેલ પૂરો થયો ત્યારે માતાની આંખ આંસુથી છલકાતી જોઈને અભિનેતાએ પૂછ્યું : 'મા, કામ કેવું લાગ્યું ?'

માતાએ રડતાંરડતાં કહ્યું : 'તું તો કહેતો'તો કે હું સરસ અભિનય જાણું છું; પણ જોનારા બધા હસતા હતા, એટલે મને લાગી આવ્યું.'

ભાસ્કર (ભલિયાને) : તારા બાપા મોચી છે, પણ તને તો પહેરવા ચંપલે ય નથી.

ભલિયો : એમ તો તારા બાપા દાંતના દાક્તર છે, તો પણ તારી નાની બહેનને હજી પૂરા ચાર દાંતે ય ઊગ્યા છે ?

દવાખાનામાં દર્દીઓની મોટી ભીડ જામી હતી. સૌ પોતાનો વારો ક્યારે આવે તેની રાહ જોતા અકળાતા હતા. છેવટે એક વૃદ્ધ દર્દીએ ઊભા થઈને ચાલવા માંડ્યું. એ જોઈ બીજા કોઈ દર્દીએ પૂછ્યું : 'કેમ કાકા, ચાલ્યા ?'

પેલા વૃદ્ધે જવાબ આપ્યો : 'આના કરતાં તો ઘેર જઈને શાંતિથી મરીશ.'

ચોર : સાહેબ, હું શું કરું ? ખાવા ધાન, રહેવા ઘર કે પહેરવા કપડા ન રહ્યાં ત્યારે જ નાછૂટકે મારે આ પગલું લેવું પડ્યું.

ન્યાયમૂર્તિ : તારી દર્દભરી વિનતિએ મારું હૃદય હલાવી નાખ્યું છે. એટલે આવતા નવ મહિના માટે તારા ખાવાપીવા, રહેવા અને કપડાંની વ્યવસ્થા હું કરી આપું છું.

ગાડીમાં ટી.ટી.એ જ્યારે ટિકિટ જોવા માગી ત્યારે એક જણ પોતાનાં બધાં જ ખિસ્સાં ફંફોળી વળ્યો ને હાવરોબાવરો બની ગયો, પણ ટિકિટ તો હાથ ન જ આવી.

'શું તમે ય તે મારા ભાઈ, ટિકિટ તો તમારા મોંમાં દાબી રાખી છે.' આ શોધખોળનો ખેલ જોઈ રહેલ એક મુસાફર બોલી ઊઠ્યો.

અને પછી જ્યારે ટી.ટી.એ ટિકિટ પર એ તપાસાએલી હોવાનો શેરો લગાવ્યો ને ચાલતો થયો, ત્યારે પેલો ફરી બોલ્યો, 'તમે ય તે ખરા ભુલકણા લાગો છો, મિસ્ટર.'


'ભુલકણો ? ખાંડ ખાઓ છો, મિસ્ટર ! એ તો ટિકિટ પરની તેની જૂની તારીખ ચગળી ખાવા બંદાએ એને મોંમાં રાખી હતી.'

ઋણસ્વીકાર

સપ્ટેમ્બર ૧૯૫૫ના 'કુમાર'માં પ્રકટ થએલી વાર્તા 'એક રૂપિયો' મૂળ હિંદી માસિક 'નવનીત'માં પ્રકટ થએલી વાર્તા ઉપરથી થોડા સુધારાવધારા સાથે લેવામાં આવી હતી એ હકીકત શરતચૂકને કારણે પ્રકટ કરવી રહી જવા પામી હતી તેનો આથી અહીં સ્વીકાર કરીએ છીએ.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તથા લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૫૬ માટે પ્રૉ. ઉપેન્દ્ર પંડ્યા('દેસાઈ વિલા', જગનાથ પ્લૉટ, શેરી નં. ૪, રાજકોટ)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખક-પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે તેમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપર જણાવેલા સરનામા પ્રમાણે મોકલીને તેઓ આભારી કરશે.



પગાન(બ્રહ્મદેશ)માં આબેદાન મંદિરની ભીંત પરના ચિત્રનો એક ભાગ

દેશ-વિદેશમાં બૌદ્ધ ધર્માનુસારી કલા

ભગવાન બુદ્ધનું આધ્યાત્મિક રાજ્ય નેપાળથી શરૂ થઈ ભારત વ્યાપીને નીચે છેક સિલોન સુધી, તેમજ પૂર્વમાં બ્રહ્મદેશ, થાઇલૅન્ડ, કૅમ્બોડિયા, હિંદી ચીન, મલાયા તેમજ ઈન્ડોનેશિયાની પાર જાપાન તથા ચીન સુધી, અને ત્યાંથી પશ્ચિમે તિબેટ, મધ્ય એશિયા, સાઇબીરિયા તથા સ્વીડિશ લૅપલૅન્ડ સુધી પ્રસરેલું છે. ભગવાનની આદિ જન્મભૂમિ તથા કર્મભૂમિ ભારતના ઘણાખરા વિસ્તારમાંથી જોકે બૌદ્ધ ધર્મ આજે અદૃશ્ય થયો છે, છતાં તેનો બુદ્ધના આ વિશાળ સામ્રાજ્યમાં સમાવેશ કરવો જરૂરી છે; કેમકે ભારતવાસીઓના જીવનમાં બૌદ્ધ ધર્મનો ઉપદેશ ઓતપ્રોત થઈ ચૂક્યો છે. ૨૫૦૦ વર્ષથી ચાલ્યા આવતા આ ધર્મે સહિષ્ણુતા, અહિંસા, જીવમાત્ર તરફનો આદર, પ્રાણી અને કુદરત તરફની મમતા તેમજ સઘળી માનવજાતમાં રહેલી આધ્યાત્મિક શક્તિ તરફ શ્રદ્ધા પ્રેરી છે અને એ ધર્મ દુનિયાનું એક મહાન સંસ્કારપ્રેરક બળ બન્યો છે. ગુપ્ત કાળ દરમ્યાન ભારતમાં તેમજ ચીનના સુવર્ણ યુગ તાંગ સમય દરમ્યાન એ દેશમાં આ ધર્મે એશિયાની સર્વોચ્ચ કલાપ્રતિભાને પ્રેરણા પૂરી પાડી છે. ઉપરાંત જાપાન, કૅમ્બોડિયા, હિંદી ચીન, મલાયા, થાઇલૅન્ડ, બ્રહ્મદેશ, સિલોન અને તિબેટનાં ઘણાખરાં સાહિત્ય અને કળાનો પણ તેણે વિકાસ સાધ્યો છે.

ભારતમાં બ્રાહ્મણ ધર્મના વર્ચસ્વ નીચેના સમાજને ચમત્કારિક યજ્ઞોમાંથી સત્ય, અહિંસા અને ત્યાગના નૈતિક ધર્મ ભણી વાળવાનું મહાન કાર્ય ૮૦ વર્ષના લાંબા જીવનકાળમાં સિદ્ધ કરી બુદ્ધ જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે એમના અંતેવાસીઓએ એમનાં અસ્થિને સ્તૂપોમાં સંઘર્યાં. ભારતીય સ્થાપત્યના સૌથી પ્રાચીન કહી શકાય એવા નમૂના તે આ સ્તૂપો.

ભગવાન બુદ્ધના અવસાન પછી ધર્મપ્રચાર માટે બૌદ્ધ સાધુ-સાધ્વીઓએ પણ તેમની માફક પરિવ્રાજક જીવન અપનાવ્યું. તેઓ ગુફાઓ અને ગિરિકંદરાઓમાં વસતા અને એક

તેને દે તું ફૂલ (અનુસંધાન પૃષ્ઠ ૪૪૦થી)
તો નથી કરતા ને?

કુમારાયણ: નહિ, રાજન્; આજે તો હું યાચક છું. આદેશ હોય તો માગું.

રાજા: દેવ, વસિષ્ઠની જેમ રાજકુલ ઉપર શાસન કરનાર આચાર્યને વળી આ અભિભૂત શિષ્યના આદેશની શી જરૂર! આજ્ઞા કરો, ગુરુદેવ! તારીમનો કેસરિયો અંચલ અર્પણ કરી દઉં કે દંડછત્ર સહિત આ રાજ-મુકુટ?

કુમારાયણ: નહિ રાજન્, મારે એ અણમોલ કેસરિયો અંચલ પણ નહિ જોઇએ, કે ન જોઇએ તમારો આ રાજલાંછિત મુકુટ.

રાજા: તો શું દઉં? તારીમમાંથી ઊગતા અરુણની સાક્ષીએ શું મારાં સર્વ પુણ્યો ગુરુ-ચરણોમાં સમર્પિત કરું?

કુમારાયણ: નહિ, રાજેન્દ્ર! પુણ્યોનો લાભ તમને જ મળો. મારે તો આ સમયે માંગવી છે વસિષ્ઠની ઈષ્ટસાધિકા અરુન્ધતી, સતીઓના મણિ જેવી અનસૂયા. તે મને આપી દો.

રાજા: કોણ છે એ અરુન્ધતી?

કુમારાયણ: જેની સ્મૃતિમાં ત્રણ નિર્દય નિદાઘ કુર્ચામાં ગાળ્યા છે, ત્રણ શિશિરના હિમપાત જેની આશામાં સહ્યા છે, સવાર-સાંજના દેવચિંતનમાં પણ જેની દ્યુતિ નિત્ય ચમકી રહી છે, એ જીવાને પત્ની રૂપે માગું છું. રાજન્, મને આપનો એ અમૂલ્યનિધિ આપો! અખંડ અનુરાગથી તેનું અંતર આર્દ્ર છે; નિઃસીમ સ્નેહથી મારું માનસ અભિસિક્ત છે.

રાજા: અનુગૃહીત થયો, ગુરુવર! જીવા આપની સહગામિની બનો, બંને સુખી થાઓ.

•

વાચક: અને તે જ દિવસે કુમારાયણ અને જીવા પતિ-પત્ની બન્યાં. દિવસ ને સપ્તાહ વીત્યા, માસ ને વર્ષ વીત્યાં. ત્રીજી વાર જ્યારે દિશાઓ ઋતુમતી થઈ, તારીમના તટ ઉપર જ્યારે ત્રીજી વાર કેસરની ક્યારીઓ કુસુમિત થઈ ત્યારે જીવાની કૂખ ભરાઈ. નયનાભિરામ નવજાત દિશાઓને પ્રસન્ન કરતો અભિરામ રડી ઊઠ્યો. માતા-પિતાના સ્નેહના પરિચાયક તે શિશુનું નામ પડ્યું કુમારજીવ.

વાચિકા: પાંચ વર્ષ પછી કુમારાયણ ભિક્ષુ થઇને ચાલ્યો ગયો; જીવા ભિક્ષુણી બનીને કુચીના સંઘારામમાં રહેવા લાગી. પછી એક દિવસ જીવા અને નવ વર્ષનો તેનો કુમારજીવ બંને અધ્યયન માટે કશ્મીર જઇ પહોંચ્યાં.

ત્યાં જ, પંદર વર્ષ પછી, મહાવિહારના વિસ્તૃત આંગણમાં હજારો ભિક્ષુ-ભિક્ષુણીઓની, ઉપાસક-ઉપાસિકાઓની ભીડ કુમારજીવનું પ્રવચન સાંભળવા માટે ઉપસ્થિત હતી—

•

કુમારજીવ: જ્ઞાનવાન શ્રાવકો! આજનો દિવસ અણમોલ છે. તથાગતના જન્મનો આજ દિવસ છે, મહાભિનિષ્ક્રમણનો પણ દિવસ છે, તેમના સમ્યક સંબોધિનો અને નિર્વાણનો પણ દિવસ છે. આજની આ પુણ્યતિથિ ઉપર આપની પાસે હું કંઈક માંગું.

('માગો, ભિક્ષુ, માગો'ના અનેક અવાજ)

કુમારજીવ: શ્રદ્ધાવાન શ્રાવકો! અત્યાર સુધી હું તમને આપતો રહ્યો છું, આજે તમે મને આપો. ભગવાનના જીવનમાંથી, ઉપદેશમાંથી, આચાર્યો પાસેથી ને સ્થવિરો પાસેથી જે કંઈ મેં મેળવ્યું છે અને જાતે જે મેં સમજ્યો છું તે સઘળું મૂઠી ખોલીને તમને આપી દીધું છે. માતા જેમ પોતાના ગર્ભમાંના શિશુને પોતાની સમસ્ત શિરાઓ દ્વારા, શરીરમાં પહોંચનારા આહારથી ને પેયથી અનાયાસ પુષ્ટ કરે છે. ઈચ્છા થવા છતાં તેનાથી તેને

વંચિત નથી કરી શકતી, એ જ પ્રકારે મેં પણ તમારા માનસને મારા સંચિત જ્ઞાનથી વર્ષો સુધી ભર્યું છે. આજે હું તમારી વચ્ચે યાચક બનીને આવ્યો છું, મને નિરાશ નહિ કરતા.

('માગો, પ્રભુ, માગો !'ના અવાજ)

કુમારજીવ : આજે તમે તમારાં સઘળાં પાપ, સઘળી વ્યથા, સઘળાં કલંક, સઘળો મોહ, રોગ, વ્યાધિ, શોક, ચિંતા મને આપી દો. આપવાનું તમે વચન આપ્યું છે, નિરાશ નહિ કરતા. તમારો યાચક આજે પોતાની સંઘાટીનો પાલવ પાથરીને માગી રહ્યો છે તેને તમારી તૃષ્ણા–વાસના, મોહ–આસક્તિ, રાગ–દ્વેષ, ક્રોધ–ગ્લાનિ બધું આપી દો. મારા અણમોલ બંધુઓ, બુદ્ધોની અતૂટ પંક્તિઓએ, સાધુઓની યુગયુગની વાણીએ તમને સદા આપ્યા જ કર્યું છે. તમારી પાસેથી કશું લીધું નથી. આજે એ સૌની વાણીને કંઠમાં ભરીને, ભિક્ષાપાત્રની અનંત ગહરાઈનાં દ્વાર ખોલીને આ યાચક માગી રહ્યો છે. તમને મેં શાંતિ આપી છે, સ્નેહ આપ્યો છે, જ્ઞાનનું પાથેય આપ્યું છે; આજે તમે મને તમારી સર્વ અશાંતિ, તૃષ્ણા, ક્ષુધા, કુંઠા, નિરાશા, પરાજય આપી દો !

•

વાચિકા : આવા કંપિત સ્વરમાં કદી વાણી બોલી ન હતી. સાથે જ, ભિક્ષુઓએ સદાય આપ્યું હતું, ક્યારે ય માગ્યું ન હતું. શ્રાવક-શ્રાવિકાઓનાં અંતર ગદ્ગદ થઈ ગયાં ! અચરજથી તેમનાં નેત્ર વિસ્ફારિત થઈ રહ્યાં. આનંદ અને સ્નેહનાં આંસુઓ સાથે તેઓ ભિક્ષુને નિહાળી રહ્યાં. આ અસાધારણ પ્રવચનથી ભિક્ષુ અને સ્થવિરો ચકિત થઈ ગયા હતા. ચીવર ફેલાવીને ભિક્ષુ ઊભો હતો. હોઠો જરાક ખુલ્લા હતા. શાંત મુખમંડલ ઉપર આછો મલકાટ ફરકી રહ્યો હતો. ધીરે ધીરે જનતાનો અવાજ આવ્યો: 'ધન્ય ! ધન્ય !'— અને તે દિશાઓમાં છવાઈ ગયો.

વાચક: ભિક્ષુના પ્રવચનનો તે અંતિમ દિવસ હતો. આથમતી સાંજના આછા પ્રકાશમાં કુમારજીવે સ્થવિર પાસે પ્રસ્થાનની અનુમતિ માગી. સ્થવિર બોલ્યા–

•

સ્થવિર : કુમારજીવ ! સમગ્ર ભારત તમારું પ્રવચન સાંભળવા આતુર છે. દેશના ખૂણેખૂણેથી શ્રદ્ધાવાન ઉપાસકો ચાલ્યા આવે છે. તેમને નિરાશ ન કરો, રહી જાઓ.


કુમારજીવ : ભન્તે ! ભિક્ષુને નિરાશ ન કરો; અનુમતિ આપી દો ! મને જવા દો કુચી તરફ. ત્યાં તથાગતનું જ્ઞાન પ્રસરશે, શાંતિ ફેલાશે.

સ્થવિર: તો પછી એ બાજુ તો ન જ જાઓ, ભિક્ષુ ! વંક્ષુની એ આખી ઉપત્યકા, પામીરોની શૃંખલાથી તે તારીમની ખીણમાંના કુચીસુધીની સમસ્ત ધરા હૂણોથી આક્રાંત છે. વિકરાળ હૂણ લોકો નથી આચારમાં સમજતા, નથી સદ્ધર્મમાં માનતા. સળગતાં નગરો ને ઉજ્જડ ગામો તેમના માર્ગની કથા કહે છે. ન જાઓ, એ હૂણોની તરફ તો ન જાઓ, ભિક્ષુ !

કુમારજીવ : પણ મારે તો ત્યાં જ જવું છે, ભન્તે ! તેના જ આદિનિવાસ કાનસૂમાં, ચીનના એ ઉત્તર-પશ્ચિમ પ્રાંતમાં જ હું શાક્યસિંહની વાણીનો હૃદ્ઘોષ કરીશ. આ દેશમાં, અહીંની પરંપરામાં શાંતિ અને સ્નેહની ઊણપ નથી. શાંતિ અને સ્નેહની આવશ્યકતા તો એ ભૂમિને છે, જ્યાં હૂણોનું મૃત્યુતાંડવ ધરાને ધમરોળી રહ્યું છે. હૂણોની દિશાઓ મને પોકારી રહી છે. અનુમતિ દો, ભન્તે !

સ્થવિર: કાનસૂમાં? હૂણોની મૂળભૂમિ પર !

કુમારજીવ : હા, ભન્તે; કાનસૂમાં, હૂણોની




આનંદમંદિર : પાછળ જેના ભીંત પરનું ચિત્ર આપ્યું છે તે બ્રહ્મદેશની પ્રાચીન પવિત્ર રાજધાની પગાનમાંનું આ આનંદમંદિર એક અદ્ભુત સ્થાપત્ય ગણાય છે. ઓરિસ્સાથી ત્યાં ગએલા બૌદ્ધ સાધુઓની સૂચના અનુસાર હિંદના ગુફામંદિરોની ઢબે બાંધવામાં આવેલા આ ભવ્ય મંદિરની માત્ર બહારની ભીંતો ઉપર જ બુદ્ધ-જીવનની ૧૫૦૦ તકતીઓ કોતરેલી છે. મધ્ય બ્રહ્મદેશમાં ઈરાવદી નદીને તીરેતીરે આઠ માઈલના પટમાં અને અંતરાળમાં બે માઈલ સુધી પથરાએલું એક કાળનું આ જાહોજલાલ પાટનગર આજથી એક હજાર વર્ષ પર બ્રહ્મદેશના રાજા અનાવર્તે બંધાવેલું અને ૪૦૦૦ મંદિરો ધરાવતું હતું, જેનાં ખંડિયેરો વનની માફક ઊભરાતાં આજે પણ ત્યાં પડેલાં છે. ઈ. ૧૨૮૭માં કુબ્લાઇખાનનાં સૈન્યોએ તેને જમીનદોસ્ત કર્યું.

સ્થળેથી બીજે સ્થળે ફરતાં. જેમજેમ બૌદ્ધ સંઘ વિશાળ ને વ્યવસ્થિત થતો ગયો તેમતેમ સાધુ-સાધ્વીઓ માટે પર્વતોના શાંત અને ઠંડા પેટાળમાં ગુફાઓ કોતરીને મઠો(વિહારો)ની રચના થઈ અને એ મઠોની આસપાસ ચૈત્યો (પ્રાર્થનામંદિરો) બનવા લાગ્યાં.

અશોક ને એના અનુગામીઓ પર્વતોમાં કંડારેલાં આવાં મંદિરોના પ્રણેતા હતા. બિહારમાં બરબાર ને રાજગૃહથી તે ઓરિસ્સામાં ઉદયગિરિ ને ખંડગિરિ લગી શિલ્પમંડિત ગુફાઓની અનન્ય હારમાળા જોવા મળે છે; અને મધ્ય ભારતના વિંધ્ય પ્રદેશ તથા દક્ષિણમાં અજંતા અને પશ્ચિમ ભારતમાં ઠેઠ સૌરાષ્ટ્ર લગી તેનો વિસ્તાર થયો હતો. અને પછી તો સપાટ પ્રદેશો પર પણ જંગી ચૈત્ય-સ્તૂપો રચાવા લાગ્યા. બારહુત, સાંચી, અમરાવતી અને નાગાર્જુનકોંડામાંના સ્તૂપો પરનાં પ્રવેશદ્વારો (તોરણો) અને કઠેરાઓ ઉપરના જળવાઈ રહેલા અવશેષો આજે પણ એ સમૃદ્ધ શિલ્પકળાની સાક્ષી પૂરે છે.

બૌદ્ધ ધર્મની શરૂના હીનયાની સંપ્રદાયમાં બુદ્ધ જેવા અલૌકિક પુરુષની મૂર્તિ રચવાનું અશક્ય અને પ્રતિબંધિત ગણાતું અને તેમના પૂજાસ્થાને તેમનાં ચરણ, છત્ર, આસન, બોધિવૃક્ષ, ત્રિશૂલ, અગ્નિસ્તંભ વગેરે પ્રતીકોનાં શિલ્પો કોતરાતાં. પણ સિકંદરનું અહીં આગમન થયા પછી મધ્યપૂર્વ અને ગ્રીસ સાથે બંધાએલા સંબંધોને પરિણામે ગ્રીસની પેઠે ત્યારના



મધ્ય હિંદમાં આવેલા બારહુતના જંગી સ્તૂપના અવશેષો ભારતની પ્રાચીનતમ બૌદ્ધ કળાના અવશેષો ગણાય છે. ત્યાંના સૌપ્રથમ ખોદકામમાં નીકળેલા શિલ્પમંડિત સ્તભ તથા કઠેડા પરની સૂચિ(ગોળ તકતીઓ)માં ત્યારની પ્રાથમિક પણ બલિષ્ઠ કલાસમૃદ્ધિનું દર્શન છે.

ગંધાર(કંદહાર–આજના સરહદ પ્રાંત)માં સૌપ્રથમ બુદ્ધમૂર્તિનું સર્જન થયું. એ કુશાન રાજાઓના કાળની પ્રતિમાઓ પર ગ્રીસ અને આસીરિયાની કલાની છાયા છે ખરી, છતાં એક વાત કદી વિસરવી ન જોઇએ કે એક ઉપખંડ જેવા અનેક-ભાષી અને અનેક-કોમી આ પ્રદેશનાં વિવિધ અને સમૃદ્ધ સ્વરૂપો, છટાઓ તથા ભંગીઓના સમન્વય અને સાર રૂપ એવી આ કલા મુખ્યત્વે તો ભારતીય જ છે. પ્રાદેશિક કલાકારોએ બિહાર, ઓરિસ્સા, આન્ધ્ર, કર્ણાટક,

મૂળ ભૂમિ ઉપર જ જઇને તથાગતના સંદેશનો શંખ ફૂંકાશે. આપણા દેશનો સંસ્કાર છે, ઘૃણાનો બદલો પ્રેમથી દેવામાં, ક્રોધનો દયાથી દેવામાં. મહામના અશોકના પિતામહના સમયમાં યવન અલિકસુંદરે (ઍલેકઝાંડરે) સપ્તસિંધુને છલ્યું. અસિ ને અગ્નિ લઇને એ બર્બર આવેલો: અને બે પેઢી પછી એ જ અલિકસુંદરના દેશ મકદુનિયામાં અશોકે ઓષધિઓ વહેંચી.' અસિ અને અગ્નિના બદલામાં તેણે જીવવાનાં સાધન વહેંચ્યાં. એ પાવન પરંપરાને, હે ભન્તે, હું કેમ ભૂલું? મને જવા દો ભિક્ષુતમ, અનુમતિ આપો!

સ્થવિર: જાઓ ભિક્ષુ, જાઓ! નિર્બંધ થઇને દિશાઓમાં સમાઈ જાઓ. તમારી વાણી ગગનના દૂર દૂરના છેડાઓને આંબી લો, તમારા પરાક્રમથી સધર્મ વ્યાપક બનો. જાઓ, બહુજન હિતાય, બહુજન સુખાય!

કુમારજીવ: બહુજનહિતાય, બહુજનસુખાય.

•

વાચક: ને ભિક્ષુ ચાલ્યો ગયો. કાશ્મીરનાં ઊંચાણ ઊતરીને, કાબુલની ખીણમાં નગરહાર વટાવી બામિયાંની તરફ ચાલ્યો ગયો; અને પછી હિન્દુકુશ ઓળંગીને ગયો આમૂ નદીની પાર વહ્લીકોમાં. અત્યારે ત્યાં જ હૂણ લોકો વસતા હતા. અને ભિક્ષુ ચડી ગયો પામીરોની ટોચ ઉપર એ લોકોની વસતિમાં, જ્યાંના કિલ્લાઓ બરફની મેખલા બનાવતા હતા, જ્યાં જવા-આવવા માટેનો માર્ગ માત્ર ગ્રીષ્મમાં ખૂલતો હતો.

વાચિકા: ને ત્યાં હિમની આંધી ઝીલતો, માત્ર ત્રણ ચીવર ધરીને ઝીણા કંબલથી ભયાનક શીત સહતો કુમારજીવ જઈ પહોંચ્યો હૂણોના પડાવમાં. સિંહને પણ ફાડી ખાય એવા કૂતરાઓની વચ્ચે, ચમરી ગાયની ખાલના તંબૂઓમાં, હુંકારથી પર્વતની છાતી ધ્રુજાવનારા ને રક્તના તરસ્યા અદમ્ય હૂણોના નિવાસમાં. એ ભિક્ષુની કાયા કોમળ હતી, પણ આત્મા લોહ સમાન દૃઢ હતો. સંત્રીઓએ તેને ઘેરી લીધો. ભાલાઓની વચ્ચે તેને લઈ ગયા સરદારની સામે—

•

સરદાર: (વીજળીના કડાકા જેવા ભયંકર સ્વરે) કોણ છે તું?

કુમારજીવ: (હસી સ્નિગ્ધ સ્વરે) ઓળખી કાઢો.

સરદાર: (જરા અટકી) ઍં; હા ઓળખ્યો. શત્રુ છો.

કુમારજીવ: બંધુ છું. જરાક વિશ્વાસથી ઓળખો, હૂણપતિ!

સરદાર: અરે, તું તો એ જ છો!

કુમારજીવ: છું તો એ જ; પણ તમારો બંધુ છું.

સરદાર: તેં જ શું મારા સૈનિકો ઉપર જાદુ કરીને મારા વિદ્રોહી શત્રુને બંધન-મુક્ત નહોતો કરાવ્યો?

કુમારજીવ: કરાવ્યો હતો; પણ જાદુથી નહિ, ઔચિત્યથી. અને એ તમારો શત્રુ નહિ, પુત્ર હતો, આત્મજ હતો.

સરદાર: હું તેને પુત્ર નથી માનતો. તે વિદ્રોહી છે, મારો શત્રુ છે. અને સાંભળ, તને પણ તારું મૃત્યુ જ અહીં ખેંચી લાવ્યું છે.

કુમારજીવ: (હસીને) વિદ્રોહ તો તમારું અંતર જ તમારી સામે કરી રહ્યું છે,—જે રીતે તમારા પુત્રે વિદ્રોહ કર્યો હતો તે રીતે. ને મારા જેવા અકિંચન ભિક્ષુને મારીને તો તમે મને સદ્ભાગી બનાવશો. મરણ એ તો શરીરબંધનની મુક્તિનું નામ છે.

સરદાર: (વધુ કડક અવાજે) તારી આ

વાત હું નથી સમજતો. ન'તો એ વખતે પણ સમજ્યો, નથી અત્યારે પણ સમજતો. હું તો એક જ વાત સમજ્યું છું, કે તું મારા વિદ્રોહી શત્રુને બંધનમુક્ત કરીને મારો શત્રુ બની ગયો છે. અને મારી સાથેની શત્રુતાનું પરિણામ શું આવે છે તેની તો તને ખબર છે.

કુમારજીવ : (ધીમા સ્વરે) હૂણપતિ, જેના ઉલ્લાસની કથા ઉજ્જડ ગામો અને સળગતાં નગરો કહે છે તેના કોપના પરિણામનું અનુમાન કરવું કઠણ નથી. પણ હું ફરીથી કહું છું કે હું તમારો બંધુ છું અને તમને ભયમાંથી મુક્ત કરવા આવ્યો છું.

સરદાર : (કડકાઇથી) બંધ કર બકવાટ તારો! સિંહના બોડમાં આવીને સિંહને જ છેડે છે? મને કાયર કહે છે? મને કોનો ભય? જેના ભયથી દિશાઓ ધ્રુજી ઊઠે છે ને શત્રુઓ લડયા વિના જ પહાડની ટોચ ઉપરથી કૂદી પડીને ડરના માર્યા પ્રાણ આપી દે છે, તેને તું ડરપોક કહે છે? જેની સેનાના ધબકારાથી પામીરની છાતી બેસી જાય છે તે ડરશે? જેનું નામ સાંભળતાં જ સાર્થવાહ વિપન્ન થઈ જાય છે, કશ્મીર અને કાશગર, બામિયાં અને બાખ્ત્રી, ખુતાન અને કુચી, તિયેનશાન અને તુર્ફાન હલી ઊઠે છે તેને ભય? તું તો પાગલ થયો છે, નર્યો પાગલ!

કુમારજીવ : કોપ ન કરો, હૂણપતિ. તથ્યને સમજો. તમારાં આ સર્વ કરતૂકનું કારણ તો ત્રાસ જ છે, નિષ્કારણ ભય છે. કશ્મીર અને કાશગરને તમે ડરથી લૂંટો છો; એ જ ડરના માર્યા તમે બામિયાં અને બાખ્ત્રી ઉપર વારેવારે હલ્લા લાવો છો; ખુતાન ને કુચી ઉપર એ કારણે જ તમે ઘેરા ઘાલ્યા કરો છો, તિયેનશાન અને તુર્ફાનની ગુફાઓ તમારા શત્રુઓને આશ્રય ન આપે એટલા જ માટે તમે અવારનવાર ત્યાં આંટા મારી આવો છો. કહો, આ સાચું નથી શું? મનને ફંફોળીને કહો કે તમારી સંચાલક શક્તિ ભય છે કે બીજી કોઈ? તમારી જઘન્ય ક્રૂરતાઓનો જનક પણ ભય જ નથી શું?


સરદાર : (કંઈક નિસ્તેજ થઇને) લઈ જાઓ આને, ને પૂરી દો એને ખીલાઓની કારામાં.

(સૈનિકોનાં પગલાંનો અવાજ)

કુમારજીવ : (જતાં જતાં) મને તો કારાવાસી ભલે બનાવો, પણ તમે તમારા બંધનમાંથી ક્યારે મુક્ત થશો? (જાય છે.)

*

વાચક : હૂણપતિએ કુમારજીવને કારામાં તો મોકલી દીધો, પણ તેને લાગ્યું કે તેની છાતી ઉપર જાણે શિલા પડી છે. જીવનમાં પહેલી જ વાર જાણે કોઇએ તેની ક્રૂરતાઓનું રહસ્ય ખુલ્લું કરી તેની સામે ધરી દીધું! તેની આંખોમાંથી ઊંઘ ચાલી ગઇ, ભૂખ મરી ગઈ, વિજયોનો અહંકાર નરમ પડી ગયો. પોતે કરેલી એકેએક હત્યાના—સળગાવેલાં નગરોના, કરેલા અત્યાચારોના, પોતાના જ પુત્રોના કરેલા વધના વિચારો આવવા લાગ્યા. તેને થયું કે પોતાનાં સઘળાં કરતૂકોનું એકમાત્ર કારણ જે હાથમાં છે તે ખોઈ બેસવાનો ભય છે. તેણે મારેલા શત્રુઓનાં અસ્થિપિંજર ને પુત્રોનાં કંકાલ તેની શાંતિ હરવા લાગ્યા. અંધકારમાં દેખાતી પોતાનાં ક્રૂર કર્મોની ભયાનક યંત્રણા તેને કંપાવવા લાગી. અનેક વખત તે ચિત્કાર કરી ઊઠતો. એક અઠવાડિયાને અંતે તો તેણે ભિક્ષુને પોતાની આગળ ખડો કરવાની આજ્ઞા આપી. ભિક્ષુ આવ્યો. ખીલાઓ ભોંકાવાને લીધે તેના શરીરમાંથી ઠેકઠેકાણેથી રક્તનો પ્રવાહ વહેતો હતો. દેહ આખો લોહીલુહાણ થઈ ગયો હતો. પણ મોં ઉપર ઉદાસીનું ચિહ્ન



દક્ષિણ ભારતમાં અમરાવતી ઉપરાંત નાગાર્જુનકોંડા એ બૌદ્ધ અવશેષોનું બીજું સમૃદ્ધ સ્થાન છે. ત્યાંના બીજી સદીના આ એક શિલ્પમાં, સિદ્ધાર્થે મહાભિનિષ્ક્રમણ કર્યાના ખબર સાંભળી શોકગ્રસ્ત થએલા પિતા શુદ્ધોદન દર્શાવ્યા છે.

સૌરાષ્ટ્ર, ગાંધાર અને હિમાલય પ્રદેશ સુદ્ધાંનાં સ્વરૂપો, શૈલીઓ અને રીતિઓનો અપૂર્વ કૌશલથી તેમાં ઉપયોગ કર્યો છે. કાષ્ઠ, હાથીદાંત, ધાતુ વગેરે જેવાં સાધનો પર આ કલાકારીનું અસાધારણ પ્રભુત્વ હતું. બોધિગયા, સારનાથ, બારહૂત, ભાની ને સાંચી આદિની શિલ્પકૃતિઓમાં બુદ્ધપૂર્વેના બ્રહ્મા, ઇન્દ્ર અને કુબેર જેવા દેવો તથા લક્ષ્મી ને યક્ષ જેવી આકૃતિઓ છે જ. મથુરામાં પ્રાચીન યક્ષસ્વરૂપનું બુદ્ધની પડછંદ મૂર્તિમાં રૂપાંતર થએલું મળે છે.

હિંદી શિલ્પની આ મહત્ત્વની ને આશાસ્પદ કળાનો પ્રારંભ સૌપ્રથમ ઈસ્વી સનની પહેલી સદીમાં મથુરા ખાતે થયો ત્યારે તો આ કળા એની રચનાત્મક દશામાં હતી; પરંતુ ચોથી અને પાંચમી સદીમાં ગુપ્ત યુગ દરમ્યાન તે પૂર્ણતાને પામી અને હિંદી શિલ્પનો એ સુવર્ણયુગ લેખાયો. એ કાળમાં બુદ્ધની જે સર્વાંગસુંદર પ્રતિમાઓ રચાઈ તે ભારતીય શિલ્પની સૌથી મહાન કૃતિઓ ગણાય છે. એમાંની મુખ્ય ગણાતી કૃતિઓ આ અંકની આર્ટપ્લેટો ઉપર છાપી છે. એ મુખમુદ્રા પર અંકાએલો આધ્યાત્મિક આનંદ તથા એ ઢળેલાં લોચનો ને મૃદુ સ્મિત વેરતી મુદ્રામાંથી નીતરતો પ્રાણીમાત્ર પ્રત્યેનો કરુણાભાવ એ ભારતીય કલાની ચરમ સિદ્ધિ છે.

આ માટીકામ, શિલાશિલ્પ તથા ધાતુશિલ્પની સાથોસાથ ભારતીય ચિત્રકારોએ પણ એક નવીન ચિત્રશૈલીનું નિર્માણ કરવામાં સહકાર સાધ્યો. ઈ. સ. પૂર્વેની બીજી સદીમાં અજંતાની ગુફાઓમાં બૌદ્ધ ચિત્રો સર્જાવાં શરૂ થયાં, અને તે ઉત્તરોત્તર વિકસતાં જઇને તેના અનુસંધાનમાં મધ્ય ભારતમાં બાઘ, સીલોનમાં સિંહગિરિ, અફઘાનિસ્તાનમાં બામિયાં, મધ્ય એશિયામાં ખોતાના પશ્ચિમ ચીનમાં તુન-હ્વાન (સહસ્ર બુદ્ધ) ને જાપાનમાં હોરીયુજી મંદિરનાં ભીંતચિત્રોનું નિર્માણ થયું. એ જ રીતે શિલ્પમાં મથુરા અને સારનાથથી અમરાવતી થઇને અનુરાધાપુર(સીલોન)થી જાવા-ઈન્ડોનેશિયા ને હિંદીચીનથી ચીન-જાપાન સુધીની બુદ્ધ મૂર્તિઓ પર ભારતીય કળાનો પ્રભાવ પડ્યો છે. ચંપા, વીએટ્નામ, કૅમ્બોડિયા, ઈન્ડોનેશિયા અને સેલેબસ ટાપુઓ લગીનાં શિલ્પ ને સ્થાપત્યની સર્જનપ્રણાલીનો ઉગમ અમરાવતીની દક્ષિણ ભારતીય પ્રણાલીમાંથી થયો છે. હિંદી ચીન પર અસર કરનાર સૌથી મોટામાં મોટાં



નાલંદામાંથી નેપાળ-તિબેટમાં પ્રસરેલા બૌદ્ધ ધર્મની અનુસારિણી આ કલા બંગાળની પાલ શૈલીમાંથી ઊતરેલી છે.

જગતને સંસ્કારપૂત કરનારાં બળોમાં સૌથી મોટા બળરૂપ ગણાતો બૌદ્ધ ધર્મ સમસ્ત એશિયાની ભવ્યસુંદર કળાનો જન્મદાતા ગણાય છે. બોધિસત્ત્વ પદ્મપાણિની તિબેટની આ રૂપસુંદર મૂર્તિ તેનો એક નમૂનો છે. ઉમદા કારીગરી દાખવતાં આભૂષણો અને મધુર સ્મિત ધારણ કરેલી આ ધાતુમૂર્તિ એક મોંઘા કલારત્ન તરીકે કલકત્તાના ભારતીય સંગ્રહસ્થાનમાં રક્ષાએલી છે.

બૌદ્ધ મંદિરો મધ્ય જાવામાં જોવા મળે છે. આ મૌર્ય-સુંગ-આન્ધ્ર-કુશાન યુગમાં શરૂ થએલા કલાવિધાનનું સ્વાભાવિક સર્વોચ્ચ શિખર એટલે ઈ. ૩૦૦થી ૧૨૦૦ લગીની શિષ્ટ કલા.

બૌદ્ધ ધર્મ એના પ્રારંભકાળમાં મહાયાન(એટલે કે મહાન વાહન) અને હીનયાન (એટલે કે ક્ષુદ્ર વાહન) એમ બે શાખામાં વહેંચાઈ ગયો. ખરી રીતે જોઈએ તો હીનયાન પંથમાં જ ભગવાન બુદ્ધના મૂળ ઉપદેશોનું સાચું પ્રતિબિંબ ઝિલાયું છે. મહાયાન પંથને માત્ર ઐતિહાસિક

સરખું ન હતું; ત્યાં તો ફરકતો'તો શાંત મલકાટ.

સરદાર: (બનાવટી ફિક્કું હસીને) પાગલ, કેમ છે?

કુમારજીવ: તીક્ષ્ણ ખીલાઓની સેજ પર સૂવાનું સુખકર નથી જ હોતું. જીવન દુઃખમય છે એ તથાગતનું પરમાણેલું સત્ય તો સ્પષ્ટ લાગે છે, અને પરિણામે જીવો પ્રત્યેનો સ્નેહ વધુ ઊભરાઈ આવે છે! તેમનાં દુઃખોની યાદથી કાયા કૃશ થઈ જાય છે. પણ તમે તો કહો, હૂણપતિ, તમારી રાત્રીઓ શાંતિથી વીતે છે ખરી? (થોભીને) પણ તમારાં નેત્રોમાં તો અનિદ્રા વસેલી જણાય છે. તમારાં દુઃખથી મને પણ દુઃખ થાય છે, હૂણપતિ; તમારા આકુળ મનને સ્થિર કરો.

સરદાર: મારું મન તો સ્થિર છે, ભિક્ષુ! હું નીડર છું; કાળથી પણ નથી ડરતો.

કુમારજીવ: અરે તમે ખુદ તમારી છાયાથી જ ડરો છો; તમારા સ્વરથી ડરો છો, તમારાં કૃત્યોથી ડરો છો. લોભના કારણે તમને ક્રોધ મળ્યો; ક્રોધે તમને ક્રૌર્ય આપ્યું; ક્રૌર્યે ભય; અને હવે તમારું સઘળું આચરણ ત્રાસને આધીન છે. એ ત્રાસ જ તમારી સેનાનું સંગઠન કરે છે, તમારાં આક્રમણોને ઠરાવે છે, યુદ્ધોનું સંચાલન કરે છે. તમે ભયની જે આંધી ચલાવી છે તેના મુખ્ય શિકાર તમે જાતે જ થયા છો.

સરદાર: (એકાએક આસન ઉપરથી ગબડી પડતાં) ઓહ! આ શું થયું મને? (સૈનિકોનો થોડોક કોલાહલ).

કુમારજીવ: (સરદારને આસન પર બેસાડતાં) ઊઠો, હૂણપતિ, સંજ્ઞાલાભ કરો. જગતમાં ભયનું પલ્લું ગૌણ છે. જગતમાં પ્રજનન-પાલન સ્નેહથી થાય છે. સ્નેહ એ જ પ્રધાન છે. બીજાને જે પોતાના ત્રાસથી પીડે છે તે જાતે જ પોતાની છાયાથી ડરે છે. ધરા ઉપર આટલું બધું બંધુત્વ ભર્યું છે તેનું અપમાન ન કરો, તેને ભોગવો.

સરદાર: (ધીમા સ્વરે) ભિક્ષુ!

કુમારજીવ: બોલો, હૂણપતિ બોલો!

સરદાર: મને હૂણપતિ ન કહો, ભિક્ષુ! તીક્ષ્ણ ખીલાઓ ઉપર સૂઈ શકનાર તમારી શક્તિની મને ઈર્ષ્યા આવે છે. તમારી આ શાંતિ, તમારો આ મલકાટ થોડોક મને— મને ક્રૂર બર્બરને પણ આપો, જેણે કોઈને ચેનથી સૂવા નથી દીધા—પોતે પણ નથી સૂતો. તમે સાચું કહ્યું કે મારાં સર્વ કર્મોનું એકમાત્ર કારણ ભય છે અને હવે હું બીજાઓને ત્રાસથી ડામીને ખુદ મારી જ છાયાથી, મારી નિદ્રા અને શાંતિથી પણ ડરવા લાગ્યો છું. તમારું આ નિશ્ચલ હાસ્ય, તમારી આ શાંતિ થોડીક મને પણ આપો.

કુમારજીવ: લઈ લો, બંધુ, લઈ લો! મારી આ શાંતિ, મારો આ સ્નેહ, મારું આ બંધુત્વ લઈ લો! ધરાની સીમા મોટી છે અને બંધુત્વની સીમા તો એથી ય મોટી છે. અને સ્નેહ તો એવી નિઃસીમ સંપદા છે કે જેના ઉપર શાંતિનો વૈભવ પ્રતિષ્ઠિત છે. સૌ તેને મેળવી શકે છે. સૌના લેવા છતાં તે નથી ખૂટતી. તેની સીમામાં આવો, મારા જાગ્રત બંધુ, સદ્ધર્મની પરિધિમાં આવો.

સરદાર: મારા જેવા ક્રૂર પાતકી માટે પણ તમારા સદ્ધર્મમાં સ્થાન છે?

કુમારજીવ: મિત્ર, તમારી ક્રૂરતા અવશ્ય બીષણ છે, પણ બંધુત્વનો વિસ્તાર અનંત છે. અને સદ્ધર્મ પોતાનાં દ્વાર સૌના માટે સદા ખુલ્લાં રાખે છે. આજથી તમે સંઘમિત્ર થયા. આવો, સદ્ધર્મમાં પ્રવેશ કરો.

*

વાચિકા: અને તે વિકરાળ હૂણ સરદારે

સદ્ધર્મમાં પ્રવેશ કર્યો. મહિનાઓ વીત્યા પછી કાશગર અને તારીમની વચ્ચે તકલામકાનની મરુભૂમિના માર્ગમાં ભૂખ્યા-તરસ્યા ટટ્ટુઓ ઉપર બેસીને કુમારજીવ તથા સંઘમિત્ર જઈ રહ્યા હતા. ભયાનક ગરમી હતી, ભીષણ તરસ લાગી હતી—

*

સંઘમિત્ર : ભન્તે, તરસના કારણે હવે તો પ્રાણ કંઠે આવી ગયા છે. એક પગલું પણ આગળ નથી વધાતું. ટટ્ટુઓની શક્તિ પણ ક્ષીણ થઈ ગઈ છે.

કુમારજીવ : સંઘમિત્ર, ચિંતા ન કરો. પશુમાં તરસ ઓછી હોય છે. જીવોમાં સૌથી વધુ તૃષ્ણાળુ માનવ છે. (હસે છે)

સંઘમિત્ર : આપ કેવો સંયમ જાળવી રહ્યા છો, ભન્તે! આપ તો મારા કરતાં વધુ દુર્બળ છો. આપના હોઠ પણ મારા કરતાં વધુ સુકાઈ ગયા છે.

કુમારજીવ : (હસતાં હસતાં) સંઘમિત્ર, આઘાતથી ભલે ખડકો તૂટી જાય છે, પહાડની છાતી હચમચી ઊઠે છે, પણ માનવ હૃદય પર કાંઈ જ અસર નથી થતી. તે જેટલો ક્રૂર અને કઠોર થઈ શકે છે તેટલો જ સ્નેહિલ અને દ્રવ પણ થઈ શકે છે. હૈયું પથ્થર કરતાં પણ કઠોર છે, વજ્ર કરતાં પણ નિર્મમ છે; ને સહન કરવાની શક્તિ જેટલી તેનામાં છે તેટલી લોહમાં પણ નથી. કાયા આખી ગળી જાય છે છતાં મર્મભર્યું હૈયું મૂરઝાતું સુદ્ધાં નથી. મનની શક્તિ ભારે છે, અપાર છે.

સંઘમિત્ર : ભન્તે, શું કરું? હવે તો ચરણ જાણેકે કંઠમાં સમાઇને અવરુદ્ધ થઈ ગયા છે. તરસ હવે લેશમાત્ર આગળ નહિ જવા દે. હવે મને અહીં જ સમાધિ લેવા દો. આપ મારાં ચીવર લઈ લો. કદાચિત આતપથી થોડુંક રક્ષણ મળે.

કુમારજીવ : (હસીને) તમારું એ ચીવર આતપથી મારું રક્ષણ ક્યાં સુધી કરી શકશે? એક કામ કરો. અશ્વની શિરા કાપીને થોડું રક્ત પી લો. પિપાસા થોડીક શાંત થશે.

સંઘમિત્ર : હેં! એ શું બોલ્યા, ભન્તે? હિંસા?

કુમારજીવ : તે હિંસા નથી, ભિક્ષુ. રક્ષાકવચ છે, તેને ધારણ કરો. જીવનથી વધુ કાંઇ જ પવિત્ર નથી. વળી કાનસૂ પહોંચવું છે જીવિત રહીને. આ તો અધિકના માટે થોડાકનું હનન છે. ઇષ્ટ મહાન છે. સંકલ્પની દૃઢતા અને ઇષ્ટની સફળતા માટે આ જ ઉચિત છે.


સંઘમિત્ર : ભન્તે, ધન્ય છે આપને કે હજી પણ દૃષ્ટિ કાનસૂ ઉપર જ છે. પણ આપની તરસ માટે શું?

કુમારજીવ : હજી કાંઈ ચિંતા નથી; પણ આવશ્યકતા પડશે તો મેં તમને જેની અનુમતિ આપી તે હું કરીશ. અને જરાક રક્ત ઓછું થવાથી ટટ્ટુનું મૃત્યુ નથી થઇ જવાનું.

*

વાચક : આમ, દિન-રાતને એક કરતા બંને ભિક્ષુ કૂચા પહોંચ્યા. જીવા ત્યાં અગાઉથી પહોંચી ગઈ હતી. કુમારજીવ માટે મહાવિહાર પોતાનાં દ્વાર ખોલીને ઉત્સુક થઈ રહ્યો હતો. તેનો યશ દિશાઓમાં પહોંચી ગયો હતો. ભિક્ષુ અને ઉપાસક, સ્થવિર અને આચાર્ય, રાજા અને રંક તેના સ્વાગત માટે તૈયાર હતા.

વાચિકા : વર્ષો સુધી ભિક્ષુએ પોતાના જ્ઞાનનો કોષ કૂચીમાં લુટાવ્યો. હજી પણ તેનું ધ્યેય તો તુન-હ્વાંગ જ હતું, કાનસૂ જ હતું; પણ તે માટે તેને પૂરી તૈયારી કરવાની હતી. તે બૌદ્ધસિદ્ધાંતોનો પ્રચાર ચીનમાં કરવા ઇચ્છતો હતો કે જેથી ત્યાંની દુર્ધર્ષ જાતિઓ હિંસા-




મહાપરિનિર્વાણ : બૌદ્ધધર્મી સિલોનના પ્રાચીન અવશેષો ધરાવતા નગર પોલોન્નારૂઆમાંની ભગવાન બુદ્ધની અવસાન વેળાની આ ૪૬ ફૂટ લાંબી મૂર્તિ, તથા બાજુમાં ઊભેલી તેમના શિષ્ય આનંદની ૨૩ ફૂટ ઊંચી પ્રતિમા, બંને, એક જ જંગી શિલાખંડમાંથી કોરેલી છે.

બુદ્ધથી સંતોષ ન થયો, અને પરિણામે એણે ધ્યાની બુદ્ધ અથવા તો દિવ્ય બુદ્ધની અને બોધિસત્ત્વોની (એટલેકે ભવિષ્યના બુદ્ધોની-માનવજાતના તારણહારોની) ભાવનાનું સર્જન કર્યું. આ પ્રકારના બૌદ્ધ ધર્મે ચીન, તિબેટ અને જાપાન પર જાદુ કર્યું, પરન્તુ દક્ષિણના દેશો લંકા, બ્રહ્મદેશ વગેરે તો હીનયાન પંથ એટલે કે બૌદ્ધધર્મના અસલ સ્વરૂપને વળગી રહ્યા.

બ્રહ્મદેશમાં સૌપ્રથમ ઈસુયુગની શરૂઆતમાં કલિંગ (એટલે કે આજના તેલંગણ) પ્રદેશના 'મોન' લોકોએ મોલમીનની થોડે ઉત્તરે આવેલા થાટોનની આસપાસની મેદાન ભૂમિમાં વસવાટ શરૂ કર્યો. આ લોકો પોતાની સાથે બૌદ્ધ ધર્મ લેતા આવ્યા. આજે તો થાટોનમાં કાંઈ જોવાલાયક રહ્યું નથી, પરન્તુ બુદ્ધની કેટલીક અતિસુંદર પ્રતિમાઓ અને સોનાચાંદીની મંજૂષાઓ જૂના પ્રોમ ખાતે થએલા ખોદકામ દરમ્યાન મળી આવી છે.

અગિયારમા સૈકાની મધ્યમાં બ્રહ્મી લોકોએ બ્રહ્મદેશ પર વર્ચસ્વ જમાવ્યું અને એમના વિખ્યાત રાજા અનાવર્તે ઇરાવદી ને ચિંદવીન નદીના સંગમ પર 'પગાન' ખાતે નવી રાજધાની સ્થાપી. એણે બૌદ્ધ મંદિરો સ્થાપવાની જે પ્રણાલી શરૂ કરી તે એના પછી અઢી સૈકા સુધી ચાલુ રહી. પગાન ને એની આસપાસના સોળ ચોરસ માઇલના વિસ્તારમાં ચાર હજાર સ્તૂપો પથરાએલા છે. એ સવની વચ્ચે ભવ્ય 'આનંદ-મંદિર' આવેલું છે (જુઓ સાથેનાં ચિત્ર).

હવે થાઇલૅન્ડ જોઇએ. ઈસ્વી સનના બીજા સૈકામાં આન્ધ્રમાં કૃષ્ણા નદીના મુખ પર આવેલા અમરાવતી બંદરેથી ભારતીય વેપારીઓ અને ઉપદેશકો (મોન લોકો) બંગાળના ઉપસાગરના જોખમી સાગર ખેડી આઠમા સૈકામાં થાઇલૅન્ડ આવ્યા હતા. ઉત્તર થાઇલૅન્ડમાં લામ્પુન ખાતે આવેલા એક મંદિર સિવાય આજે મોન મંદિરો જોવા મળતાં નથી. આ ઇમારત સિલોનમાં પોલોન્નારૂઆ ખાતે આવેલા શતમહાલ પ્રાસાદને ઘણી મળતી છે. વળી લબપુરી ને કાંબટાંગમાંથી ભૂરાશપડતા પથ્થરમાંથી કોતરી કાઢેલી બુદ્ધની મૂર્તિઓ પણ મળી આવી છે. ગુપ્તકાલીન પ્રતિમાઓને મળતી આ મૂર્તિઓ અતિ ઉચ્ચ કક્ષાની કળાકારીગીરીના નમૂના રૂપ છે.



↑ સિલોનના એક વિશાળ મેદાન પર એકલો ઊભેલો આ સિહગિરિ પર્વત પાંચમી સદીમાં ત્યાંના રાજાનો મજબૂત ને દુર્ગમ રક્ષક-દુર્ગ હતો. રાજા સામેના બળવામાં તે કબજે થયા પછી ઘણાં વર્ષો બાદ બૌદ્ધ સાધુઓના સંઘારામ તરીકે તે વપરાવા લાગ્યો હતો.



એ સિહગિરિ પર કોતરેલી ગુફાઓમાં જે મનોહર શિલ્પો તથા ભીંતચિત્રો આવેલાં છે તેના નમૂના રૂપ આ (નીચેનું) ચિત્ર દક્ષિણ હિંદની પલ્લવ અને ચોળ શૈલીની અસર દાખવે છે.

અગિયારમી સદીમાં ખ્મેર લોકોએ જ્યારે મધ્ય થાઇલૅન્ડ પર કબજો મેળવ્યો ત્યારે બુદ્ધની મૂર્તિઓના શિલ્પવિધાનમાં એમણે પોતાની શૈલી અપનાવી; આમ છતાં એ પ્રતિમા-

થી વિરત થઈ સ્નેહથી સિક્ત થઈ જાય.

વાચક: ચીન હજી પણ નિર્દય હતું. તેના નિષ્ઠુર યોદ્ધાઓ દેશમાં લોહીની હોળી રમી રહ્યા હતા. ઠેકઠેકાણે નવાંનવાં રાજ્ય ઊભાં થતાં હતાં અને માનવતાની કાયા નિતનિત ક્ષીણ થતી જતી હતી. અને એક દિવસ ચીને કૂચા ઉપર કૂચ કરી. નગરની શક્તિ તૂટી ગઈ. ચીની સેનાપતિએ કુમારજીવને પણ બાંધી લીધો. માતા જીવા ભિક્ષુણીના રૂપે ઊભી હતી. બદ્ધ કુમારજીવ સ્મિત કરીને બોલ્યો...

*

કુમારજીવ: દેવી, આજ્ઞા આપો, જાઉં. સંકલ્પ ફળ્યો છે અને હૂણોના મૂળ દેશમાંથી અનાયાસ જ આહ્વાન આવ્યું છે. આશીર્વાદ આપો કે ધ્યેયની સિદ્ધિ થાય.

જીવા: જાઓ ભિક્ષુ, કાનસૂનો તમારો સંકલ્પ પૂર્ણ કરો.

કુમારજીવ: ચિંતા નહિ કરતાં, દેવી. સદ્ધર્મના માર્ગ ઉપર તમે જ મને લાવ્યાં છો.

જીવા: જાઓ, કુમારજીવ, જાઓ. પંથ નિઃશલ્ય બનો! તથાગતે જોએલા સત્યનો પ્રસાર કરો: 'સત્ય જેનો આદિ કલ્યાણકર છે, મધ્ય કલ્યાણકર છે, અંત કલ્યાણકર છે!' બહુજન હિતાય, બહુજનસુખાય, જાઓ!

કુમારજીવ: (જતાંજતાં) બહુજનહિતાય, બહુજનસુખાય!

* *

વાચિકા: અને ભિક્ષુ ચાલ્યો ગયો—બંદીઓની વચ્ચે, વિજયિની ચીની સેનાની સાથે. જ્યાં સુધી ઊંટોની ઘંટડીઓ સંભળાતી રહી, જ્યાં સુધી ટટ્ટુઓની ઝાંખી રેખા ક્ષિતિજમાં વિલીન ન થઈ ગઈ, જ્યાં સુધી તેમાંથી નીકળેલી ધૂળ આકાશમાં સમાઈ ન ગઈ ત્યાં સુધી જીવા ભરેલાં નેત્રે પૂર્વની તરફ જોતી જ રહી—જોતી જ રહી.

(ઠક ઠક ઠક પથ્થર કાપવાનો અવાજ; તેની વચ્ચે વાચિકાનો સ્વર......)

વાચિકા: તુન હ્વાંગની ગુફાઓ ખોદાઇ રહી છે. (ઠક ઠકનો અવાજ) કાનસૂના હૂણોએ નતમસ્તક થઇને કુમારજીવનો ઉપદેશ અપનાવ્યો. ગુફાઓ કોરાઈ રહી છે. આસ્થાવાન શ્રમ પર્વત તોડી રહ્યો છે કે જેથી તેની દીવાલો ઉપર બુદ્ધના ચારે વૈભવ લખી શકાય...જન્મનો વૈભવ, મહાભિનિષ્ક્રમણનો, સંબોધિનો અને નિર્વાણનો; વિશ્વબંધુત્વની ઉદાર ધારા મરુમાં નિરંતર વહેતી રહે. પ્રીતિ ઘૃણાને જીતી લે, માનવતા બર્બરતાને જીતી લે.

વાચક: કુમારજીવની યુગ-સાધના પૂરી થઈ. બાર વર્ષ હૂણોના મૂળ-પ્રદેશમાં રહીને તેણે બૌદ્ધ ગ્રંથોનું સંપાદન કર્યું. પુસ્તકના પ્રચાર માટે ચીનીઓએ કાગળ ક્યારનો યે તૈયાર કરી નાખ્યો હતો; હવે તેમણે મુદ્રણનો પણ આવિષ્કાર કર્યો. ભારતના એ સદ્ધર્મે દૂરના એ બંધુ-માનવને પીરસવા માટે-તેમના પ્રકાશ માટે જે જ્ઞાન મોકલ્યું તે અનંત પોથીઓમાં છપાયું. અને એ પ્રયત્નનું પરિણામ એ આવ્યું કે પુસ્તકોનું મુદ્રણ જગતમાં પ્રચલિત થયું.

વાચિકા: કોઈએ ન હતું જાણ્યું કે ભારતીય પ્રેરણાનું પરિણામ આટલું દૂરગામી થશે, કે જેથી આગામી સદીઓના યુરોપમાં પુનર્જાગૃતિ અને ધર્મ-સુધારણાના આંદોલનમાં એ જ મુદ્રણકલાનો ઉપયોગ થશે, જેના આવિષ્કારની પ્રેરણા કમેંડ ચીનીઓને ભારતે આપેલી. કુમારજીવની સાધના સફળ બની.

(દેહત્યાગના સમયે પોતાના શિષ્યોને કુમારજીવે કહેલું...)

*

કુમારજીવ : મારાં કર્મને અનુસરો,–કર્મ કે જે માનવ-સેવાના રૂપમાંમારું અનુષ્ઠાન બની ગયાં હતાં; પણ મારા જીવનને આદર્શ નહિ માનતા. હું તો કીચ છું. કીચમાં કમળ ખીલે છે. મારી સાધના કમળના રૂપે ખીલી એ કમળને ચૂંટી લો, કીચને છોડી દો.

*

વાચક : દેશમાંથી જનાર ભિક્ષુઓ એ કર્મને અનુસર્યા, તેને આગળ વધાર્યું. તુન-હવાંગનાં ગુફાગૃહો છીણીની ક્રાંતિથી ઊભાં થઈ ગયાં. સો વર્ષ પછી ગૌતમ પ્રજ્ઞારુચિ વારાણસીથી ચાલીને જ્યારે એ તુન-હ્વાંગ પહોંચ્યો ત્યારે ત્યાંના ખડકો પર વેગપૂર્વક છીણીઓ વરસી રહી હતી. તેનું સુકોમળ મન મથી રહ્યું. વૃદ્ધ સ્થવિરને તેણે કહ્યું–

*

પ્રજ્ઞારુચિ : ભન્તે, અત્તિલ (ઍટિલા) હૂણે રોમના સામ્રાજ્યની કરોડ તોડી છે. સાગરથી ઇરાન સુધી ફેલાએલા એ સામ્રાજ્યના ટુકડેટુકડા થઈ ગયા છે; દિશાઓ રક્તના છાંટાથી લાલલાલ થઈ ગઇ છે; નદીઓમાં રક્તનો પ્રવાહ ઊભરાઈ ચાલ્યો છે; લોકપાલ વિચલિત થઇ ગયા છે.

સ્થવિર : પ્રવચનો વધારી દો, સ્નેહમાં ઘૃણાને ડુબાડી દો. અહીંના હૂણ સદ્ધર્મથી દીક્ષિત થઇ ચૂક્યા છે, કોપ ન કરો, ભન્તે!

પ્રજ્ઞારુચિ : ભન્તે, કોપ નથી કરતો, પણ થોડુંક વધુ સાંભળો. ભારતનો વૈભવ નષ્ટપ્રાય છે. હૂણોએ સપ્તસિંધુથી અન્તર્વેદ સુધીની ધરા આક્રાન્ત કરી મૂકી છે. તથાગતની મૂર્તિઓને મધ્યદેશ, ગાંધાર ને ઉદ્યાનમાં તોડીફોડી નાખવામાં આવી છે. ગુપ્ત સમ્રાટોનું વિશાળ સામ્રાજ્ય ડગમગુ થઇને પડી ગયું છે. સરસ્વતી બર્બર હૂણોને ચામર ઢાળી રહી છે.

સ્થવિર : ભિક્ષુ, શાંત થાઓ, શાંત! સદ્ધર્મનું પરાક્રમ પણ કંઈ ઓછું નથી. જેટલી માત્રામાં આપણો સ્નેહ હૂણો ઉપર પ્રાણવાન બનશે તેટલી માત્રામાં તેમની ગતિ અટકી પડશે. માનવનો મૂળ આચાર માનવતા છે. એ માનવતાનું માપ સ્નેહ અને બંધુત્વ છે. હિંસાના બાહુલ્યનો અર્થ છે વિરોધી તપ અને સાધના, પ્રેમ અને દયાની ઓછપ. ગુપ્ત સામ્રાજ્ય નષ્ટ થયું, નષ્ટ થાય. દેશની મૂળ પ્રેરણા જ્યાં સુધી વિશ્વબંધુત્વ છે, જ્યાં સુધી તે ક્રોધનો ઉત્તર શાંતિ અને ક્ષમાથી આપે છે ત્યાં સુધી તેનો સ્રોત સુકાશે નહિ, જીવન સહસ્ર ધારાઓમાં પ્રાણવાન બનીને વહેશે.

નિર્દ્વન્દ્વ બનો, ભિક્ષુ! ગરલ પીને અમૃત કાઢો. નીલકંઠના વ્યાપક આચારથી મૂર્ધાને સ્થિર કરો. (નિરંતર ધ્વનિઓનો અવાજ.)

વાચિકા : અને તુન-હ્વાંગનાં ગુફાગૃહો સદીઓ સુધી પોતાના કલેવર ઉપર અજંતાની પરંપરા ઉતારતાં ગયાં. હૂણોની યુદ્ધ-પિપાસા મરી ગઈ. એ પછી સદા ય ચીને શાંતિ અને પ્રેમામૃતની નીતિ અપનાવી. અને આજે તેની રાષ્ટ્રીય-નાટ્યશાળાની યવનિકા પર, અજંતાની પરંપરામાં, તુન-હવાંગના ગગનચારી વિદ્યાધરોનાં ચિત્ર-પ્રતીક આલેખાયાં છે. ભારતીય સંસ્કૃતિની મૂળ પ્રેરણા ચરિતાર્થ થઇ: 'જો તોકૂં કાંટા બુવે, તાહિ બોઉ તૂ ફૂલ.'

(હિંદી માસિક 'જ્ઞાનોદય'ના સૌજન્યથી)

ઓમાં પણ મોન લોકોની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. (જુઓ અન્યત્ર ચિત્ર)

કમ્બોડિયામાં આજે જોવા મળતાં લગભગ તમામ મંદિરો શિવ કે વિષ્ણુનાં છે, પરંતુ બારમી સદીની આખરમાં વિખ્યાત ખ્મેર રાજા જયવર્મન સાતમાએ, પોતાના નવા પાટનગર આંગકોરની મધ્યમાં એક વિશાળ ને ભવ્ય મંદિર બંધાવ્યું. જયવર્મનના બાપદાદાઓ દક્ષિણ ભારતના પલ્લવ વંશના હતા અને મહાયાન પંથ પાળતા હતા. જયવર્મને બંધાવેલા આ મંદિરને ૪૫ મોટા મિનારા છે અને દરેક પર બોધિસત્ત્વ લોકેશ્વરનાં ચાર મુખ દર્શાવવામાં આવ્યાં છે. આ મંદિર પૂર્વની એક રહસ્યમય કૃતિ છે, અને દુનિયાની માનવસર્જિત અજાયબી તથા સૌથી ભવ્ય ધાર્મિક ઇમારત છે. મૂળ એ વિષ્ણુ-મંદિર હતું અને મહાન રાજા સૂર્યવર્મન બીજા(ઈ. સ. ૧૧૧૦થી ૧૧૫૦)ના સ્મરણાર્થે બાંધવામાં આવ્યું હતું, પરંતુ પાછળથી બૌદ્ધ મંદિરમાં ફેરવાયું.

મલાયામાંથી નાલંદા શૈલીની બોધિસત્ત્વોની કેટલીક કાંસાની અપ્રતિમ પ્રતિમાઓ તેમજ પલ્લવ શૈલીની કેટલીક ઊભેલા વિષ્ણુની પાષાણમૂર્તિઓ મળી આવી છે. પરંતુ આઠમા સૈકામાં શૈલેન્દ્ર વંશના શાસન નીચે બૌદ્ધકળા કેટલી પાંગરી અને વિકસી હતી એ જો જોવું હોય તો તો જાવા જવું જોઈએ. મધ્ય જાવામાં આવેલા બોરોબુદુરના મહાન સ્તૂપની મન પર જે છાપ પડે છે તે સાચે જ અવર્ણનીય છે. એ સ્તૂપને છ સમચોરસ અગાશી છે ને સૌથી નીચેની અગાશી ૪૮૦ ચોરસફૂટ છે. સ્તૂપનાં પગથિયાં ચડતાં એક બાજુએ બુદ્ધનું જીવનદર્શન કરાવતી તકતીઓની હારમાળા આવે છે. અહીં શિલ્પકારોએ ભારતીય પ્રતીકો કે નમૂનાઓનું માત્ર અનુસરણ જ નથી કર્યું પરંતુ પોતાની સ્વતંત્ર હિંદી–જાવાનીઝ કલાશૈલી સર્જાવી છે. એની નાજુકતા અને સૌંદર્ય અદ્ભુત છે. એ ચારે બાજુની અટારીઓને જો એક સાથે રાખવામાં આવે તો એ ત્રણ માઈલ લાંબી થાય, જેમાં ૧૩૦૦ તકતીઓ કંડારાએલી છે! સ્તૂપનો ઉપરનો ભાગ સાવ શણગાર્યા સિવાયનો છે ને નીચેના કલાસમૃદ્ધ ભાગ સાથે એક વિરોધાભાસ ઊભો કરે છે. આ વિરોધાભાસ હેતુપુરઃસરનો છે અને તે સ્થૂળ ઇંદ્રિયો તેમજ મનશ્ચેતના વચ્ચે રહેલા ભેદનો સૂચક છે.



ઈ. પૂર્વે પાંચમી સદીથી લંકાનું પાટનગર રહેલું અનુરાધાપુર ૧૩૦૦ વર્ષ બાદ આઠમી સદીમાં પોલોન્નારૂઆ રાજધાની બનતાં ઉજ્જડ થઈ ગયું. આજે ત્યાં જંગલ વચ્ચે આ મંદિર જેવા માત્ર થોડા અવશેષો રહ્યા છે. લંકાનાં બધાં પ્રાચીન ધર્મસ્થાનોની માફક તેની ચોમેર પણ કાળમીંઢના નાનાનાના સ્તંભો ઊભા કરેલા છે.

વેરને મનમાં કાયમ રાખવું એ ઘાને શરીર પર વણરુઝાએલો રાખવા બરાબર છે.



ચિનાઈ તુર્કસ્તાન (મધ્ય એશિયા)ના સાતમી સદીના ભીંતચિત્રમાં, ભગવાન બુદ્ધનું ભક્તિભાવે પૂજન કરતું પાત્ર. અમીમુખમુદ્રા, કાન, આભૂષણો વગેરે પર અજંતા શૈલીની છાપ છે. નીચે: કોરીઆમાં સુકકુ-ઈઆમનાં ગુફામંદિરની ભીંત પર કંડારેલી ૮મી સદીની બુદ્ધમૂર્તિ. કોરીઆમાં બૌદ્ધધર્મ ઈ. ૩૨૭માં ચીનથી ગએલો, ને ત્યાંથી જ તે જાપાનમાં ફેલાયો.



તિબેટનાં મંદિરોમાં પડદા જેવા રેશમી 'ધ્વજ' ઉપર સુંદર ચિત્રો આલેખવાની પ્રણાલિહતી, તેમાંનુંએક : મહાભિનિષ્ક્રમણ બાદ પોતાના વાળ કતારી નાખતા સિદ્ધાર્થ. નીચે : લુંબિનિ મુકામે ભગવાન બુદ્ધના જન્મસ્થાને ઊભો કરેલો સ્તૂપ તથા સરોવર.



↑ સિક્કિમ અને નેપાળમાંથી હિમાલય પાર જતી વણઝારો દ્વારા સાતમી સદીમાં બૌદ્ધધર્મ તિબેટમાં ગયો, અને ઇ. ૭૫૦માં ભારતથી ત્યાં ગએલા બૌદ્ધ સાધુ પદ્મ સંભવે મહાયાન સંપ્રદાયની સાથે હિંદુ ધર્મની મંત્રવિદ્યાના મિશ્રણવાળો તાંત્રિક મત ત્યાં પ્રવર્તાવ્યો. તેના અનેક પૂજા વિધિઓમાં 'થાન-કા' એટલે કે સચિત્ર રેશમી(યા બીજા કાપડના) ધ્વજનો પણ સમાવેશ થાય છે. તેમાં વચ્ચોવચ પૂજનીય વ્યક્તિનું આલેખન ને ચોમેર એજ વ્યક્તિના જીવનને લગતાં નાનાં ચિત્રો આલેખાતાં.





મધ્ય એશિયામાં ચોર્તચુક મુકામે આવેલાં અગિયારમી સદીનાં ભીંતચિત્રોમાંના એક ખંડિત ચિત્રના આ ટુકડામાં, પોતાના અશ્વ કંથક પર સવાર થઈ ગૃહત્યાગ કરતા સિદ્ધાર્થનું આલેખન છે. એમાં ઘોડાનું સુરેખ આલેખન નોંધપાત્ર છે. નીચે ડાબી બાજુ: **વીએટ-નામની** ધાતુમૂર્તિ; જમણી બાજુ: ઈસવીસનની છઠ્ઠી-સાતમી સદીમાં **સીઆમમાં** ઘડાએલી આસમાની આરસની ૪૪ ઈંચ ઊંચી મૂર્તિ.




જાપાનમાં આવેલી દુનિયાભરની મોટામાં મોટી વિખ્યાત ધાતુમૂર્તિ. ઈ. ૭૧૦માં જાપાનની રાજધાની નારા બન્યું ત્યારથી તે ઈ. ૭૯૪માં તે બદલાઇને ક્યોટો થયું ત્યાં સુધીનાં ૮૦–૮૫ વર્ષનો ગાળો જાપાનની શિલ્પકળાનો સુવર્ણયુગ ગણાય છે. એ જ કાળમાં રચાએલી ઉપર આપેલી ભગવાન બુદ્ધની ધાતુમૂર્તિ બેઠેલી સ્થિતિમાં પણ ૫૩ ફૂટ ઊંચી છે અને તેનો માત્ર ચહેરો જ સોળ ફૂટ, આંખો ચારેક ફૂટ અને કાન સાડા આઠ ફૂટના છે. એને ઢાળતાં ૪૩૭ ટન કાંસું, ૨૮૮ રતલ સોનું અને ૭ ટન કોલસો વપરાયાં હતાં. એ જેમાં આવેલી છે તે તોદાઈજીનું જંગી મંદિર પણ દુનિયાઆખીમાં લાકડાની રચેલી મોટામાં મોટી ઇમારત ગણાય છે. એવી જ વિરાટકાય એક ૫૦ ફૂટ ઊંચી બુદ્ધમૂર્તિ **સિલોનના** પોલોન્નારૂવાના ભગ્ન મંદિરમાં આવેલી છે. નીચેના ચિત્રમાં ઊભી દીવાલોની વચ્ચે આવેલા સાંકડા મંદિરમાં સંમુખ તે ઊભેલી છે.









જીતવો ક્રોધી અક્રોધે, સૌજન્ય થકી દુર્જન,
કંજૂસ તેમ ઔદાર્યે, જૂઠાને સત્યવાદથી.
નહિ જ વૈરથી વૈર શમતાં અહીંઆ કદી,
અવૈરે શમતાં એહ ધર્મ આ છે સનાતન.
મનેભાંડચો, મનેમાર્યો, હરાવ્યો, રે લૂંટી લીધો,
ગાંઠ જે બાંધતો આમ તેનું વૈર શમે નહિ.
વિરત થવું પાપોથી, કરવો પુણ્યસંચય,
ચિત્તને રાખવું શુદ્ધ: આ બૌદ્ધ અનુશાસન. (ધમ્મપદ)


મુંબાઈ રાજ્યના નવા મુખ્ય પ્રધાન: શ્રી યશવંતરાવ ચવ્હાણ

નવા બૃહદ દ્વિભાષી મુંબાઈ રાજ્યના મુખ્ય પ્રધાનપદે શ્રી યશવંતરાવ ચવ્હાણની ચૂંટણી તેમની નિરામય સેવાવૃત્તિ અને અશ્રાન્ત કાર્યધગશનું ફલ છે, જેનું પ્રતિબિંબ તેમના નીચેના શબ્દોમાં સ્પષ્ટપણે જોઈ શકાશે: 'સંયુક્ત મહારાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ કરતાં સમગ્ર દેશ અને દેશના વડા પ્રધાન પ્રત્યેની ભક્તિનું મારે મન વધુ મહત્વ છે.'

મુંબાઈ સમા વિશાળ અને પ્રગતિશીલ રાજ્યના સૂત્રધાર બનવાની યોગ્યતાને વરેલા શ્રી ચવ્હાણનો જન્મ સતારા જિલ્લાના દેવરાષ્ટ્ર ગામમાં ઈ. ૧૯૧૪ની ૧૨મી માર્ચ થયો હતો. તેમના પિતા ધંધે ખેડૂત હતા. યશવંતરાવની સાવ નાની વયે તેમના પિતાનું ઈ. ૧૯૧૭માં અવસાન થતાં દીવાની અદાલતમાં નોકરી કરતા તેમના મોટા ભાઇએ તેમને ઉછેર્યા. પ્રથમથી જ વિદ્યાભ્યાસ ને ઇતર પ્રવૃત્તિઓમાં પણ તેઓ તેજસ્વી હતા. તેમણે પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ કરાડમાં લીધું હતું. માધ્યમિક શિક્ષણના તબક્કામાં તેઓ ટિળક હાઈસ્કૂલમાં હતા એ વેળાએ તેમણે વક્તૃત્વ-સ્પર્ધાઓમાં આગળપડતો ભાગ લઈ અનેક ઇનામો જીતેલાં. તેમની વાચનભૂખ ત્યારે યે અદમ્ય હતી. કુસ્તી એ તેમનો પ્રિય વ્યાયામ હતો. જાહેર પ્રવૃત્તિઓમાં પણ તેમણે નાની વયથી જ ભાવનાપૂર્વક ઝુકાવેલું. ૧૯૩૦માં તેમણે મિત્રો સાથે મળીને



વિદ્યાર્થી-ચળવળ ઉપાડેલી, અને '૩૨ના સવિનય કાનૂનભંગની લડતમાં એવો ભાગ લીધો કે ૧૯ વર્ષની વયે તેમને રાજદ્વારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ ૧૮ માસની જેલ મળેલી! જેલમાંથી મુક્ત થયા બાદ ૧૯૩૪માં તેમણે કરાડની ટિળક હાઈસ્કૂલમાંથી મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી અને ૧૯૩૮માં કોલ્હાપુરની રાજારામ કૉલેજમાંથી ગ્રૅજ્યુએટની પદવી મેળવી. ૧૯૪૧માં તેઓ પૂના કૉલેજમાંથી એલએલ. બી. થયા. કાયદાનો અભ્યાસ કરતાંકરતાં તેમણે અભ્યાસ-વર્તુળો પણ રચ્યાં હતાં. વિદ્યાર્થીઅવસ્થામાં તેમના પ્રિય લેખકો હતા ટિળક, આગરકર અને લોકહિતવાદી. પ્રથમ તેઓ રૉયવાદી હતા, પરંતુ બીજા વિશ્વ-યુદ્ધના મુદ્દા પર તેઓ ૧૯૩૯માં



તમરું

ચૈત્રવૈશાખના તડકામાં વગડેવગડે રસભર ગાન રેલાવતા તમરાની ગણના રુચિકર ગાયકોમાં થાય છે એ નવાઈ જેવું લાગશે. નરની આગલી પાંખોના ઘર્ષણથી ઊપજતો એ સુમધુર અવાજ ચોફેર સોસો વાર કરતાં પણ દૂર સંભળાય છે. જાપાનીઓ એના ખાસ શોખીન છે.

તમરાનું શાસ્ત્રીય નામ Gryllus Campestris. કદમાં પોતાના જ વર્ગની કંસારી (શાસ્ત્રીયનામGryllulus Domesticus) કરતાં ક્યાંય મોટું. તેની ચામડા જેવી આગલી પાંખો પાછલી નાની પાંખોને સાવ આવરી લે છે. માથું મોટું ને મૂછો ટૂંકી. પગ બધા મળીને છ; પ્રત્યેકમાં ત્રણ સાંધા. પાછલા પગ મોટા, પહોળી સાથળવાળા ને કૂદકા મરાવી શકે તેવા.

આ તૃણભોજી તમરાની તાજુબ કરી મૂકે એવી વિશિષ્ટતા એ કે પાનખર બેસતાં જ અટૂલા વસવાટ માટે નરમાદા જુદાંજુદાં દર જાતે જ બનાવે છે! શત્રુ તથા ટાઢથી બચવા માટે દરનો અગ્રભાગ ઘાસથી છવાએલો રાખે, ને શિયાળો આખો દરમાં રહે. પણ રોજ તડકો થતાં નર ફક્ત ગાવા, ને ભૂખ્યાં થતાં બંને ખાવા બહાર નીકળે. વસંત જામતાં નર ગડી પડે માદાને ખોળવા. માદા મળે તો સંયોગ પછી છૂટો પડી ક્યાંક જતો રહે ને રખડી ખાય, ને મિલન ન થાય તો વ્યથાભર્યું ગાઇગાઇને જીવે.

વસંતમાં જ માદા પોતાની દીર્ઘ જનનેંદ્રિય વડે ભોંયમાં અરધોએક ઇંચ ઊંડે ઈંડાં મૂકે છે. દસ દિવસે ઈંડું સેવાઈ રહેતાં તેના કોટલા સાથે જ બચ્ચાના શરીરફરતું વળગેલું પડ પણ જુદું પડે છે. તે વેળા તે રંગે સફેદ ને પાંખ વિનાનું, પણ આકારે તો સંપૂર્ણ હોય છે. એકાદ દહાડામાં જ કાળીવેરી પાંખો મેળવી લઇને એ પોતાની ખોટ પૂરી લે છે.

(અંક ૩૯૦માં અપાએલો તમરાનો પરિચય તમરા ને કંસારીનો સંયુક્ત હતો તે તરફ ધ્યાન દોરવા બદલ શ્રી રણછોડ બાવલિયાના આભારી છીએ. 'કંસારી' વિષે હવે પછી.)

એ ચળવળમાંથી છૂટા થએલા.

પરદેશી સરકાર વિરુદ્ધનું તેમનું આંદોલન ઉત્તરોત્તર મોટું સ્વરૂપ પકડતું જતું હતું, અને સાથે તેમની દેશહિતકારી પ્રવૃત્તિઓની કદરરૂપે લોકોમાં તેમની પ્રતિષ્ઠા પણ વધતી જતી હતી. તેઓ સતારા જિલ્લાના કૉંગ્રેસ સમિતિના પ્રમુખ ચૂંટાયા અને ૧૯૪૨ના ઑગસ્ટથી '૪૩ના મેમાં ફલટણમાં તેમની ધરપકડ થઈ ત્યાં સુધી સતારાની ભૂગર્ભ-ચળવળનું તેમણે સફળ સંચાલન કરેલું. સરકારે તેમની ધરપકડ કરવા માટે રૂા. ૧,૦૦૦નું ઇનામ જાહેર કર્યું હતું તે પરથી તેમની ચળવળ માટેની પ્રવૃત્તિઓ કેટલા વેગ અને પ્રમાણમાં ચાલતી હશે તેનો ખયાલ આવી શકશે. ઈ. ૧૯૪૪માં તેઓ જેલમુક્ત થએલા.

૧૯૪૦થી તેઓ મહારાષ્ટ્ર કૉંગ્રેસ સમિતિના સભ્ય છે, અને '૪૮, '૪૯ ને '૫૦માં એમણે તેના મંત્રી તરીકેની સફળ કામગીરી બજાવેલી. ૧૯૪૬માં તેઓ 'મુંબાઈ વિધાન પરિષદ'માં ચૂંટાઈ આવેલા, અને એ જ વર્ષે પાર્લમેન્ટરી મંત્રી નિમાએલા. પાર્લમેન્ટરી મંત્રી તરીકે ગૃહ-રક્ષકો (હોમ-ગાર્ડ્ઝ) ઊભા કરવામાં તેમનો ફાળો નોંધપાત્ર હતો.

૧૯૫૨ની ચૂંટણી પછી તેઓ નાગરિક સામગ્રી માટેના પ્રધાન નિમાયા હતા ને પ્રધાનમંડળના ત્યારે તેઓ સૌથી નાના સભ્ય હતા. નાગરિક સામગ્રી માટેના પ્રધાન તરીકે તેમની નીતિ 'સંભાળી-સુધારીને કામ લેવાની' હતી. ત્યારે સમગ્ર સરકારી તંત્ર વિરુદ્ધમાં હોવા છતાં ક્રમશઃ અંકુશ-નાબૂદી આણવામાં તેઓ સફળ થયા હતા. નાગરિક સામગ્રી ખાતું બંધ થયા પછી તેઓ સ્થાનિક સ્વશાસન અને જંગલ-ખાતાના પ્રધાન નિમાએલા. જંગલ-ખાતાના પ્રધાન તરીકે તેમણે ઉત્તર કાનડા જિલ્લાના લોકોને જંગલ-નિયમો સંબંધમાં શક્ય એટલી વધુ છૂટછાટો આપેલી અને રાજ્યના બધા જિલ્લાઓમાં જંગલ-વહીવટ અંગેની ફરિયાદો દૂર કરેલી. સ્થાનિક સ્વશાસનના પ્રધાન તરીકે ગ્રામપંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓનો વહીવટ ઉચ્ચ ધોરણ પર લાવવાને તેઓ સદા પ્રયત્નશીલ રહ્યા છે. 'ગામડેગામડે ગ્રામપંચાયત' એ તેમનો આદર્શ છે. તેમના તંત્ર દરમ્યાન તેમના સજાગ પ્રયત્નોના શુભ પરિણામરૂપે ગ્રામપંચાયતોને જમીનમહેસૂલના ૩૦ ટકા મળવા માંડેલા. તેઓ સામુદાયિક યોજનાઓ પણ સંભાળતા. તેઓ માને છે કે 'સામુદાયિક વિકાસયોજના એ જીવન જીવવાનો નવો માર્ગ છે.'

રાજકીય ક્ષેત્ર ઉપરાંત સમાજસેવા, પત્રકારત્વ, કેળવણી આદિ ક્ષેત્રોમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે. પોતાની જીવન-કારકિર્દીના પ્રારંભના દિવસોમાં સતારાથી 'લોકક્રાન્તિ' નામનું મરાઠી સાપ્તાહિક અને ૧૯૪૮માં કેટલાક મિત્રો સાથે મળીને 'પ્રકાશ' નામે દૈનિક તેમણે શરૂ કર્યું હતું. જે કામ હાથમાં લીધું તેમાં પોતાને પ્રતીત થએલા સત્યનો તેઓ ચુસ્ત ને દૃઢપણે અમલ કરે છે. તેમના જેવા કુશળ, બાહોશ ને નિષ્ઠાવાન કાર્યકર્તાના હાથમાં મુંબાઈ રાજ્યનું સુકાન સુરક્ષિત છે.

ઇતિહાસ-પુરાતત્ત્વના વિદ્વાન: સ્વ. ડૉ. પી. સી. બાગચી

આ અંકમાંના સહસ્ર બુદ્ધની ગુફાઓના લેખમાં જેમનો ઉલ્લેખ (ભૂલથી પ્રફુલ્લચંદ્ર બાગચી તરીકે) થયો છે તે, ભારત ચીન અને અગ્નિ-એશિયાના બૌદ્ધધર્મી દેશોનાં ઇતિહાસ તેમજ પુરાતત્ત્વના આંતરરાષ્ટ્ર-ખ્યાત પ્રખર વિદ્વાન ડૉ. પ્રબોધચંદ્ર બાગચીનું ગઈ ૧૯મી જાન્યુઆરીએ અવસાન થતાં તે ક્ષેત્રે ન પૂરી શકાય એવી ખોટ પડી છે. ઇતિહાસ-પુરાતત્ત્વના તલસ્પર્શી અભ્યાસ ઉપરાંત એક કુશળ કેળવણીકાર અને કાર્યદક્ષ વહીવટકર્તા તરીકેની સદ્ગતની શક્તિ પણ ઘણી હતી. કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે સ્થાપેલી 'વિશ્વભારતી' સંસ્થાને તેમણે પોતાની સાધના ને સેવાનું મુખ્ય કેન્દ્ર બનાવેલું. વિશ્વભારતી યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર, તેના સંશોધન વિભાગના ડાયરેક્ટર અને



ડૉ. પ્રબોધચંદ્ર બાગચી (સ્કેચ: યજ્ઞેશ્વર શુક્લ)

વિદ્યાભવનના આચાર્ય તરીકેની ત્રિવિધ જવાબદારીઓભરી ભરચક કામગીરી તેમણે સફળતાપૂર્વક બજાવેલી.

હાલના પૂર્વ પાકિસ્તાનના જેસોર જિલ્લાના શ્રીકોલ ગામડામાં ઈ. ૧૮૯૮ની ૧૮મી નવેમ્બરે તેમનો જન્મ થયો હતો. શરૂનું શિક્ષણ પોતાના ગામડાની શાળામાં લઈ, તેઓ કૃષ્ણનગર કૉલેજમાંથી બી.એ. થયા અને ઇ. ૧૯૨૦માં 'પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ'ના 'ધાર્મિક ઇતિહાસ' વિષયમાં એમ.એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી કલકત્તા યુનિવર્સિટીમાં લેક્ચરર નિમાયા. ઈ. ૧૯૨૧માં તેઓ શાંતિનિકેતનમાં આવ્યા અને સિલ્વેં લેવીના હાથ નીચે ઇતિહાસ-પુરાતત્ત્વનો ઊંડો અભ્યાસ શરૂ કર્યો. અહીંથી તેમની તેજસ્વી કારકિર્દી આરંભાઈ, જેમાં છેલ્લે તેઓ વિશ્વભારતી યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર અને ચીન ગએલા હિંદી સાંસ્કૃતિક મંડળના સભ્ય હતા.

મુખ્યત્વે ઇતિહાસ-પુરાતત્ત્વના વિષયો પર લખાએલા તેમના અભ્યાસપૂર્ણ ગ્રંથોની સંખ્યા ૨૧ની થવા જાય છે, જેમાં ચાર ફ્રેન્ચ, પાંચ બંગાળી અને બાકીના અંગ્રેજી છે. ઉપરાંત અનેક પરિષદો તથા પત્રો વગેરેમાં તેમણે આપેલાં ભાષણો-લેખોનો ફાળો વિપુલ ને મૂલ્યવાન છે. 'વિશ્વભારતી'નો સર્વાંગી વિકાસ થાય એ તેમના જીવનની મહત્ત્વાકાંક્ષા હતી, અને તેને સિદ્ધ કરવા તેઓ દિવસ-રાત અશ્રાન્ત પ્રયત્નશીલ રહેતા. ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યે તેમની સહાનુભૂતિ અપાર હતી. પોતાના ટૂંકા ને સાદા દરમાયામાંથી પણ તેઓ દર મહિને સારી એવી રકમ ગરીબ અને યોગ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિરૂપે આપતા.

તેમના અવસાનથી આંતરરાષ્ટ્રીય વિદ્યાજગત અને દેશને ઇતિહાસ-પુરાતત્ત્વને ક્ષેત્રે પડેલી ખોટ હાલ તુરત પુરાવી અશક્ય છે; પરંતુ વિશ્વભારતી સંસ્થાને તો આ ખોટ સદા ય સાલશે.

બૌદ્ધ ચૈત્યો અને વિહારો

ભગવાન ગૌતમ બુદ્ધે સ્થાપેલો બૌદ્ધ ધર્મ એ ભારતનું એક મહાન સાંસ્કારિક બળ હતું, જે કાળાન્તરે સારા યે જગતમાં પ્રસર્યું હતું.

ભગવાન બુદ્ધ : અભયમુદ્રામાં ધાતુમૂર્તિ→
બંગાળના સુલતાનગંજમાંથી મળેલી ભગવાન બુદ્ધની પાંચમી સદીની આ ધાતુપ્રતિમા હિંદની ગુપ્તકાલની કલાપ્રતિભા દાખવતું મોંઘું રત્ન છે. 'આધ્યાત્મિક આનંદથી મુકુલિત, કારુણ્યાવતાર શાંત મુખમુદ્રા દાખવતી આવી ધ્યાનસ્થ મૂર્તિનું કલાવિધાન એ ગુપ્ત સમયના નવસર્જન કાળની એક અણમોલ દેણગી છે. પાછળથી તે સમસ્ત એશિયાઈ મહાદ્વીપની શ્રેષ્ઠ કલાકૃતિ બની ગઈ ને એનો પ્રભાવ નેપાળ, તિબેટ, મધ્ય એશિયા, ચીન, જાપાન, કોરિયા, કંબોજ, જાવા, સુમાત્રા આદિ દેશોમાં ફેલાએલી કલા ઉપર પડયો. એ બધા દેશોમાંથી આ પ્રકારની મૂર્તિઓ મળી આવે છે. આ મૂર્તિ આજે ઇંગ્લંડમાં બર્મિંગહામના મ્યૂઝિયમમાં છે.

↓ વજ્રસત્વ અને પ્રજ્ઞાપારમિતા
દેશવિદેશની વિવિધ બુદ્ધમૂર્તિઓ પાછળ, ઉત્તરોત્તર વિકસતા ગએલા બૌદ્ધ સંપ્રદાયોના તત્ત્વવિચારો રહેલા છે. જગની સર્વ માયાઓની પાર, ઊર્ધ્વતમ ચેતના પ્રાપ્ત કરેલા ભગવાન બુદ્ધની એ નિર્વાણદશા કોઇ પણ પરિસ્થિતિથી અફર ને અવિનાશ વજ્રસમ ગણીને તે માટે વજ્રનું પ્રતીક ચિતવાયું, જેને કોઇ તોડીફોડી કે ગાળી તો શું પણ ઊઝરડો સરખો ન પાડી શકે. તે પરથી બુદ્ધની કેટલીક વજ્રધર મૂર્તિઓનું નિર્માણ થયું, જેની પૂજા વજ્રયન બૌદ્ધ સંપ્રદાય કરે છે. એ જ કલ્પનાનો પછી આગળ વિકાસ થઈને 'શિવ અને તેની શક્તિ'ની માફક તિબેટમાં 'વજ્રસત્વ અને તેની પ્રજ્ઞાપારમિતા'ની યુગલમૂર્તિનું નિર્માણ થયું, જે આ નીચે તથા પાછળ મોટા સ્વરૂપે આપી છે. તિબેટમાં તેને 'યબ યુમ' કહે છે. જગર્જ્જનની પદ્માના ઉદ્‌ભવસ્થાન કમળ ઉપર આસનસ્થ એ યુગલમૂર્તિની રચનામાં વજ્રસત્વ અને તેની શક્તિના એક બાહુમાં મળી જતા પરમ આશ્લેષની દશામાં તેમનું અદ્વૈત દાખવવામાં આવ્યું છે. એના નિદર્શનમાં સંયોજનકલાની ઉત્કૃષ્ટતા ઉપરાંત અંગની ભંગી, મુદ્રાઓ, પ્રતીકો વગેરેની વિગતોમાં પણ કલાકારે વિલસાવેલું લાલિત્ય મુગ્ધકર છે.








વજ્રસત્ત્વ અને પ્રજ્ઞાપારમિતા : આદિ બુદ્ધ અને તેની શક્તિ
(તિબેટની અઢારમી સદીની એક સુંદર ધાતુમૂર્તિ : સમજૂતી માટે પાછળ વાંચો)




ભારતમાં થએલા આ ધાર્મિક પરિવર્તનની અસર કલા ઉપર પણ થઈ અને બૌદ્ધ ધર્મ જ્યાંજ્યાં ગયો ત્યાંત્યાં પોતાના ઉપદેશો, માન્યતાઓ અને આચારોને સ્થાપત્ય તથા શિલ્પનાં સ્વરૂપો અને સંકેતો દ્વારા તેણે રજૂ કર્યાં. પ્રારંભિક બૌદ્ધ ધર્મ જે સામાન્ય રીતે 'હીનયાન' તરીકે ઓળખાય છે તેમાં મૂર્તિપૂજાની મના હતી, પણ બુદ્ધ અને તેમના શિષ્યોના પવિત્ર અવશેષોની પૂજા મંજૂર હતી. એવા અવશેષો ઉપર ચણેલાં સ્થાપત્યો તે 'સ્તૂપ'. બુદ્ધ પૂર્વેના ભારતમાં પણ સ્તૂપ તો હતા, પણ બૌદ્ધ સંઘે સ્થાપત્યકલાના આ પ્રકારને ઘણો વ્યાપક બનાવ્યો, અને ભારતના સર્વ પ્રદેશોમાં વૈવિધ્યપૂર્ણ શિલ્પકલાથી સુશોભિત નાનામોટા સ્તૂપો રચાયા. તેના અવશેષો આજ સુધી મળે છે.

એ સ્તૂપોની આસપાસ ચૈત્યો (પ્રાર્થનામંદિરો) ને વિહારો (મઠો) ઉદ્‌ભવ્યા. આ સ્તૂપો, ચૈત્યો અને વિહારોનું નિર્માણ ઈંટો ને પથ્થરથી થયું, તે સાથે પહાડોમાં કોરેલાં ગુફામંદિરો દ્વારા પણ થયું. આ ગુફા-સ્થાપત્યના બે સ્પષ્ટ વિભાગો પડી જાય છે. પહેલું હીનયાન યુગનું (ઈ. સ. પૂર્વે ત્રીજી સદીથી શરૂ થઈ ઇસવી સનની બીજી સદી સુધી લગભગ ચારસો વર્ષ લગીનું) સ્થાપત્ય, અને પાંચમી સદી આસપાસથી સર્જાવા માંડેલું સૌથી સમૃદ્ધ, બલવાન ને વૈવિધ્યપૂર્ણ મહાયાન યુગનું સ્થાપત્ય, જેનો સૌથી જાણીતો નમૂનો તે અજંતાની જગપ્રસિદ્ધ ગુફાઓ છે.

હીનયાન સંપ્રદાયનાં ગુફામંદિરો મુખ્યત્વે પશ્ચિમભારતમાં આવેલાં છે, જેમાં સૌરાષ્ટ્રનાં ઢાંક, તળાજા ને જૂનાગઢથી માંડી દક્ષિણમાં મુંબાઈની આસપાસ કાર્લા, કનેરી, ભાજા તથા નાસિક સુધીની ગુફાઓ ગણાવી શકાય. આ ગુફામંદિરો(જેમને મઠ નામ પણ આપી શકાય)ના બે સ્પષ્ટ વિભાગ હોય છે: એક ચૈત્ય; અને બીજો વિહારચૈત્ય એટલેકે પ્રાર્થના કે ઉપાસના કરવાનું સ્થાન. આ ઉપાસના સમૂહમાં કરવાની હોઇ, ચૈત્ય એ એક વિશાળ લાંબો ખંડ હોય છે, જેને સામે છેડે એક સ્તૂપ હોય છે. આ સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો મૂકીને ગોળાકારે બાંધેલી સમાધિ. એની આસપાસ પ્રદક્ષિણા માટેની જગ્યા હોય છે ને ત્યાંથી ચૈત્યમંડપના બારણા સુધી બંને બાજુ થાંભલાની હાર હોય છે. આવા ચૈત્યમંડપોમાં કાર્લાની ગુફાનો મંડપ જાણીતો છે (જુઓ ઉપરનું ચિત્ર). જે મૂળમાંથી 'ચિતા' શબ્દ વ્યુત્પન્ન થયો છે એમાંથી જ 'ચૈત્ય' પણ આવેલો છે, અને એ રીતે નિર્વાણ પામેલી પૂજ્ય વ્યક્તિના અવશેષો સાથેનો તેનો સંબંધ સ્પષ્ટ થાય છે. ચૈત્યની ઊંચાઈ વિશેષ હોય છે અને તેનું પ્રવેશદ્વાર શિલ્પનાં અલંકરણોથી ખચિત અને ભવ્ય હોય છે. દ્વારની ઉપર ઘોડાની નાળના આકારની બારી હોય છે, જે બોધિવૃક્ષ—પીપળાના પાનની આકૃતિ ઉપરથી લેવાઇ છે. તેમાંથી ચૈત્યમંડપમાં પૂરતો પ્રકાશ મળે છે, પણ સૂર્યનો તાપ અંદર જઇ શકતો નથી.



સાંચીના આજના સ્તૂપ જેવો જ વિરાટ ને કલાસમૃદ્ધ સ્તૂપ દક્ષિણ હિંદમાં અમરાવતીમાં હતો. તેના અવશેષો પરથી કરેલું આ કલ્પનચિત્ર એની જાહોજલાલીના સ્વરૂપનો ખયાલ આપે છે. સ્તૂપની રચના સમજવા માટે જુઓ સાંચીસ્તૂપના નકશા આ અંકમાં છેલ્લે પાને.




ભારતના વિવિધ સ્તૂપો તથા તે પરથી રચાએલાં વિદેશોનાં મંદિર-શિખરોનું આ આલેખન મુંબાઇના ડી. બી. તારાપોરવાલા પ્રકાશિત 'ઇંડિયન આર્કીટેક્ચર'માંથી સાભાર ઉતાર્યું છે.

ગુફાઓનો બીજો વિભાગ વિહાર એટલે ભિક્ષુઓનું નિવાસસ્થાન, જેમાં વચ્ચે એક વિશાળ ચોરસ ખંડ હોય છે અને તેને એક મુખ્ય દ્વાર હોય છે તથા મધ્યસ્થ ખંડની ચોમેર નાનાનાના ચોરસ કે લંબચોરસ ખંડોનાં બારણાં પડે છે. એ ખંડો તે ભિક્ષુઓનાં નિવાસસ્થાનો. આ વિહારો બને ત્યાં સુધી ચૈત્યની નજદીક હોય છે.

(આકાશવાણીના સૌજન્યથી 'જન્મભૂમિ'માં) –ભોગીલાલ સાંડેસરા



બુદ્ધ મૂર્તિઓમાં હાથની વિવિધ મુદ્રાઓ : મથાળે–અભયમુદ્રા તથા ધ્યાનમુદ્રા; નીચે–ભૂમિસ્પર્શમુદ્રા તથા ધર્મચક્રમુદ્રા કે પ્રવચનમુદ્રા



બૌદ્ધ સાધુ ભિક્ષુ કાપલવદ્ધા તથા બૌદ્ધ ભિક્ષુ રાખી શકે તે માત્ર આઠ વસ્તુઓ : ત્રણ ચીવર (ઝભ્ભા), એક ભિક્ષાપાત્ર, પાણી ગાળવાનું એક સાધન, અસ્ત્રો, ચાખડીઓ અને સોયદોરા.

સુભાષિત

· અનુષ્ટુપ ·

अनुपवादो अनुपघातो पातिमोक्खं च संवरो।
मत्तयुं ता च भत्तस्मिं पतन्च सपनासनं।
अधिचित्ते च आयोगे एतं बुद्धान सासनं॥

(અનુવાદ)

નિંદા-હિંસા તણો ત્યાગ, આચારે આત્મસંયમ,
રાખવો મિત આહાર, એકાન્તે વસવું, અને
ચિત્તને યોગમાં પ્રોવું આ બૌદ્ધ અનુશાસન.

[વિવરણ: માનવીને સૌથી વધુ આત્મલક્ષી કર્યો બૌદ્ધ મતે. વિશ્વનાં સુખદુ:ખને કેન્દ્રસ્થાને માનવી જ છે, અને બહારની બીજી કોઇ દૈવી કે આસુરી શક્તિ નહિ—એ વાતનું ભગવાન બુદ્ધે પ્રતિપાદન કર્યું, અને માનવદુ:ખની મુક્તિની રૂપરેખાને યથાર્થ નિશ્ચિત સ્વરૂપ આપ્યું. આમ તેમણે કરેલું આત્મોદ્ધારને આત્મશાંતિનું માર્ગદર્શન અત્યંત સ્પષ્ટ અને સુગ્રાહ્ય છે. જાત પ્રત્યે સંયમ અને જગત પ્રત્યે કરુણા એ બે એમનાં પ્રવચનોમાં કેન્દ્રમાં રહ્યાં છે, અને તેને સ્પષ્ટ તથા સુશ્લિષ્ટ ભાષામાં ધમ્મપદનું આ સુભાષિત બહુ જ વિશદતા તથા લાઘવથી રજૂ કરે છે.]

શેરડી

શેરડી તો સૌ પ્રાંતમાં થાય છે અને તેની જાતો પણ અનેક છે. પ્રાંતેપ્રાંતનાં ભૂમિ, વાયુ, જળ અને ખેતીના ભેદને કારણે તે જુદી પડે છે.

શેરડી રસ અને વિપાકમાં મધુર, શીતવીર્ય, ગુરુ, સ્નિગ્ધ, બલ્ય, કામોત્તેજક, મૂત્રલ, રક્તપિત્ત-શામક, અને કફ તથા કૃમિની વૃદ્ધિ કરનાર છે. વૈદ્યોએ શેરડીને જીવનીય (જીવનતત્ત્વ વધારનારી), સારક (દસ્ત સાફ લાવનારી), તૃપ્તિકારક (ભૂખ લાગી હોય તેમાં તૃપ્તિ થઈ જાય તેવી), મનને પ્રસન્નતા ઉત્પન્ન કરનારી, તેજવર્ધક (એટલે ચામડીની તેજસ્વિતા વધારનાર) તથા વાતજિત કહી છે. સારી રીતે ગળપણવાળી શેરડી સારો ગુણ કરે છે. ખારા રસવાળી શેરડી કાંઈક ઉષ્ણ અને પચવામાં હલકી હોય છે. કાચી શેરડી ખાવી એ કફ વધારનાર તથા મેદ રોગ અને પ્રમેહ કરનાર ગણાવી છે.

શેરડીને દાંતે ચૂસીને ખાવી શ્રેષ્ઠ. આ રીતે શેરડી ચૂસવાથી પિત્તનું શમન થાય છે, લોહીબગાડને તે મટાડે છે. રક્તપિત્તનો નાશ કરે છે, શરીરની શક્તિને વધારે છે તથા બળતરા અને દાહને મટાડે છે. યંત્રથી પીલીને કાઢેલો રસ બીજે નંબરે ગણાય.

શેરડીનો રસ મૂત્ર વધારે છે અને મૂત્રનું શોધન કરે છે. વળી શરીરના કોઈપણ અંગમાંથી રક્તપિત્તને કારણે પડતું લોહી તે બંધ કરે છે. પાંડુરોગી સવારમાં શેરડી શેકીને રસ ચૂસે તો તેને લાભ થાય છે.

કમળા ઉપર રાત્રે શેરડીને ચાંદનીમાં રહેવા દઇ સવારમાં દાતણ કરી એક સાંઠાના મધ્ય ભાગની શેરડી રોજ ચૂસવા આપવી.

શેરડીનો રસ નાકમાં દસ દસ ટીપાં નાંખી સૂંઘાડવાથી હેડકી બંધ થાય છે. તાજા શેરડીના રસનો તાવડો થતો હોય ત્યાં ઊકળતાંની સાથે જઈ ૨॥ તોલા ગરમ ગોળ-રસમાં અરધો તોલો ઘી મેળવી પી જવાથી અને કાળા તલને દૂધમાં વાટી જે તરફ દુખતું હોય ત્યાં લેપ કરવાથી આધાશીશી મટે છે. કફ અને મધુમેહના દરદીએ શેરડી ખાવી નહિ.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ



બુદ્ધમૂર્તિના નિર્માણ પહેલાં તેમનાં જે પ્રતીકોની પૂજા થતી તે પૈકી એક બુદ્ધ-પાદ (પગલાં) પણ હતાં, અને તેમાં વિવિધ શોભનરૂપો શિલ્પમાં કોતરાતાં, જેમાં બત્રીસલક્ષણા મહાપુરુષના પગમાં અંકિત હોવાનું મનાતાં લક્ષણો પણ આલેખાતાં. અમરાવતીમાંથી મળેલા ઉપલા સુશોભનશિલ્પમાં સ્વસ્તિક, ત્રિશૂલ, ચક્ર આદિ એવાં ચિહ્નો જણાશે.



મદ્રાસના નેલોર જિલ્લામાં અમરાવતી મુકામેથી નીકળેલું આરસનું દસુંર ભાસ્કર્ય બૌદ્ધ સ્તૂપની પૂજા કરતા નાગાલોકનું નિદર્શક છે.

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૨ ભારતના સમર્થ અને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક ડૉ. મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩.
તા. ૭ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહ 'ઝફર'નું રંગૂનમાં કેદી અવસ્થામાં અવસાન, ૧૮૬૨.
તા. ૧૨ 'હિંદ-સ્વરાજ'ની વાટાઘાટો માટે પાંચમા જ્યૉર્જે પહેલી ગોળમેજ ખુલ્લી મૂકી, ૧૯૩૦.
તા. ૧૫ બુનિયાદી શિક્ષણની ગુજરાતની પ્રમુખ સંસ્થા ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.
તા. ૧૭ આજ દુનિયાભરના લક્ષસ્થાન સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું, ૧૮૬૯.
તા. ૨૪ ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાન્તિ વિષેનો સિદ્ધાંત જગત સમક્ષ મૂક્યો. ૧૮૫૯.
તા. ૨૯ રાજા રામમોહનરાયે ડેવિડ હેર સાથે મળીને પ્રથમ હિંદુ કૉલેજ સ્થાપી, ૧૮૧૬.

વ્યક્તિવિશેષ: સમ્રાટ અશોક

મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચન્દ્રગુપ્ત મૌર્યના પુત્ર બિંદુસારની ચંપાનગરીથી આવેલી



પત્નીની કૂખે અશોકનો જન્મ લગભગ ઈ. પૂ. ૩૦૦માં થયો હતો. તેના રાજ્યારોહણની સંભવિત તારીખ ઈ.પૂ.૨૭૩ છે, તે બાદ ચાર વર્ષે તેનો રાજ્યાભિષેક થયો. પોતાને વારસામાં મળેલું લગભગ આખા હિંદનું રાજ્ય શરૂશરૂમાં સરમુખત્યારપણે ચલાવતા અશોકના શોખ હતા: શિકાર, સંગ્રામ અને સુખો. રાજ્ય મળ્યાને નવમે વરસે તેણે કલિંગ (હાલના ઓરિસ્સા) પર કરેલી ચડાઈમાં તે વિજયી નીવડયો, પરંતુ તેમાં ૧ લાખ યોદ્ધાઓનાં મરણ ને ૧॥ લાખની કેદની થએલી ભીષણ ખુવારીની અસર તેના હૃદય પર એટલી તીવ્ર થઈ કે તેણે બૌદ્ધ ધર્મ (થેરવાદી સંપ્રદાય)નો અંગીકાર કર્યો. તે પછી બે વર્ષે બૌદ્ધ સંઘનો તે સભ્ય બન્યો અને તે પછી બે વર્ષે 'સંબોધિ'-ના અષ્ટમાર્ગોને અપનાવ્યા. હવે તેનું રાજ્ય એ દુનિયાભરમાં આદર્શ ધર્મરાજ્ય બન્યું.

અભિષેકને અઢારમે વર્ષે તેણે બૌદ્ધ સંઘની ત્રીજી 'સંગીતિ' (પરિષદ) પોતાના ધર્મગુરુ બૌદ્ધ સાધુ ઉપગુપ્તના નેતૃત્વ હેઠળ બોલાવી. બૌદ્ધ સિદ્ધાન્તોના પ્રચાર તેણે દક્ષિણ હિંદનાં ચોળ અને પાંડય રાજ્યો, લંકા, નેપાળ, કાશ્મીર, સિરિયા, ઇજિપ્ત અને ઘણું કરીને મૅસેડોનિયા તથા એપીરસ સુધી બૌદ્ધ સાધુઓને પાઠવીને કરાવ્યો. લોકસુખાકારી માટે તેણે રાજ્યમાં સર્વ સ્થળે માર્ગો પર વૃક્ષો રોપાવ્યાં, કૂવાઓ ખોદાવ્યા, ધર્મશાળાઓ બંધાવી અને મનુષ્યો ઉપરાંત પશુઓ માટે પણ દવાખાનાં સ્થાપ્યાં. ભારતમાં ઠેરઠેર તેણે કલાત્મક સ્તૂપો, સ્તંભો અને શિલાલેખોમાં ધર્મ, નીતિ તથા પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને સમભાવનો ઉમદા બોધ કોતરાવ્યો. તેમાં આજ સુધી મળેલા મુખ્ય શિલાલેખો ૧૪ ને સ્તંભાલેખો ૭ છે. તેણે સારનાથમાં કોતરાવેલા સિંહસ્તંભ પરના ધર્મચક્રને આપણી સરકારે રાષ્ટ્રમુદ્રા તરીકે સ્વીકાર્યું છે. તેની ધર્મભાવનાનો ખયાલ ઉદાર ને સમભાવી હતો.

તેના વિરાટ સામ્રાજ્યનો વિસ્તાર હિંદમાં ૧૩ અક્ષાંશથી માંડી ઉપર હિમાલય, નેપાળ, કાશ્મીર, સ્વાતનો ખીણ પ્રદેશ, અફઘાનિસ્તાન, હિંદુકુશ, સિંધ અને બલુચિસ્તાન સુધીનો હતો. તેની બીજી પત્ની કરુવકી, એક પુત્ર તીવર અને પૌત્ર દશરથનો શિલાલેખોમાં ઉલ્લેખ છે. તેનો ભાઈ મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા બૌદ્ધધર્મપ્રચારાર્થે લંકા ગએલાં.

દેવાનાં પ્રિય રાજર્ષિ પ્રિયદર્શી અશોકના અવસાનની સંભવિત તારીખ ઈ. પૂ. ૨૩૨ છે. તેની પછી મૌર્ય સામ્રાજ્યની પડતી થઈ.

પ્રસંગવિશેષ: ભગવાન બુદ્ધે ધર્મચક્રપ્રવર્તન કર્યું

મહાભિનિષ્ક્રમણ કરી જઈ અત્યંત દેહદમન કર્યા છતાં ગૌતમને સત્ય માર્ગ ન મળ્યો. અંતે **દેહદમન** છોડી **સ્વસ્થ** વિચારણા બાદ ૩૫ની વયે ગયામાં બોધિવૃક્ષ તળે વૈશાખી પૂર્ણિમાએ તેમને 'સંબોધિ'જ્ઞાન પ્રાપ્ત થયું, અને તેઓ 'બુદ્ધ' કહેવાયા. સાત અઠવાડિયાં તેઓ નિર્વાણ-આનંદમાં સંતૃપ્ત રહ્યા, બાદ સારનાથના મૃગદાવના વનમાં વસતા પોતાના પાંચ શિષ્યોને પરમ જ્ઞાનનો વિશ્વસમસ્તના ઉપદેશ-સાહિત્યમાં જ્વલંત સીમાચિહ્ન સમો પ્રથમ ઉપદેશ આપીને તેમણે ધર્મચક્રપ્રવર્તન કર્યું. આ પાંચ શિષ્યોનો સમૂહ તે સૌપહેલો બૌદ્ધ સંઘ.

સાહિત્યસંપર્ક

રાષ્ટ્રપ્રિય પં. જવાહરલાલ નેહરુ

પં. જવાહરલાલ નેહરુના ગુજરાતી ચરિત્ર સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો કરતો શ્રી અંબેલાલ જોશી કૃત આ ચરિત્રગ્રંથ બે ભાગોમાં વહેંચાએલો છે: જીવન (પૂર્વાર્ધ) અને વ્યક્તિત્વ (ઉત્તરાર્ધ). કુલ ૧૨૫૪ પૃષ્ઠોમાં વિસ્તરેલો આ દળદાર ચરિત્રગ્રંથ એ ગુજરાતી ભાષામાં પં. જવાહરલાલ નેહરુ વિષેની ઝીણીમોટી માહીતીઓ મેળવવા માટે, પં. નેહરુની પોતાની 'અનુભવકથા' જેવો જ બીજો આકરગ્રંથ કહી શકાય. માત્ર ભારતના જ લોકલાડીલા નહિ પરંતુ વિશ્વભરના એક સંમાન્ય નેતાનાં વિશિષ્ટ ને વિવિધરંગી વ્યક્તિત્વનું સર્વાંગી ફલકેથી એમાં ચરિત્રકારે આલેખન કર્યું છે. નવેમ્બરમાં આવતી એમની જન્મતિથિને નિમિત્તે ખરીદવા યા ભેટ આપવા યોગ્ય આ ગ્રંથના પ્રકાશક: ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨. કિ.; બંને ભાગના રૂા. ૩૦.

ભગવાન બુદ્ધ: ભગવાન બુદ્ધના જીવનમાંથી થોડાક અતિ જાણીતા પ્રસંગો લઈ તેના પાયા ઉપર ભગવાન બુદ્ધના જીવનની કેટલીક સચિત્ર માહિતી, લેખક: 'સ્નેહરશ્મિ', પ્રકાશક: બી. એસ. શાહની કંપની, ૧૧૮૩ પાનકોર નાકા, અમદાવાદ, ૦-૮-૦; **જાતક વાર્તાઓ:** બૌદ્ધ સાહિત્યમાંથી ચૂંટેલી કેટલીક રોચક સચિત્ર કહાણીઓ, મૂળ પાલિ પરથી ગુજરાતીમાં ઉતારનાર, શ્રી હરિવલ્લભ ચુ. ભાયાણી, ૧-૮-૦; **બુદ્ધચરિત:** સંસ્કૃત સાહિત્યકાર અશ્વઘોષની મૂળ કૃતિ પરથી શ્રી વાસુદેવશરણ અગ્રવાલે હિંદી ભાષામાં લખેલા કથાસારનો શ્રી કનુભાઈ વોરાએ કરેલો અનુવાદ, 'સંસ્કૃતસાહિત્યમાળા' પ્રકાશન શ્રેણીનો ૨૦મો મણકો, ૦-૬-૦; બંનેના પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨: **ભગવાન બુદ્ધ:** નાનાંમોટાં અને ઓછું ભણેલાં સૌ સરળતાથી વાંચી શકે એવું શ્રી દિનુભાઇ જોષીએ લખેલું ભગવાન બુદ્ધનું માહિતીસભર સચિત્ર જીવનચરિત્ર, પ્રકાશક: શ્રી સુરેન્દ્ર બ. ઠાકોર, પ્રજાબંધુ પ્રેસ, ગુજરાત સમાચાર ભવન, અમદાવાદ, ૧-૦-૦.

પ્રકીર્ણ


શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ (પુસ્તક બીજું): શ્રી મ. લિખિત બંગાળી 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ના પાંચ ભાગો પૈકીના ત્રણ 'શ્રી

જીત્યે વધતું વેર હાર્યાને નિદ્રા નહિ,
સદાય એને હે'ર (જે) હારે કે જીતે નહિ.
—(ધમ્મપદ)


છપ્પન વર્ષની ઉમરે ભગવાન બુદ્ધે પોતાનો પરિચારક નીમવાનું ઇચ્છયું. સારિપુત્ર, મહા-મોગ્ગલાન વગેરે જેવા અનેક પ્રિય શિષ્યે એ એ પદ માટે કરેલી વિનતિ પણ ભગવાને નકારી ત્યારે દૂર શાન્ત ઊભેલા આનંદને કોઇએ કહ્યું, 'ભગવાનના ઉપસ્થાનનો અધિકાર તું તો માગી લે.' તેને આનંદે ઉત્તર દીધો 'માગ્યે મળે એનો અર્થ શો? ભગવાન મને જુએ છે જ. તેમને ઉચિત લાગશે તો મને આપશે.' અને જ્યારે ભગવાને આનંદને જ પસંદ કર્યો ત્યારે તેણે કહ્યું, 'મારી ચાર વિનતિ છે: આપનું ઉત્તમ ચીવર મને ન આપવું, ભિક્ષા ન આપવી, એક ગંધ કુટિરમાં નિવાસ ન આપવો અને આપનાં નિમંત્રણોમાં મને સાથે ન લઈ જવો; નહિતર કોઈ માનશે કે હું લાભની લાલચે આપનો પરિચારક થયો છું.' ભગવાને આ શરતો સ્વીકારીને કહ્યું 'આનંદ સેવા માટે સહજ અધિકારી બને છે.'

અનેકાર્થી શબ્દ: **ટીપ**=ગ્રંથમાં કોઈ શબ્દ કે વાક્ય વિષેની સૂચના; ટીકા, સંક્ષિપ્ત વિવેચન; સ્મરણ માટે ટૂંકામાં રાખેલી નોંધ; ટાંચણ; પૈસાનો ફાળો; હૂંડી કે ચેક; ગુનેગારને કરાતી કેદની સજા; ટૂંકી જન્મપત્રી, કુંડલી; દબાવવાની ક્રિયા; દસ્તાવેજ; પાણીની તંગી; રમતમાં હરાવવું તે; વાદ્યનો એક તાર.

કહેવતોના અર્થ: 'ઉપર વાઘા ને માંહે નાગા.'—વગર પૈસે ડોળ કરનારાઓ માટે વપરાતી આ કહેવતને મળતી તો ઘણી કહેવતો છે: 'ભરમ ભારી ને ખિસ્સાં ખાલી'; 'ઠાલો ચણો વાગે ઘણો'; 'ઊંચી દુકાન ને ફિક્કાં પકવાન'; 'ઢમઢોલ ને માંહે પોલ' વગેરે.




સાંચીના સ્તૂપની રચના સમજાવતા નકશા. મથાળે: 'એલીવેશનપ્લાન'=ઉત્સેધ-વિન્યાસ (સામેનું દૃશ્ય) ને નીચે: 'ગ્રાઉન્ડ પ્લાન'=પાદ-વિન્યાસ (ભોંતળનો નકશો). સમજૂતી આપતા અંકોના અર્થ: ૧ ચાર દિશાનાં ચાર તોરણ; ૨ ચોમેર ફરતી વેદિકા યા કઠેરો; ૩ પ્રદક્ષિણાપથ; ૪ પાયો; ૫ મેઢી–પ્રદક્ષિણાપથ પરની અગાસી; ૬ ઘુમ્મટ; ૭ ઘુમ્મટ પરની અગાશી; ૮ હર્મિકા જેમાં બુદ્ધના અવશેષો ધરાવતું પાત્ર હોય ને જેના મથાળાના પથ્થરમાં છત્રનો દાંડો ખોસવામાં આવે; ૯ બૌદ્ધ ધર્માનુસાર જીવનવૃક્ષની સંજ્ઞારૂપ છત્ર; ૧૦ પૂજાસ્થાન માટેના ચાર સ્તૂપ; ૧૧ પ્રદક્ષિણામાર્ગે ઉપર જવા માટેની સીડી.



સૂર્ય પરના ડાઘાનું જ્ઞાન છેક પ્રાચીનકાળથી ખગોળશાસ્ત્રીઓને હતું, છતાં આજનું વિજ્ઞાન સુદ્ધાં તેનું રહસ્ય ઉકેલી શક્યું નથી. પૃથ્વી પર થતાં મહાયુદ્ધો, પ્લેગ જેવી મહામારીઓ અને બીજી આપત્તિઓના કારણ રૂપ પણ તે ગણાયા છે! આજ સુધીમાં મોટામાં મોટો ડાઘો સૂર્ય પર ઈ. ૧૯૪૭માં દેખાએલો, જેનું કદ પૃથ્વી કરતાં પચ્ચીસગણું હતું!



('ગુજરાત સમાચાર'માં 'ચન્દ્ર'નું કાર્ટૂન)




અમરત્વની ભાવના દર્શાવતાં વિવિધ પ્રજાઓનાં પ્રતીક: એમાં (૧) સ્વસ્તિક એ જગતનું પ્રતીક છે. કઈ પ્રજાએ તે શોધ્યુ એ હજી જણાયું નથી. આદિકાળથી તે ઊતર્યું આવ્યું છે. અખંડ આરોગ્ય ને કલ્યાણનું તે સૂચક છે. (૨) બાબિલોન ને આસીરિયાની સેમિટિક પ્રજાનું દીર્ઘાયુષ્ય તથા મંગલ સૂચક ચિહ્ન. (૩) આરોગ્ય ને અમર જીવનનું ચીની પ્રજાનું પ્રતીક. (૪) દીર્ઘજીવી કાચબો દીર્ઘ આયુષ્ય તથા કલ્યાણભાવના પ્રકટ કરતું ભારતીય ચિહ્ન છે, જે આપણાં શિલ્પમાં ઘણે ઠેકાણે નજરે પડે છે. (૫) એક વૃક્ષનું ફળ: ઈરાની પ્રજાનું અમરત્વસૂચક પ્રતીક. (૬) અનંત જીવનની મિસરની ભાવના મૂર્ત કરતું તમરું. (૨૫ વર્ષ પહેલાં)

જાણો છો?

પારીસમાં ભિખારીઓ માટે એક વર્તમાનપત્ર નીકળતું હતું. ૧૮૬૬ના ફેબ્રુઆરીમાં પૂર્ણ ચંદ્ર થએલો જ નહિ; તે જ સાલમાં જાન્યુઆરી માસમાં બે વાર પૂર્ણ ચન્દ્ર દેખાએલો. દુનિયાના કોઈ પણ દેશ કરતાં વધારે તલ ભારતમાં પાકે છે.

ચારેક ચમચા ઑક્ઝૅલિક અસિડ નાખેલું પાણી ડાઘાડૂઘીવાળા ઍલ્યુમિનિયમના વાસણમાં ગરમ કરવાથી વાસણના ડાઘ નાશ પામીને વાસણ ચોખ્ખું થઈ જશે.

જાગનારાની રાત લાંબી છે, થાકેલાના ગાઉ લાંબા છે, તે જ પ્રમાણે નહીં જાણનાર અજ્ઞાનીઓનો જીવનપંથ પણ લાંબો બને છે.



ભારતનો નવો નકશો

ગઈ ૧લી નવેમ્બરથી ભારતનાં રાજ્યોની જે પુનર્રચના અમલમાં આવી તેનો નવો નકશો બાજુમાં આપ્યો છે. રાજ્ય પુનર્રચના ધારા તથા બિહાર અને પશ્ચિમ બંગાળ (પ્રદેશ ફેરબદલી) ધારા અનુસાર આ રાજ્યોની સંખ્યા ૧૪ની રહેશે. આ રાજ્યોનાં નામ આ પ્રમાણે છે : આન્ધ્રપ્રદેશ, આસામ, બિહાર, મુંબાઈ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, મધ્યપ્રદેશ, મદ્રાસ, મ્હૈસૂર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ. આ ઉપરાંત કેન્દ્ર સરકારના સીધા વહીવટ તળે આ છ પ્રદેશો રહેશે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, લખદીવ અને અમીનદીવ ટાપુઓ, મણિપુર અને ત્રિપુરા. રાજપ્રમુખના હોદ્દાનું તેમજ 'અ', 'બ' અને 'ક' પ્રકારનાં રાજ્યો તરીકે રાજ્યોના વર્ગીકરણનું પણ હવે વિસર્જન થયું છે. નવાં રાજ્યોનાં ક્ષેત્રફળ તથા વસતિસંખ્યાના આંકડા નીચે મુજબ છે :

રાજ્ય	ક્ષેત્રફળ (ચોરસ માઈલ)	વસતિસંખ્યા (લાખમાં)
આન્ધ્રપ્રદેશ	૧,૧૦,૨૫૦	૩૨૨
આસામ	૮૪,૯૨૪	૯૦
બિહાર●	૬૭,૮૩૦	૩૮૯.૩
મુંબાઈ	૧,૮૮,૨૪૦	૪૭૮
જમ્મુ–કાશ્મીર	૯૨,૭૮૦	૪૪
કેરળ	૧૪,૯૮૦	૧૩૬
મધ્યપ્રદેશ	૧,૭૧,૨૦૦	૨૬૧
મદ્રાસ	૫૦,૧૭૦	૩૦૦
મ્હૈસૂર	૭૨,૭૩૦	૧૯૦
ઓરિસ્સા	૬૦,૧૪૦	૧૪૬
પંજાબ	૪૬,૬૧૬	૧૬૦
રાજસ્થાન	૧,૩૨,૩૦૦	૧૬૦
ઉત્તરપ્રદેશ	૧,૧૩,૪૧૦	૬૩૨
પશ્ચિમ બંગાળ●	૩૩,૨૭૯	૨૬૧.૬

●આમાં બિહાર અને પશ્ચિમ બંગાળ માટેના આંકડા અંદાજી છે.

ઉપરના આંકડા પરથી એ પણ જણાશે કે કચ્છ, સૌરાષ્ટ્ર, મરાઠાવાડા અને વિદર્ભના ઉમેરા સાથેનું મુંબાઈનું નવું રાજ્ય ક્ષેત્રફળમાં ભારતભરમાં પહેલું અને વસતિસંખ્યામાં બીજે નંબરે આવે છે.